MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શુક્રવાર । તા. ૩૧-૦૧-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 ફાયરિંગ કરનાર યુવકે દિલ્હી પોલીસ ઝિંદાબાદ,જામિયા મિલિયા મુર્દાબાદના નારા લગાવ્યા

5 અકસ્માતમાં શબાના આઝમીને બચાવવા ૨ કિમી દોડનાર જવાનને સન્માનિત કરાયો

8 વડોદરામાં ગેસની તીવ્ર દુર્ગંધથી લોકો પરેશાનઃ આંખ અને ગળામાં બળતરાની ફરિયાદો

12 નર્મદામાં માતા-બાળ મરણ મુદ્દે ભાજપ-કોંગ્રેસે આરોગ્ય વિભાગની કામગીરી પર માર્યા ચાબખા

આજે નાણામંત્રી સીતારમન આર્થિક સર્વેક્ષણ રજૂ કરશે

આજથી સંસદનું બજેટ સત્રઃ આવતીકાલે સામાન્ય બજેટ

સરકાર દરેક મુદ્દા પર ચર્ચા કરવા તૈયારઃ મોદી

સંસદનાં બજેટ સત્ર પહેલાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરૂવારે સર્વદળીય બેઠકમાં કહ્યુકે, સરકાર વિપક્ષનાં મંતવ્યો સાંભળવા અને તેના દરેક મુદ્દાઓ ઉપર ચર્ચા કરવા માટે તૈયાર છે. સંસદીય કાર્ય મંત્રી પ્રહલાદ જોશીએ સંવાદદાતાઓને આ જાણકારી આપી હતી. શુક્રવારથી સંસદનું બજેટ સત્ર શરૂ થઈ રહ્યુ છે. અને તેમાં વિપક્ષ નાગરિકતા સંશોધન કાયદા પર હંગામો કરી શકે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યુ, દેશની આર્થિક સ્થિતી ઉપર ચર્ચાનો પ્રસ્તાવ આવ્યો છે. હું તેનું સ્વાગત કરું છું, અને તમારા બધા દ્વારા પ્રસ્તાવિત દરેક આર્થિક મુદ્દાઓ ઉપર ચર્ચાની જરૂર છે. સરકાર દરેક મુદ્દાઓ ઉપર સાર્થક અને સમૃદ્ધ વિમર્શ ઈચ્છે છે. સંસદીય કાર્ય મંત્રી પ્રહ્લાદ જોશીએ સંવાદદાતાઓને કહ્યુ, પ્રધાનમંત્રી મોદીએ સર્વદળીય બેઠકમાં જણાવ્યુકે, સરકાર વિપક્ષનું મંતવ્ય સાંભળવા અને દરેક મુદ્દાઓ ઉપર ચર્ચા કરવા માટે તૈયાર છે.

આજે રાષ્ટ્રપતિ બંને ગૃહોની સંયુકત બેઠકને સંબોધન કરશે તે પછી રજુ થશે આર્થિક સર્વેક્ષણ,શનિવારે નાણાંમંત્રી દેશનું સામાન્ય બજેટ રજૂ કરી જનતાને લ્હાણી કરશે



ન્યુ દિલ્હી

આવતીકાલ ૩૧ જાન્યુઆરી શુક્રવારના રોજથી બજેટ સત્રનો પ્રારંભ થઇ રહ્યો છે. કેન્દ્રમાં મોદી સરકાર ૨.૦નું આ બીજુ બજેટ હશે. જે આખા વર્ષ માટેનું હશે. નાણામંત્રી નિર્મલા સિતારામન ૧ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧ વાગે નાણાકિય વર્ષ ૨૦૨૦-૨૧નું સામાન્ય બજેટ રજૂ કરશે. બજેટના દિવસે શનિવાર હોવા છતાં શેરબજાર તે દિવસે કામકાજ હાથ ધરશે. બજેટ દરખાસ્તોની શેરબજારમાં અસરો જોવા મળતી હોય છે.

દરમ્યાનમાં ગુરુવારે સરકારે બોલાવેલી સર્વપક્ષીય બેઠકમાં કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ડીએમકે, ડાબેરી પક્ષો વગેરેએ ભાગ લીધો હતો. આ બેઠકમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, સંસદીય કાર્યમંત્રી પ્રહલાદ જોશી જેવા વરિષ્ઠમંત્રીઓ પણ હાજર હતા.

આજે શુક્રવારના રોજ સંસદમાં દેશની આર્થિક બાબતો દર્શાવનાર દસ્તાવેજ આર્થિક સર્વે રજૂ કરાશે. સીએએ, એનપીઆર, એનઆરસી વગેરેના મામલે દિલ્હીના સાહિનબાગ સહિત અન્યત્ર થઈ રહેલા વિરોધને કારણે સંસદમાં પહેલા જ દિવસે કોંગ્રેસ અને અન્ય વિપક્ષો દ્વારા મોદી સરકારને


અનુસંધાન પાના નં. ૬

નાગરિકતા કાયદો-એનઆરસી, એનપીઆર વગેરેના મામલે સદનમાં ઉહાપોહ થવાની શક્યતા

૨૪ કલાકમાં કોરોના વાયરસને કારણે ૩૮ના મોત,નવા ૧૭૦૦ કેસ નોંધાયા

ચીનમાં કોરોના વાયરસનો કહેર યથાવત, અત્યાર સુધી ૧૭૦ના મોત

કોરોના વાયરસથી લોકોને બચાવવા ચીને સેનાને ઉતારી,રાષ્ટ્રપતિએ માંસ ખાવાને બદલે શાકભાજી ખાવા કહ્યું



બેઇજિંગ

ચીનથી આખી દુનિયામાં ફેલાયેલા જીવલેણ નોવેલ કોરોનાવાયરસે અત્યાર સુધીમાં ૭૮૯૨ લોકો સંક્રમિત થઈ ચૂક્યા છે. તેમાંથી ૭૭૭૧ તો માત્ર ચીનમાં જ છે. આ વાયરસના સંક્રમણથી અત્યાર સુધીમાં ૧૭૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. વીતેલા ૨૪ કલાકમાં કોરોના વાયરસથી ૩૮ લોકોના મોત થયા છે અને ૧૭૦૦ નવા કેસ નોંધાયા છે. જ્યારે તમામ ઉપાય કરીને ચીનની સરકાર થાકી ગઈ તો હવે તેણે કોરોનાવાયરસથી લોકોને બચાવા અને મદદ કરવા માટે પોતાની સેનાને ઉતારી દીધી છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે તેના માટે આદેશ આપ્યો છે.

ચીનથી ફેલાયેલ કોરોનાવાયરસ અત્યાર સુધી દુનિયાભરના ૧૭ દેશોમાં પગપેસારો કરી ચૂકયું છે. આ બધાની વચ્ચે કેટલીય વૈશ્વિક એરલાઇન્સે ચીન માટે પોતાની ઉડાનો બંધ કરી દીધી છે. ચીને સેનાને આખા દેશમાં તૈનાત કરી દીધી છે જેથી કરીને તે દરેક પ્રકારના સંક્રમિત લોકો, ચિકિત્સાકર્મીઓ અને સામાન્ય લોકોની મદદ કરી શકે.

આ બધાની વચ્ચે ચીનની

અનુસંધાન પાના નં. ૬

મેં મારા જીવનમાં કેજરવાલથી મોટો જૂઠ્ઠો વ્યક્તિ નથી જોયોઃ અમિત શાહ



કેજરીવાલ ડીંગો હાંકતા હતા કે સરકારી બંગલો અને કાર નહીં લે, પણ તોય લીધું તો ખરું

ન્યુ દિલ્હી

ભાજપા નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે 'દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલથી વધારે જૂઠ્ઠો વ્યક્તિ મેં મારી જિંદગીમાં નથી જોયો.' નવી દિલ્હી વિધાનસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર સુનીલ યાદવના પક્ષમાં જાહેરભાનું સંબોધન કરતા શાહે કેજરીવાલને સવાલ કર્યો કે શું તેઓ જેએનયૂના વિદ્યાર્થી શરજીલ ઈમામ વિરુદ્ધ કાર્યવાહી કરવાની પરવાનગી આપશો?

અમિત શાહે કહ્યું કે કેજરીવાલ તો બહું ડીંગીઓ હાંકતા હતા કે તેઓ સરકારી ઘર અથવા કાર નહીં સ્વીકારે.

અનુસંધાન પાના નં. ૬

ચીનથી પરત ફરેલ વિદ્યાર્થીને કોરોના વાયરસ હોવાની પુષ્ટિ

ભારતમાં કોરોના વાયરસની એન્ટ્રીઃ કેરળમાં પ્રથમ પોઝિટીવ કેસ નોંધાયો

તિરુવનંતપુરમ્

ચીનમાં હાહાકાર મચાવનાર કોરોના વાયરસનો પ્રથમ પોઝીટીવ કેસમાં ભારતમાં સામે આવ્યો છે. કેરળમાં ચીનથી પરત ફરેલ વિદ્યાર્થીને કોરોના વાયરસ હોવાની પુષ્ટિ કરવામાં આવી છે. વિદ્યાર્થી ચીનની વુહાન યૂનિવર્સિટીમાં અભ્યાસ કરી રહ્યો હતો. દરદીની સ્થિતિ હાલમાં સ્થિર છે અને ડોક્ટર તેની તપાસ કરી રહ્યા છે. જણાવીએ કે, ચીનમાં અત્યાર સુધી કોરોના વાયરશીત ૧૭૦ લોકોના મોત થયા છે.

બીજી બાજુ ગાજિયાબાદ અને ગુડગાંવમાં પણ શંકાસ્પદ દરદીનો કેસ સામે આવ્યો છે. આ દરદી હાલમાં જ ચીનથી પરત ફર્યો છે. આ પહેલા જયપુર, મુંબઈ, બિહારના છપરામાં શંકાસ્પદ કેસ સામે આવ્યો હતો. જોકે, દિલ્હીની હોસ્પિટલ અને એરપોર્ટ પર તેની તપાસ માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. એરપોર્ટ પર કોરોના વાયરસની તપાસ થઈ રહી છે. દિલ્હીના રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં પણ તપાસની સુવિધા છે.

અનુસંધાન પાના નં. ૬

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

હાઈકોર્ટમાં રૂપાણીના વટાણા વેરાયા

'રૂપાણી'ની ટોપી 'હેલ્મેટ' બની ગઈ

દ્વી-ચક્રી વાહનચાલક તેમજ પાછળ બેસનાર બંન્ને માટે હેલ્મેટ પહેરવું ફરજિયાતઃ સરકારનું હાઈકોર્ટમાં સોગંદનામું



● સરકારના વારંવારના બદલતા નિવેદનથી પ્રજા અસમંજસમાં-છૂપો રોષ,સરકારે ફેરવી તોળ્યું-હેલ્મેટ મરજીયાત કર્યુ જ નથી

ગાંધીનગર

ગુજરાતમાં મોટા શહેરો અને અન્યત્ર દ્વિચક્રી વાહન ચલાવતી વખતે માથાની સુરક્ષા માટે ફરજિયાત હેલ્મેટના કેન્દ્ર સરકારના નિયમમાં લેખિત નહીં પણ માત્ર મૌખિક જાહેરાત કરનાર રૂપાણી સરકારની હાલત "બકરૂ કાઢતા ઉંટ પેઠુ" જેવી થવાની સાથે લોકોને પણ હવે વધુ એક હેલ્મેટનો ખર્ચ કરવો પડશે. કેમ કે રૂપાણી સરકારે ફરજિયાત હેલ્મેટનો કાયદો અમલમાં હોવાનું સોગંદનામુ કરીને અને દ્વિચક્રી વાહન પર ચાલકની પાછળ બેસનારે પણ હવે ફરજિયાત હેલમેટ પહેરવાના નિયમનો પણ અમલ કરવાની ખાતરી આપી હોવાથી દરેક વાહનચાલકે પાછળ બેસનાર માટે પણ વધુ હેલમેટની જોગવાઈ કરવી પડે તેમ છે. ટ્રાફિક પોલીસની હેરાનગતિ ફરીથી શરૂ થવાના અનુમાનો પણ થઈ રહ્યાં છે.

ભાજપે બીજીવાર કેન્દ્રમાં સરકાર બનાવ્યાં બાદ સરકારે પીયુસી-હેલમેટ સહિત વાહન સંબંધિત અન્ય ગુનાઓમાં દંડની રકમમાં કમ્મરતોડ વધારો કર્યો હતો. ગુજરાતમાં પણ તેનો કડક અમલ થતાં લોકો ત્રાહિમામ પોકારી જતાં રૂપાણી સરકારે રાજયમાં હેલ્મેટ પહેરમાંથી મુક્તિ આપતી જાહેરાત કરી હતી. પરિવહન મંત્રી આર.સી.

અનુસંધાન પાના નં. ૬

વિરોધ પ્રસ્તાવ અંગેનું મતદાન માર્ચ મહિના સુધી ટળ્યું

નાગરિકતા પર યૂરોપીયન સંસદમાં ભારતની કુટનીતિક જીતઃ પ્રસ્તાવ પર ટળ્યું વોટિંગ

લંડન

ભારતમાં સંસદે પાસ કરી દીધેલા નાગરિકતા સુધારિત કાયદા (સિટીઝનશિપ અમેન્ડમેન્ટ એક્ટ – સીએએ) પર યુરોપીયન સંસદમાં આજે મતદાન થવાનું હતું, પરંતુ એને મુલતવી રાખવામાં આવ્યું છે. આ મતદાન હવે માર્ચ મહિનામાં યુરોપીયન સંસદના સત્ર વખતે યોજવામાં આવશે. આ જાણકારી યુરોપીયન સંસદે એક નિવેદન બહાર પાડીને આપી છે.

યુરોપીયન સંસદના આ નિર્ણયને ભારત સરકાર માટે રાજદ્વારી જીત તરીકે ગણવામાં આવે છે. યુરોપીયન સંસદે જોકે કહ્યું છે કે સીએએ પ્રસ્તાવ પર આ સંસદમાં ચર્ચા ચાલુ રાખવામાં આવશે. કયા કારણસર સીએએ પર ગુરુવારનું મતદાન રદ કરવામાં આવ્યું છે તે હજી જાણી શકાયું નથી. પરંતુ એટલું સિદ્ધ થયું છે કે યુરોપીયન સંસદમાં પાકિસ્તાન ઉપર ભારતે વિજય મેળવ્યો છે.

સાથોસાથ, ભારત સરકારે એમ પણ કહી દીધું છે કે સીએએ ભારતનો આંતરિક મામલો છે અને તેનો અમલ લોકતાંત્રિક રીતે કરવામાં આવ્યો છે. ભારત સરકારના સૂત્રોએ કહ્યું કે, ભારત સરકારે કહ્યું છે કે એને આશા છે કે યુરોપીયન સંસદના સભ્યો સીએએ અંગે ભારતના વલણને સમજશે.

સીએએની વિરુદ્ધમાં યુરોપીયન સંસદમાં પ્રસ્તાવ રજૂ કરાય એની સામે લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ જોરદાર રીતે વાંધો ઉઠાવ્યો છે. એમણે યુરોપીયન સંસદના વડાને કહ્યું હતું કે એક સંસદ કોઈ કાયદો પાસ કરે પછી એની પર બીજી કોઈ સંસદ ચુકાદો આપે એ યોગ્ય ન કહેવાય. કેટલીક વ્યક્તિઓ એનો દુરુપયોગ કરી શકે.

ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુએ પણ સીએએ સામે યુરોપીયન સંસદમાં પ્રસ્તાવ પર ચર્ચા કરાય અને મતદાન કરાય એનો વિરોધ કર્યો છે.

યૂરોપિયન યુનિયનના આ નિર્ણયને બિરદાવતાં ભારતે કહ્યું હતું કે ભારતના દોસ્તો ખરે ટાણે કામ આવ્યા છે અને પાકિસ્તાનની મેલી મુરાદ ધૂળમાં મળી ગઇ હતી.

વોટિંગ ટળતા ભારતની પાસે તૈયારી માટે સમય

વોટિંગ પોસ્ટપોન કરવાનો પ્રસ્તાવ મિશલ ગેહલર દ્વારા લાવવામાં આવ્યો. સેન્ટર-રાઇટ યુરોપિયન પીપુલ્સ પર્ટીના સભ્ય છે. યુરોપિયન સંસદમાં અત્યારે ૧૮૨ સભ્યોની સાથે આ સૌથી મોટી પાર્ટી છે. હવે જ્યારે વોટિંગની તારીખ આગળ ટળી ગઇ તો ભારતની પાસે મોકો છે કે કૂટનીતિક સ્તર પર સીએએને લઇ પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી શકાશે. ભારતે તેની સાથે જ પાકિસ્તાનમાં જન્મેલા યુરોપિયન સંસદના સભ્ય શફાક મોહમ્મદને પ્રસ્તાવ માટે જવાબદાર ગણાવ્યા છે.

ભાજપના રાષ્ટ્રીય સચિવ તરૂન ચુઘેનું નિવેદન

શાહીન બાગ બન્યુ શૈતાન બાગ, દિલ્હીને સીરિયા નહિ બનવા દઈએ

ન્યુ દિલ્હી

જેમ-જેમ દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે પ્રચારમાં તેજી આવી રહી છે. ભારતીય જનતા પાર્ટીના નેતાઓના તેવર વધુ આકરા થઈ રહ્યા છે. પાર્ટીના નેતા એક પછી એક દિલ્હીના શાહીન બાગ પર પૂરજોરથી પ્રહારો કરી રહ્યા છે. હવે સૌથી તાજું નિવેદન પાર્ટીના રાષ્ટ્રીય સચિવ તરૂન ચુઘે આપ્યું છે. તેમણે શાહીનબાગની તુલના આતંકી સંગઠન ઈસ્લામિક સ્ટેટ સાથે કરી નાંખી. એટલું જ નહીં તેમણે ભાજપ નેતા અનુરાગ ઠાકુરના નિવેદનનું પણ સમર્થન કર્યું છે. જેના માટે ઠાકુરની સામે કાર્યવાહી થઈ ચૂકી છે.

ચુઘે ટ્વીટ કરી કે અમે દિલ્હીને સીરિયા બનવા દઈશું નહીં અને આઈએસઆઈએસના મોડ્યુલની જેમ કામ કરવા દઈશું નહીં જ્યાં મહિલાઓ અને બાળકોનો ઉપયોગ કરાય છે. તેઓ મુખ્ય રસ્તાઓને બ્લોક કરીને દિલ્હીના લોકોના મગજમાં ડર ઉભો કરવા માંગે છે પરંતુ અમે આમ થવા દઈશું નહીં. અમે દિલ્હીને સળગવા દઈશું નહીં.

બીજી એક ટ્વીટમાં તેમણે ઠાકુરના નિવેદનને હેશટેગ કરતાં લખ્યું છે- દેશના ગદ્દારોને પખોટું નથી. ભારતની અખંડતતાને કોઈને પણ તોડવા દઈશું નહીં. શાહીન બાગનો મતલબ શેતાન બાગ છે. ભારતમાં હાફિઝ સઈદના વિચારોને સહન કરાશે નહીં. ઉલ્લેખનીય છે કે આ નિવેદનના લીધે અનુરાગ ઠાકુર પર ચૂંટણી પંચે કાર્યવાહી કરતાં તેમને પાર્ટીના સ્ટાર પ્રચારકોની યાદીમાં હટાવી દીધા.

ફાયરિંગ કરનાર યુવકે દિલ્હી પોલીસ ઝિંદાબાદ, જામિયા મિલિયા મુર્દાબાદના નારા લગાવ્યા

જામિયામાં નાગરિકતા વિરુદ્ધ પ્રદર્શન દરમિયાન ફાયરિંગઃ એક વિદ્યાર્થી ઘાયલ

ન્યુ દિલ્હી



દિલ્હીના જામિયા નગરમાં ફાયરિંગના સમાચાર મળ્યાં છે, એક યુવકે તમંચામાંથી ફાયરિંગ કર્યું હતું, જેમાં એક યુવક ઘાયલ થયો છે. ઘાયલ યુવકને હોલી હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. ફાયરિંગ કરનાર એક સંદિગ્ધ આરોપીની પોલીસે અટકાયત કરી લીધી છે. પોલીસ આ આરોપીની પૂછપરછ કરી રહી છે. નોંધનીય છે કે જામિયાના વિદ્યાર્થીઓના પ્રદર્શન દરમિયાન એક વિદ્યાર્થીના હાથમાં ગોળી વાગી છે, જેને હોલી ફેમિલી હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગત પ્રમાણે તમંચો હવામાં લહેરાવનાર યુવક 'જય શ્રી રામ' અને 'વંદે માતરમ'ના નારા લગાવી રહ્યો હતો. સાથે જ યુવક 'હિન્દુસ્તાનમાં રહેવું હશે તો વંદે માતરમ કહેવું પડશે'નો નારો લગાવી રહ્યો હતો. આ દરમિયાન જામિયા મિલિયા ઈસ્લામિયાના પત્રકારિતાનો એક વિદ્યાર્થી શાબાદ ઘાયલ થયો છે.

નાગરિકતા કાનૂન વિરુદ્ધ જામિયાના વિદ્યાર્થીઓના પ્રદર્શન દરમિયાન ગુરુવારે જામિયાથી રાજઘાટ સુધી નીકળેલી રેલી દરમિયાન જામિયા નગરમાં એક યુવકે હાથમાં તમંચો લહેરાવતા દેખાવ કર્યો હતો.

જામિયાના વિદ્યાર્થીઓ નાગરિકતા કાયદાનો સતત વિરોધ કરી રહ્યા છે. જે અંતર્ગત વિદ્યાર્થીઓ જામિયાથી રાજઘાટ સુધી એક વિરોધ રેલી કાઢવાના હતા. આ દરમિયાન આ ઘટના બની હતી. વિદ્યાર્થીઓને રેલી કાઢવાની મંજૂરી પોલીસ તરફથી આપવામાં આવી નથી. દિલ્હી પોલીસ પણ આ રેલીને રોકવાનો પ્રયાસ કરી રહી હતી. જામિયા કેમ્પસના ૧૦૦ મીટર પહેલા જ પોલીસે બેરિકેડ્સ લગાવવાનું શરૂ કરી દીધું હતું. અહીં મોટી સંખ્યામાં પોલીસ અને પેરામિલિટરી ફોર્સના જવાનો તહેનાત હતા.

જામિયાના વિદ્યાર્થીઓની રેલી દરમિયાન ગોળીબાર થવાની ઘટના પર દિલ્હી પોલીસના ડીસીપી ચિન્મય બિસવાલે કહ્યુ કે, અમે તપાસ કરી રહ્યા છીએ કે શું થયું છે. પોલીસ આખા વિસ્તારમાં તહેનાત છે. રેલી દરમિયાન આ ઘટના ઘટી છે. પોલીસ આ અંગે વધારે માહિતી મેળવી રહી છે. બીજી તરફ પોલીસે શાંતિ રાખવાની અપીલ કરી છે.

કોંગ્રેસ નેતાએ વાયનાડના કલપેટ્ટામાં 'બંધારણ બચાવો' માર્ચ યોજી

નથૂરામ ગોડસે અને વડાપ્રધાન મોદીની વિચારધારા એક સમાનઃ રાહુલ ગાંધી

મોદીને એ વાત કહેવાની હિંમત નથી કે તેઓ ગોડસેમાં વિશ્વાસ રાખે છે, બીજા દેશ કહી રહ્યા છે કે ભારતે તેનો માર્ગ ગુમાવ્યો

વાયનાડ

નાગરિકતા સંશોધન કાયદા વિરુદ્ધ કોંગ્રેસના ભૂતપુર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી તેમના વાયનાડના પ્રવાસ પર છે. વાયનાડમાં બંધારણ બચાવો રેલીને સંબોધિત કરતા રાહુલ ગાંધીએ એક વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે નાથુરામ ગોડસે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વિચારધારા એક જ છે. બન્નેની વિચારધારામાં કોઈ જ અંતર નથી. બસ નરેન્દ્ર મોદીમાં એ કહેવાની હિમ્મત નથી કે તે નાથુરામ ગોડસેમાં શ્રદ્ધા રાખે છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે ભારતવાસીઓને સાબિત કરવું પડી રહ્યું છે કે તે ભારતીય છે. નરેન્દ્ર મોદી કોણ છે કે જે નક્કી કરશે કે હું ભારતીય છું. તેમને આ લાઇસન્સ કોણે આપ્યું છે કે તે નિર્ણય કરશે કે કોણ ભારતીય છે કે નહીં? હું જાણુ છું કે હું ભારતીય છું. મારે કોઈની પાસે તે સાબિત કરવાની જરૂર નથી. રાહુલ ગાંધીએ રોજગારી અને અર્થતંત્રના મુદ્દે પણ સરકારની ટીકા કરી હતી. રાહુલ ગાંધીએ કહ્યું કે શું તમે એ નોટિસ કર્યું કે જ્યારે પણ નરેન્દ્ર મોદીને બેરોજગારી અને નોકરીઓ મુદ્દે પ્રશ્ન કરવામાં આવે છે તો તેઓ ધ્યાન અન્યત્ર દોરવાનો પ્રયત્ન કરે છે. રાષ્ટ્રીય નાગરિકતા રજિસ્ટર અને સીએએ તમને નોકરી નહીં આપે. જમ્મુ-કાશ્મીરની સ્થિતિ અને આસામની સ્થિતિ લોકોને રોજગારી નહીં આપે.

રાહુલ ગાંધીએ કહ્યું કે બીજા દેશ કહી રહ્યા છે કે ભારતે તેનો માર્ગ ગુમાવ્યો છે. ભારત એક સમયે એ દેખાડતુ હતું કે કેવી રીતે મહાન દેશ વ્યવહાર કરે છે. ભારતમાં અલગ-અલગ સંસ્કૃતિઓ છે, ધર્મ છે. તમામ ધર્મોનો એક જ ઉદ્દેશ છે. આજે લોકો કહે છે કે ભારત પોતે પોતાની સાથે લડી રહ્યો છે. કુલબર્ગી અને ગૌરી લંકેશ જેવા વિચારકોને મારી નાંખવામાં આવે છે. મહિલાઓ સાથે દુષ્કર્મ આચરવામાં આવે છે. બેરોજગારી ઉચ્ચતમ સ્તર પર છે. અર્થતંત્રની સ્થિતિ ખરાબ છે.

રાહુલ ગાંધીએ રેલીની શરૂઆત વાયનાડના કલપેટા વિસ્તારમાંથી કરી હતી. રાહુલ ગાંધી સાથે કોંગ્રેસના અનેક કાર્યકર્તાઓ પણ રેલીમાં ભાગ લીધો હતો. રાહુલ ગાંધી નાગરિકતા કાયદા વિરુદ્ધ મહારેલી કરી કેન્દ્ર સરકારને ઘરી રહ્યા છે. એક દિવસના પ્રવાસે વાયનાડ પહોંચેલા રાહુલ ગાંધીએ એસકેએમજે હાઈસ્કુલમાં બંધારણ બચાવો રેલીને સંબોધિત કરી હતી.

બેન્કો સતત ત્રણ દિવસ બંધ રહેશે, કરોડોના વ્યવહાર અટવાશે

સાવધાન..: આજથી બે દિવસ બેન્ક કર્મચારીઓ હડતાળ પર

ન્યુ દિલ્હી

આગામી ત્રણ દિવસ ૩૧ જાન્યુઆરી થી ૨ ફેબ્રુઆરી સુધી બેંકોના કોઇ કામ થશે નહીં. બેંક યુનિયનોએ ૩૧ જાન્યુઆરી અને ૧ ફેબ્રુઆરી સુધી દેશવ્યાપી બેંક હડતાલનું આહવાન કયુ છે. તે જ સમયે, ૨ ફેબ્રુઆરીએ રવિવાર હોવાને કારણે, બેંકોમાં રજા રહેશે.

જણાવી દઈએ કે જાન્યુઆરી ૨૦૨૦ માં બેંકોની આ બીજી હડતાલ છે. આ અગાઉ ૮ મી જાન્યુઆરીએ ૯ બેંક કર્મચારી સંગઠનોએ પણ ભારત બંધમાં ભાગ લીધો હતો. તે દિવસે મોટાભાગની બેંકો બધં હતી અને જે ખુલી હતી તેના કામકાજ પર ભારે અસર પડી હતી.

૯ ટ્રેડ યુનિયનોનું પ્રતિનિધિત્વ કરતા યુનાઇટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ (યુએફબીયુ) એ બે દિવસની હડતાલનું આહવાન કયુ છે યુએફબીયુ હેઠળ ઓલ ઇન્ડિયા બેંક એમ્પ્લોઇઝ એસોસિએશન, ઓલ ઇન્ડિયા બેંક ઓફિસર કન્ફેડરેશન, નેશનલ કન્ફેડરેશન ઓફ બેંક એમ્પ્લોઇઝ, ઓલ ઇન્ડિયા બેંક ઓફિસર એસોસિએશન, બેંક એમ્પ્લોઇઝ ફેડરેશન ઓફ ઇન્ડિયા આવે છે. ૧૧– ૧૩ માર્ચના રોજ બેંક કર્મચારીઓ ત્રણ દિવસીય હડતાલ પણ કરશે. આ હડતાલ અનેક માંગણીઓ સાથે કરવામાં આવી રહી છે, જેને આજકાલ ધ્યાનમાં લેવામાં આવી નથી. સરખા કામ માટે સરખો પગાર, કામનો સમય નિર્ધારિત કરવા માટે, પારિવારિક પેન્શન વગેરે સંબંધિત માંગણીઓ પૂર્ણ ન થવાને કારણે ફરીથી હડતાલનું આહવાન કયુ છે. બેંક કર્મચારીઓ અને અધિકારીઓની હડતાલ બેંકોના કામકાજને અસર કરી શકે છે.

પીડિતાના પરિવારને મળશે વળતર

દિલ્હી ગુડિયા ગેન્ગરેપ કેસઃ બંન્ને દોષીઓને ૨૦ વર્ષની સજા

ન્યુ દિલ્હી

દિલ્હીની કડકડડૂમા કોર્ટે ગુડિયા ગેન્ગરેપ મામલે સજાનું એલાન કર્યુ છે. કોર્ટે બન્ને આરોપીઓને ૨૦-૨૦ વર્ષ કેદની સજા સંભળાવી છે. સાથે કોર્ટે ૧૧ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. કોર્ટે બન્ને આરોપી મનોજ શાહ અને પ્રદીપ પર હત્યાના પ્રયાસ, પોક્સો, અપહરણ, રેપ, અપ્રાકૃતિક યૌન શોષણ જેવી કલમો હેઠલ દોષી ગણાવ્યા છે. ગુડિયા ગેન્ગરેપ કેસમાં પીડિત પક્ષના વકીલોએ કોર્ટને બન્ને દોષી પ્રદીપ અને મનોજને આજીવન કેદની સજા અપાવવાની અપીલ કરી હતી. બીજી તરફ સરકારી વકીલે વધુ સજાની માંગ કરી હતી, તેમણે કહ્યુ કે પીડિતાની ઉંમર માત્ર ૫ વર્ષની હતીજ્યારે તેની સાથે બન્નેએ ગેન્ગરેપ કર્યો હતો.

આ પહેલા ગત સુનાવણીમાં કોર્ટે ૭ વર્ષ જૂના દિલ્હીના ગુડિયા સામુહિક દુષ્કર્મમાં બે આરોપીઓને દોષી ગણાવ્યા હતા. કોર્ટે મનોજ અને પ્રદીપને અપહરણ, દુષ્કર્મ અને પોક્સો એક્ટ હેઠળ દોષી ગણાવ્યા છે.

ઘટનાક્રમ અનુસાર, ૧૫ એપ્રિલ ૨૦૧૩માં પૂર્વી દિલ્હીના ગાંધીનગરમાં મનોજ અને પ્રદીપે પાડોશમાં રહેનારી બાળકીનું અપહરણ કર્યુ હતું. તે બાદ બન્નેએ તેની સાથે સામુહિક દુષ્કર્મ કર્યુ હતું. આટલુ જ નહી તેમમે શરીરને મીણબત્તી અને બોટલ જેવી વસ્તુઓનો ઉપયોગ કરી ઘાયલ હાલતમાં છોડી દીધી હતી જેથી તે મરી જાય. તે બાદ તેને એક રૂમમાં મુકીને મનોજ અને પ્રદીપ ભાગી ગયા હતા. બે દિવસની શોધખોળ બાદ બાળકી રૂમમાં બેભાન હાલતમાં મળી હતી. જે બાદ તેણે અખિલ ભારતીય આયુવિજ્ઞાન સંસ્થામાં દાખલ કરવામાં આવી હતી. અહી લાંબી સારવાર બાદ તેની સ્થિતિ સુધરી હતી.

બે દોષિતો પાસે હજુ પણ દયા અરજીનો વિકલ્પ

નિર્ભયા કેસઃ આરોપી અક્ષયની પણ ક્યૂરેટિવ પિટીશન સુપ્રીમે ફગાવી

હવે આરોપી અક્ષય અને પવન પાસે દયા અરજી અને ક્યૂરેટિવ પિટીશનનો વિકલ્પ, ૧લી ફેબ્રુઆરીએ સવારે ૬ વાગ્યા ફાંસી આપવામાં આવશે

ન્યુ દિલ્હી



નિર્ભયા કેસના ચારેય આરોપીઓમાંના એક અક્ષયની ક્યૂરેટિવ પિટીશન સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. આરોપીએ જસ્ટિસ એનવી રમનાની અધ્યક્ષતા વાળી પ જજોની બેન્ચને ફાંસીની સજાને ઉંમરકેદમાં ફેરવવાની માંગ કરી છે. સુપ્રીમ કોર્ટે ગત વર્ષે ડિસેમ્બરમાં તેની રિવ્યૂ પિટીશન ફગાવી દીધી હતી. બે આરોપીઓ પાસે બે-બે વિકલ્પ છે. એવામાં ૧લી ફેબ્રુઆરીએ ફાંસી ફટી ટળે તેવી અટકળો છે. તિહાર જેલ પ્રશાસન આજે નવા ડેથ વોરંટ માટે ટ્રાયલ કોર્ટમાં અરજી કરી શકે છે.

નિર્ભયા ગેંગરેપના આરોપી અક્ષયે ફાંસીની સજાથી બચવા માટે સુપ્રીમ કોર્ટમાં ક્યૂરેટિવ અરજી કરી છે જેની પર કોર્ટ ગુરુવારે સુનાવણી કરશે. એક અન્ય આરોપી વિનયે પણ રાષ્ટ્રપતિને દયા અરજી કરી છે, જ્યારે આરોપી અને પવને હજુ સુધી ન તો ક્યૂરેટિવ અરજી કરી છે અને ન તો દયા અરજી કરી છે. નીચલી કોર્ટે ચારેય આરોપીઓને ફાંસી આપવાની તારીખ નક્કી કરી દીધી છે.

આ પહેલા સુપ્રીમ કોર્ટે બુધવારે મુકેશની એકાંત કારાવાસમાં રાખવાની દલીલ પણ ફગાવી દીધી હતી. મુકેશની પુનર્વિચાર અને ક્યૂરેટિવ અરજી પહેલા જ સુપ્રીમ કોર્ટ ફગાવી ચુકી છે. બીજા આરોપી અક્ષયે ક્યૂરેટિવ અરજી કરીને કોર્ટને ફાંસી માફ કરવાની અપીલ કરી છે. કોર્ટ આ અરજી અંગે ગુરુવારે સુનાવણી કરશે. ત્રીજા આરોપી વિનયે બુધવારે વકીલ એપી સિંહ દ્વારા રાષ્ટ્રપતિ સમક્ષ દયા અરજી કરી હતી. ચોથા આરોપી પવનના વકીલ એપી સિંહના કહ્યાં પ્રમાણે, પવને સગીર હોવાની અરજી ફગાવ્યા બાદ સુપ્રીમ કોર્ટના આદેશ વિરુદ્ધ પુનર્વિચાર અરજી કરવામાં આવશે.

પક્ષમાં ૬૨૧ વોટ અને વિરોધમાં ફક્ત ૪૯ મત

યૂરોપિયન સંસદમાંથી બ્રેક્ઝિટ ડીલને મંજૂરીઃ સર્જાયા ભાવુક દ્રશ્યો

લંડન

યૂરોપિયન યૂનિયને બુધવારનાં એક લાંબી ચર્ચા અને મતદાન બાદ બ્રેક્ઝિટ ડીલને મંજૂરી આપી છે. ૩૧ જાન્યુઆરીનાં બ્રિટનનાં યૂરોપિયન સંઘથી નીકળવાની અંતિમ તારીખ છે. બ્રિટનનાં પ્રધાનમંત્રી બોરિસ જોનસન છેલ્લા ઘણા લાંબા સમયથી આ ડીલને પૂર્ણ કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા, જે હવે સફળ થતા જોવા મળી રહ્યા છે. બુધવારનાં મતદાન દરમિયાન ઈયૂની સંસદમાં ભાવુક માહોલ રહ્યો.

યૂરોપિયન સંસદમાં બુધવારનાં બ્રિટનની બ્રેક્ઝિટ ડીલ પર મતદાન થયું. આ દરમિયાન આ પક્ષમાં ૬૨૧ વોટ પડ્યા અને વિરોધમાં ફક્ત ૪૯ મત પડ્યા. ઘણા સાંસદોએ પોતાના ભાષણમાં બ્રિટનને વિદાઈ આપી અને ભાવુક થતા કહ્યું કે તેઓ એક દિવસ અમારી ટીમમાં પરત આવશે. મતદાન દરમિયાન સંસદનાં પ્રેસિડન્ટ ડેવિડ સસોલીએ કહ્યું કે બ્રિટન હંમેશા યૂરોપનો ભાગ રહેશે, તમને વિદાય કરવા મુશ્કેલ છે, પરંતુ તમે હંમેશા અમારી સાથે છો. મતદાન બાદ સાંસદોએ બ્રિટન માટે Auld Lang જીઅહી કવિતા ગાઈ અને અલવિદા કહ્યું.

ઉલ્લેખનીય છે કે યૂરોપિયન યૂનિયનથી બહાર નીકળવા માટે બ્રિટનમાં લાંબા સમયથી આંદોલન ચાલી રહ્યું હતુ. ૨૦૧૬માં દેશમાં આ મુદ્દા પર રેફરેંડમ થયું હતુ, જેમાં લોકોએ બ્રેક્ઝિટનાં પક્ષમાં મતદાન કર્યું હતુ. ત્યારે આ માટે બે વર્ષનો સમય નક્કી કરવામાં આવ્યો હતો અને બ્રેક્ઝિટની તારીખ માર્ચ ૨૦૧૯ રાખવામાં આવી હતી, પરંતુ આ થઈ ના શક્યું અને મામલો ટળતા-ટળતા હવે ૨૦૨૦ સુધી પહોંચી ગયો. આ ડીલ બાદ બ્રિટન પોતાના નિર્ણય લેવા માટે સંપૂર્ણ રીતે સ્વતંત્ર થશે.



કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને **જીતો**



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

૨જે ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

સુરત

Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ઓફીસ એડ્રેસ

ભરૂચ

Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

બંડખોરો સામે રણનિતી

નક્સલવાદીઓ અને જુદા જુદા રાજ્યોમાં વિવિધ માંગણીને લઈને હથિયારો ઉપાડી ચુકેલા લોકો સામે મોદી સરકાર દ્વારા અમલી કરવામાં આવેલી નિતીના પરિણામ હવે જોવા મળી રહ્યા છે. જેના ભાગરૂપે જ સારા પરિણામ મળી રહ્યા છે. મોટી સંખ્યામાં નક્સલવાદીઓ અને બંડખોરો હથિયારો મુકી રહ્યા છે અને દેશના મુખ્યપ્રવાહમાં આ લોકો જોડાઈ રહ્યા છે. હાલમાં મોટી સંખ્યામાં નક્સલી શરણાગતિ સ્વીકારી ચુક્યા છે. પૂર્વોત્તરના રાજ્યોમાંથી ઉગ્રવાદને ખતમ કરવાના ઈરાદા સાથે સત્તામાં આવેલી કેન્દ્રની મોદી સરકારને આ દિશામાં હાલમાં મોટી સફળતા હાથ લાગી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં કેન્દ્ર સરકાર, આસામ સરકાર અને બોડો બળવાખોરોના પ્રતિનિધિઓએ આસામ સમજૂતિ ૨૦૨૦ ઉપર હસ્તાક્ષર કરી દીધા છે. આ સમજૂતિની સાથે જ આશરે ૫૦ વર્ષથી ચાલી રહેલા બોડોલેન્ડ વિવાદનો અંત આવી ગયો છે જેમાં હજુ સુધી ૨૮૨૩ જેટલા લોકોના મોત થઈ ચુક્યા છે. છેલ્લા ૨૭ વર્ષમાં ત્રીજી આસામ સમજૂતિ કરવામાં આવી છે. આ વિવાદના વહેલીતકે સમાધાન માટે મોદી સરકાર પ્રયાસ કરી રહી હતી. બળવાખોર સંગઠન નેશનલ ડેમોક્રેટિક ફ્રન્ડ ઓફ બોડોલેન્ડના ૧૫૫૦ જેટલા બળવાખોરો ૩૦મી જાન્યુઆરીના દિવસે પોતાના ૧૩૦ હથિયારો સાથે આત્મસમર્પણ કરશે. અન્ય રાજ્યોમાં પણ નક્સલવાદીઓ સામે હવે એવા પગલા લેવામાં આવી રહ્યા છે જેના કારણે શાંતિ સ્થાપિત થવાની શરૂઆત થઈ રહી છે. કેટલાક લોકો માને છે કે નક્સલવાદીઓ સામે કઠોર પગલા લેવાની જરૂર છે. કારણ કે નક્સલવાદીઓને કાયદો અને વ્યવસ્થાની સાથે જોડાયેલી વ્યવસ્થામાં કોઈ રસ નથી. નક્સલવાદીઓની સમસ્યાને માત્ર કાયદો અને વ્યવસ્થાની સ્થિતી તરીકે ગણવાની બાબત યોગ્ય નથી. આ ત્રાસવાદી હિંસાને પ્રોત્સાહન આપવાની સાથે સાથે દેશની સામાજિક સમરસતા, રાજકીય સ્થાયિત્વ, આર્થિક મજબુતી અને એકતા, અખંડતાની સામે ખતરા તરીકે હવે નક્સલવાદીઓ ઉભરીને સપાટી પર આવ્યા છે. જો નક્સલવાદી સમસ્યાને હવે ખતમ કરવામાં વિલંબ થશે તો મોટી સમસ્યા સર્જાશે. તેમની તાકાત હજુ પણ સંપૂર્ણ તુટી નથી. તેમની પાસે હથિયારો પહોંચી રહ્યા છે. તેમની સામે હવે આક્રમક નીતિ અમલી કરવામાં આવી છે. જેની અસર દેખાઈ રહી છે. નક્સલવાદી ગ્રસ્ત વિસ્તારોમાં ઘટાડો થઈ રહ્યો છે પરંતુ તેમની તાકાતને ઓછી ગણીને ઉદાસીનતા ખતરનાક સાબિત થઈ શકે છે. છત્તિસગઢમાં થોડાક સમય પહેલા બારુગી સુરંગ વિસ્ફોટ મારફતે માઓવાદીઓએ સનસનાટી મચાવી દીધી હતી. માઓવાદીઓએ તેમની તાકાત પુરવાર કરી હતી. માઓવાદીઓએ સુરંગ બ્લાસ્ટ કરીને ભારતીય સુરક્ષા દળોને ભારે નુકસાન પહોંચાડી દીધુ હતુ. આ સુનિયોજિત હુમલાથી ફરી એકવાર સાબિતી મળે છે કે નક્સલવાદઓમાં કોઈ પણ ભય નથી. સાથે સાથે આ બાબત પણ સાબિત થઈ ગઈ છે કે નક્સલવાદઓ પોતાના પ્રભાવવાળા વિસ્તારોમાં જ્યારે ઈચ્છા થાય ત્યારે મોટા હુમલાને અંજામ આપી શકે છે. હકીકતમાં નક્સલવાદીઓએ પણ દેશના એક મોટા હિસ્સામાં પોતાનુ નેટવર્ક જમાવી લીધુ છે.

હાલની નીતિના પરિણામે નક્સલવાદીઓ અને બંડખોરો મુખ્યપ્રવાહમાં જોડાયા છે

યાદશક્તિ પર ખુબ જ પ્રતિકુળ અસર કરે છે

કેન્સર સારવારની માઠી અસર

હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સ્તન કેન્સરની સારવાર લાંબાગાળે યાદશક્તિ ઉપર માઠી અસર કરે છે. નિષ્ણાંતોએ ધડાકો કર્યો છે કે સ્તન કેન્સરની સારવાર કરાવી ચૂકેલી મહિલાઓ લાંબાગાળે ચોક્કસ પ્રકારની માનસિક તકલીફનો સામનો કરે છે. સારવાર દરમિયાન રેડિએશન અથવા કેમોથેરાપી પ્લસ રેડિએશનની સારવાર લેનાર મહિલાઓમાં પણ આ તકલીફ રહે છે. અગાઉના સંશોધનમાં એવું સૂચન કરવામાં આવ્યું હતું કે કેમોથેરાપીના કારણે યાદશક્તિ અને ધ્યાનશક્તિ ઉપર અસર થાય છે. જુદા જુદા કેન્સરની સારવાર પણ જુદી જુદી રહે છે. ટામ્પામાં મોફિટ કેન્સર સેન્ટ્રર એન્ડ રિચર્સ ઈન્સ્ટીટ્યુટના તબીબે કહ્યું છે કે અભ્યાસના તારણો આપતી વેળા ૬૨ જેટલા સ્તન કેન્સર જેટલા દર્દીઓની ચકાસણી કરવામાં આવી હતી. કેમોથેરાપી પ્લસ રેડિએશન અને માત્ર રેડિએશનની સારવાર લેનાર દર્દીઓની ચકાસણી કરવામાં આવી હતી. ૧૮૪ મહિલાઓની બાબતમાં પણ ધ્યાન આપવામાં આવ્યું હતું. કેન્સરનો કોઈ ઈતિહાસ નહીં ધરાવનાર મહિલાઓની પણ ચકાસણી કરવામાં આવી હતી. છ મહિનાના ગાળા બાદ ન્યુરો સાઈકોલોજીકલ પ્રક્રિયા પૂરી થઈ હતી. અભ્યાસમાં જાણવા મળ્યું કે કેમોથેરાપીના કારણે સ્તન કેન્સરની સર્જરી કરાવી ચૂકેલી મહિલાઓમાં જુદી જુદી તકલીફ જોવા મળી છે. અભ્યાસના તારણો માનસિક ક્ષમતા ઉપર કેન્સર સારવારની અસરનું ચિત્ર પણ ઉપલબ્ધ કરાવે છે. અમેરિકન કેન્સર સોસાયટીના જર્નલમાં અભ્યાસના તારણો રજૂ કરવામાં આવ્યા છે. કેન્સરના સંબંધમાં આ પ્રકારના તારણો આપવામાં આવી ચૂક્યા છે. વધુ અભ્યાસ હવે હાથ ધરવામાં આવશે.

પર્યાવરણ સુરક્ષા : માત્ર ઓર્ગેનિક બ્યુટી પ્રોડક્ટસનો જ ઉપયોગ

ઈકોફ્રેન્ડલી બ્યુટી સેલુન દાખલારૂપ છે

પર્યાવરણ માટે પ્લાસ્ટિક સૌથી વધારે નુકસાનકારક છે. સૌન્દર્ય જગતમાં ઉપયોગ કરવામાં આવતી પેદાશોમાં પ્લાસ્ટિકનો ઉપયોગ કરવામાં આવે છે. જો કે છત્તિસગઢના બિલાસપુરમાં હવે એક બ્યુટી સૈલુને કેટલાક દાખલા તમામ સેલુન માટે બેસાડી દીધા છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે પર્યાવરણ માટે પ્લાસ્ટિક સૌથી ખતરનાક તરીકે છે. બિલાસપુરમાં જે બ્યુટી સૈલુન છે તે સંપૂર્ણપણે ઈકોફ્રેન્ડલી છે. સાથે સાથે તેમાં ઉપયોગ કરવામાં આવતી તમામ સૌન્દર્ય સામગ્રી પણ પર્યાવરણ પ્રેમી છે. તેને બૈમ બ્યુટીસેલુનના નામથી ઓળખવામાં આવે છે. જે વાસ સાથે બને છે. તેમાં ઉપયોગ કરવામાં આવતી તમામ સામગ્રી અને હથિયારો પણ વાંસના બનેલા છે. બિલાસપુરના નહેરુનગર વિસ્તારમાં શરૂ કરવામાં આવેલા બૈમ બ્યુટી સલુન તમામ માટે આકર્ષણના કેન્દ્ર તરીકે છે. કારણ કે તે વાંસ સાથે તૈયાર કરવામાં આવ્યુ છે. છત્તિસગઢના આ પ્રથમ ઈકોફ્રેન્ડલી બ્યુટી સૈલુનમાં માત્ર ઓર્ગેનિક બ્યુટી પ્રોડક્ટસનો ઉપયોગ કરવામાં આવે છે. પર્યાવરણલક્ષી ચીજોનો ઉપયોગ તેમાં કરવામાં આવે છે. વાંસથી બનેલા મેક અપ બ્રશ, વાંસથી બનેલા સૌન્દર્ય પેદાશો મોસ્ચરાઈઝર, ફેસ માસ્કનો ઉપયોગ કરવામાં આવે છે. ઈનિશિએટિવ ઓફ લાઈવલીહુડ એન્ડ ડેવલપમેન્ટ હેઠળ સંચાલિત આ સેલુન નામના મુજબ ઈકોફ્રેન્ડલી રહે છે. મહિલાઓના સશક્તિકરણની સાથે સાથે જુદા જુદા ટ્રેનિંગ મારફતે કારોબારની સાથે જોડીને આર્થિક રીતે સક્ષમ બનાવવા માટે બિલાસપુરમાં ટીએફડબલ્યુએ કેયરના સહકાર થી એડ એટ એકશને અભિયાનની શરૂઆત કરી હતી. વર્ષ ૨૦૧૮માં શરૂ કરવામાં આવેલા એન્ટરપ્રાઈઝ મોડલ તેમજ સ્કિલ ટ્રેનિંગ સેન્ટરના લક્ષ્ય મહિલાઓને ગામની અંદર જ રોજગારલક્ષી બનાવવા સાથે સંબંધિત છે. મહિલાઓના જીવનમાં પરિવર્તન લાવવા માટે કોશલ્ય ટ્રેનિગંની સાથે સાથે વ્યક્તિવ વિકાસમાં



છત્તિસગઢના બિલાસપુરમાં બ્યુટી સૈલુનમાં ઉપયોગ કરવામાં આવતી સૌન્દર્ય સામગ્રી પણ પર્યાવરણ પ્રેમી : નવો દાખલો બેસાડ્યો છે

પણ સહાયતા કરવામાં આવી રહી છે. મહિલાઓ પોતાને સશક્ત બનાવી શકે તે દિશામાં પહેલ કરવામાં આવી રહી છે. છત્તિસગઢના ૧૦ જુદા જુદા સ્થળો પર ૧૦ ટ્રેનિંગ સેન્ટર ખોલવામાં આવ્યા છે. ટ્રેનિંગ સેન્ટરથી નિકળી ગયા બાદ બિલાસપુરના અલગ અલગ હિસ્સામાં પોતાના રોજગાર શરૂ કર્યા છે. એડ એટ એક્શનના એન્ટરપ્રાઈઝ મોડલ એન્ડ સ્કિલ ટ્રેનિંગ સેન્ટરમાંથી ચાર મહિલાઓ સિથલેશ સાહુ, પ્રિતી યાદવ, પુર્ણિમા શ્રીવાસ અને સીમા રાજપુતે ટ્રેનિંગ લીધી છે. કોઈ સમય ઘરેલુ કામકાજા અને આજીવિકા માટે સંઘર્ષ કરી ચુકેલી મહિલાઓ ઈકોફ્રેન્ડલી બેમ બ્યુટી સેલુન મારફતે માત્ર બિલાસપુરના જ નહીં બલ્કે દેશની મહિલાઓમાટે પણ દાખલા બેસાડી રહી છે. પર્યાવરણ સુરક્ષાને ધ્યાનમાં રાખીને વાંસથી બનેલવા બેમ બ્યુટી સેલુનનુ સંચાલન કરનાર આ મહિલાઓ પોતાને સ્થાપિત કર્યા બાદ સમાજના કિનારા પર રહેનાર મહિલાઓ માટે રોજગારના દ્વાર ખોલવાની તૈયારી કરી રહી છે. સેલુન સંચાલન સીમા રાજપુતે કહ્યુ છે કે સંઘર્ષના દોરમાં હતી ત્યારે તેની કેરિયરના નિર્માણમાં એડ એટ એક્શનની સૌથી મોટી ભૂમિકા રહેલી છે. જરૂરિ કોમ્પ્યુટર શિક્ષણ, અંગ્રેજી ભાષાનુ જ્ઞાન તેમજ વ્યક્તિત્વ વિકાસ સંબંધી ટ્રેનિંગ સત્રના કારણે તેનો આત્મવિશ્વાસ અનેક ગણો વધી ગયો છે. બેમ બ્યુટી સેલુન અમારી આવકના સાધન તરીકે છે. એડ એડ એક્શન ઈન્ટરનેશનલના લાઈવલીહુડ એજ્યુકેશન, સાઉથ એશિયાના પ્રોગ્રામ ડિરેક્ટર એશ્વર્ય મહાજને કહ્યુ છે કે બેમ બ્યુટી આ ચાર મહિલાઓની જોરદાર મહેતનતના પરિણામ તરીકે છે. તેની અવધારણા સતત વિકાસ સાથે જોડાયેલી છે. તેમણે કહ્યુ છે કે ચાર મહિલાઓએ આગળ આવીને બેમ બ્યુટી ની કલ્પનાને સપાટી પર લાવી દીધી છે. પૂર્ણ રીતે ઈકો ફ્રેન્ડલી સેલુન માત્ર પર્યાવરણ સંરક્ષણમાં જ નહીં બલ્કે વધુને વધુ મહિલાઓ માટે એન્ટરપ્રેન્યોર શિપની પ્રેરણા મુજબ કામ કરનાર છે. તેમણે કહ્યુ છે કે આઈલીડ હેટળ એક મહત્વપૂર્ણ પહેલ છે. જે સમાજના વંચિત વર્ગના યુવાનોને લાઈવલીહુડ એજ્યુકેશન ઉપલબ્ધ કરાવીને આત્મનિર્ભર બનાવે છે. આ કાર્યક્રમ હેઠળ કૌશલ્ય વિકાસ ટ્રેનિંગ અપાય છે. સાથે સાથે સ્કીલ અને કાઉન્સિગ મારફતે તમામનો આત્મવિશ્વાસ વધારે છે. વર્તમાન દોરમાં જળવાયુ પરિવર્તન અને પ્રદુષણ ખાસ કરીને પ્લાસ્ટિક આજના સમયમાં સૌથી મોટી વૈશ્વિક ચિંતાનો વિષય છે. આની સામે ઈકોફ્રેન્ડલી બ્યુટી સેલુન બેમ બ્યુટીના એક દાખલા તરીકે છે.

જળવાયુ પરિવર્તનના કારણે જ નવા નવા વાયરસ અસ્તિત્વમાં....

કોરોનો પહોચે તે પૂર્વે સાવધાની જરૂરી

વાયરસનવા હુમલાના હેવાલ લગભગ દર વર્ષે સપાટી પર આવતા રહે છે. નવા નવા પ્રકારના વાયરસના કારણે દુનિયાના દેશો પરેશાન થયેલા છે. વાયરસ ક્યાંથી જન્મી રહ્યા છે તેને લઈને શોધ કરવાની જરૂરિયાત તો ચોક્કસપણે દેખાઈ રહી છે. ગ્લોબલ વોર્મિંગ, ગ્રીન હાઉસ ગેસેના ઉત્સર્જન, કુદરત સાથે ચેડા , જીવનશેલીમાં અસમતુલાના કારણે જળવાયુ પરિવર્તનની સ્થિતી થઈ રહી છે. જેના કારણે નવા નવા વાયરસના જન્મ થઈ રહ્યા છે. અમે આજે વિકાસના માર્ગમાં આગળ વધવાના દાવા જોરશોરથી કરી રહ્યા છીએ પરંતુ વાસ્તવિકતા એ છે કે આ પ્રકારના નવા અને ખતરનાક વાયરસની સામે તબીબી વિજ્ઞાન પણ નિહાસ સાબિત થાય છે. ચીનમાં હાલમાં જે સ્થિતી છે તે તમામ બાબતોની સાબિતી આપી છે. ચીનમાં ફેલાયેલા ખતરનાક અને જીવલેણ કોરોના વાયરસથી દુનિયાના દેશો હાલમાં ચિંતાતુર બનેલા છે. છેલ્લા ૨૪ કલાકના ગાળામાં જ આ વાયરસના કારણે વધુ ૪૦ લોકોના મોત થઈ ગયા છે. સાથે સાથે દરરોજ હજારો નવા કેસ સપાટી પર આવી રહ્યા છે. ચીનમાં યુદ્ધના ધોરણે આ વાયરસને રોકવા માટે પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કોરોના વાયરસનો કાળો કેર જારી છે. હજુ સુધી કોરોના વાયરસના કારણે ૧૭૦ લોકોના મોત થઈ ચુક્યા છે. જ્યારે અસરગ્રસ્તોની સંખ્યા વધીને ૭૭૪૦ ઉપર પહોંચી ગઈ છે. જે રીતે વાયરસે સકંજો જમાવ્યો છે તે જોતા હાલત કફોડી બનેલી છે. સમગ્ર ચીનમાં કોરોના વાયરસને લઈને વ્યાપક ફફડાટ અને દહેશત છે. ચીનમાં જે વિસ્તારો સૌથી અસરગ્રસ્ત થયા છે તેમાં હુઆગાંગ, એઝાઓ, ચીબી, શિઆતાઓ, ઝિજિયાંગ,



કોરોના સહિતના તમામ નવા વાયરસના ખતરાની સામે તબીબી વિજ્ઞાન નિસહાય છે : ગ્લોબલ વોરેમિંગ, ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જન કારણ છે

છિનજિઆંગ, લિચુઆન અને વુહાનનો સમાવેશ થાય છે. થાઈલેન્ડ, અમેરિકા, તાઈવાન, જાપાન, વિયેતનામ, સિંગાપોર જેવા દેશોમાં વાયરસે આતંક મચાવી દીધો છે. આ દેશો બાદ હવે કરોના વાયરસે યુરોપમાં પણ દહેશત ફેલાવી દીધી છે. ૨૦૦૨-૦૩માં પણ ચીન અને હોંગકોંગમાં કોરોના વાયરસનો આંતક જોવા મળ્યો હતો. એ વખતે ૬૦૦ લોકોના મોત થયા હતા.કોરોના વાયરસના કારણે દુનિયાના દેશો પરેશાન દેખાઈ રહ્યા છે. વિશ્વ આરોગ્ય સંસ્થા પણ ગંભીરતા સાથે આગળ વધી રહી છે. જાણકાર લોકો કહે છે કે કોરોના વાયરસના જેનેટિક કોડના અભ્યાસ બાદ એ બાબત સપાટી પર આવી છે કે આ વાયરસ માનવીને અસર કરવાની ક્ષમતા ધરાવતા સાર્સ નામના વાયરસ જેવા જ છે. ચીનના વુહાન શહેરથી આ વાયરસ ફેલાઈ ગયો છે. સાર્સ નામના વાયરસે અગાઉ ચીનમાં ફફડાટ ફેલાવી દીધા બાદ દુનિયાના ૩૪ દેશોમા ફેલાઈ ગયો હતો. આ વાયરસ શિ ફુડના કારણે ફેલાઈ ગયા બાદ આને ટાળવામાં આવે તે જરૂરી છે. વુહાનમાં ભારતના ૬૦૦ કરતા વધારે વિદ્યાર્થીઓ રહે ચે. નવા વર્ષની રજાના કારણે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાલમાં ભારતમાં હતા. તેમ છતાં ત્રણ સેંકડા કરતા વધારે તો વુહાનમાં જ હતા. આ પ્રકારના ઈન્ફેક્શનની સામે લડવા માટે ભારતમાં હજુ કોઈ નક્કર કાર્યયોજના નથી. જેથી સાવધાની સૌથી ઉપયોગી છે. મેડિકલના જરપ્મલ લેસેન્ટ દ્વારા કરવામા આવેલા સર્વેમાં આ બાબત ઉભરીને સપાટી પર આવી છે કે ભારતમાં દર વર્ષે સારવારના અભાવમાં દમ તોડી દેનાર લોકોની સંખ્યા ૨૭ લાખ જેટલી છે. આ આંકડો ચોક્કસપણે ચિંતા ઉપજાવે છે. ચાર વર્ષ પહેલા આ આંકડો ૧૬ લાખનો હતો. દુનિયાભરમાં આ રોગ પહેલાની તુલનામાં વધારે ઝડપથી ફેલાઈ ગયો છે. ભારતમાં હજુ કોરોના વાયરસના કોઈ મામલા સપાટી પર આવ્યા નથી. જો કે તેને રોકવા માટે જનજાગૃતિ ફેલાવવાનુ કામ સરકારને હાથ ધરવાની જરૂર છે.

હેલ્થી ટ્રિક્સ : બ્રેકફાસ્ટને ટેવ બનાવવા, જંક ફુડથી દુર રહેવાની જરૂર


આ ઉપાયથી ફિટ-એનર્જેટિક રહેશો

આધુનિક ભાગદોડની લાઈફમાં દરેક વ્યક્તિ ફિટ અને એનર્જેટિક રહેવા માટે ઈચ્છુક હોય છે પરંતુ તે જરૂરી સમય કાઢી શકતો નથી. ટેક્સાસમાં હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શરીરમાં બે ટકા પાણીની કમી થવાની સ્થિતીમાં પણ એનર્જી લેવલ ખુબ ઓછુ થઈ જાય છે. ડિહાઈડ્રેશનના કારણે બ્લડવોલ્યુમ ઘટી જાય છે. જેના કારણે લોહી ગાઢ બની જાય છે. જેના કારણે હાર્ટ ઓછા અસરકારક રીતે કામ કરે છે. આનાકારણે ઓક્સીજન અને પૌષક તત્વો ઓછી ગતિથી આપની મસલ્સ અને ઓર્ગન્સ સુધી પહોંચે છે. આના માટે રહી રહીને પાણી પીતા રહેવાની જરૂર હોય છે. નિષ્ણાંત લોકો કહે છે કે સવારે ઉઠી ગયા બાદ વધારે સમય સુધી ભુખ્યા રહેવાની બાબત યોગ્ય નથી. બ્રેકફાસ્ટ કરવાથી આપના મેટાબોલિજમ યોગ્ય રહે છે. જો તમે બ્રેક ફાસ્ટમાં પૌષ્ટિક ભોજન લઈ રહ્યા છો તો દિવસ દરમિયાન ઉર્જા રહે છે. સવારના સમયમાં ભુખ્યા રહેવાની સ્થિતીમાં દિવસ દરમિયાન માથુ ચકરાવે છે. આના કારણે ખુબ થાક લાગે છે. જેથી સવારના સમયમાં નાસ્તાને પ્રાથમિકતા આપવામાં આવે તે જરૂરી છે.જંક ફુડથી દુરી રાખવામાં આવે તે પણ જરૂરી છે. જંક ફુડ ખાવાથી શરીરને કોઈ ઉર્જા મળતી નથી. આ માત્ર સ્વાદમાં ગમી શકે છે. જંક ફુડથી બ્લડ શુગર વધી જાય છે. જેના કારણે આપને વધારે થાક લાગે છે. આપને ભોજનમાં પ્રોટીનયુક્ત ચીજોનો ઉપયોગ કરવાની સલાહ મોટા ભાગના નિષ્ણાંત લોકો આપે છે. ૨૪ કલાક ફિટ અને એનર્જેટિક રહેવા માટે કેટલીક ખરાબ ટેવ છોડી દેવાની જરૂર છે. ખોટી ટેવ છોડી દેવાના કારણે ફિટ રહેવામાં મદદ મળશે.ફિટ અને હેલ્થી રહેવા માટે નિયમિત કસરત જરૂરી બની ગઈ હોવાનું તારણ નવા અભ્યાસમાં બહાર આવ્યું છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે કસરતથી શરીરમાં બ્લડ સરક્યુલેશનમાં ઉલ્લેખનીય વધારો થાય છે. સાથે સાથે આનાથી કુશળતા પણ વધી જાય છે. નોકરીની જગ્યાએ લાંબા સમય સુધી કોમ્પ્યુટરની સામે બેસી રહેવાથી ઘણી તકલીફ ઉભી થઈ શકે છે આવી સ્થિતિમાં નિયમિતપણે કસરત ખૂબ જ જરૂરી છે. નિયમિતપણે કસરત નહીં કરવાથી શરીરમાં બ્લડ સરક્યુલેશનની ગતિ ધીમી પડી જાય છે. યાદશક્તિ અને ધ્યાનશક્તિને વધારવા નિયમિત કસરત જરૂરી બની ગઈ છે. આનાથી શરીરમાં ટોકસીન ફોર્મેશનની ગતિ ધીમી પડે છે. કસરતના સંબંધમાં વારંવાર તારણો સપાટી પર આવી ચૂક્યા છે. નિષ્ણાંતોનું કહેવું છે કે શરીરને ફિટ અને હેલ્થી રાખવા માટે વોકિંગ, સ્વીમીંગ, એરોબીક્સ, સાઈકલીંગ અને બેલી ડાન્સીંગ હવે ઉપયોગી બન્યા છે. વોકિંગને સર્વશ્રેષ્ઠ કસરત તરીકે ગણવામાં આવે છે. દરરોજ જીમમાં જવા માટે આધુનિક સમયમાં સમય નથી. આવી સ્થિતિમાં વોકિંગ કરવાથી ફાયદો થાય છે. દરરોજ ઓછામાં ઓછા ૩૦ મિનિટ સુધી વોકીંગમાં સમય ગાળવામાં આવે તે જરૂરી છે. ભોજન લીધા બાદ ઓછામાં ઓછા પાંચ મિનિટ સુધી ઓફિસના પ્રાંગણમાં વોકિંગ કરવાથી ફાયદો થાય છે. જીમમાં કસરત કરવાથી ડર લાગે છે તો આવી સ્થિતિમાં સ્વીમીંગ પણ વિકલ્પ તરીકે છે. સ્વીમીંગથી શારીરિક પ્રવૃત્તિ વધી જાય છે. બટર ફલાય સ્ટ્રોક, બેગ સ્ટ્રોક, બિગ સ્ટ્રોકથી ફાયદો થાય છે. એરોબીક્સને પણ હવે મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સંગીતના પ્રેમીઓ માટે એરોબીક્સનો વિકલ્પ પસંદ કરવો જોઈએ. આનાથી ટેન્શન ઓછું થાય છે. એરોબીક્સની ક્લાસમાં પણ હાલમાં મોટી સંખ્યામાં લોકો જોવા મળે છે. સાઈકલીંગથી હાર્ટ અને બ્લડ સરક્યુલેશનમાં સુધારો થાય છે. સાઈકલીંગ નિયમિત કરવાથી પગના સ્નાયુ પણ મજબૂત બને છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે માત્ર ત્રણ મિનીટ સુધીની સામાન્ય કસરત પણ સ્થૂળતાને ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ફેટને દૂર કરવામાં કસરતની મહત્વપૂર્ણ ભૂમિકા છે. નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જે લોકો જીમમાં જવામાં આળસ અનુભવ કરે છે અને જે લોકો કસરત માટે સમય નથી તેવી દલીલ કરે છે તે લોકો માટે એક નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે માત્ર ત્રણ મિનીટની કસરત મહત્વપૂર્ણ થઈ શકે છે અને ઘરમાં જ આ કસરત કરી શકાય છે.

ફિલ્મી ગપસપ...

કંગના સાથે પદ્મશ્રી મેળવીને ખુશ છું: કરણ જોહર



મુંબઈ

ફિલ્મ નિર્માતા કરણ જોહર, જેને પ્રદર્શન ક્ષેત્રમાં તેમના યોગદાન માટે પદ્મશ્રી માટે નોમિનેટ કરાયા છે, ત્યારે કરણ કહ્યું કે, હું સમ્માનિત અનુભવી રહ્યો છું, આ વર્ષે કંગનાને પણ પુરસ્કારથી સમ્માનિત કરવામાં આવશે. કંગના રનૌત અને કરણ જોહરની સાથે એકતા કપૂર, અદનાન સામીને પણ પદ્મશ્રી સમ્માનથી સમ્માનિત કરવામાં આવશે.

પદ્મશ્રી સમ્માન મેળવીને કલાકાર ખુશ છે. જે બાદ કંગના અને કરણે એક બીજાને શુભેચ્છા પાઠવી હતી. કરણે કહ્યું કે, કંગના માટે મારી પાસે લાયક કોઈ ફિલ્મ હશે તો હું તેને ફોન કરીશ. કરણે વધુમાં કહ્યું કે, જયારે પદ્મશ્રીની જાહેરાત થઈ ત્યારે તેઓ ઈટલીમાં હતા. કંગનાને સમ્માનિત કરવા પર કરણે કહ્યું કે, તે એવી અભિનેત્રી છે કે, જેણે પોતાની ફિલ્મો સાથે પોતાને સાબિત કર્યું છે. આ એવોર્ડ માટે ડિઝર્વ કરે છે. એકતા અને અદનામ સામી સિવાય, હું કંગનાની સાથે પદ્મશ્રી લઈને પોતાને સમ્માનિત અનુભવી રહ્યો છું.

અકસ્માતમાં શબાના આઝમીને બચાવવા ૨ કિમી દોડનાર જવાનને સન્માનિત કરાયો



મુંબઈ

બોલિવૂડ અભિનેત્રી શબાના આઝમીને અકસ્માન દરમિયાન બચાવવા માટે મહારાષ્ટ્ર સિક્યુરિટી ફોર્સ (એમએસએફ)ના જે જવાન ૨ કિલોમીટર સુધી દોડ્યો હતો તેને હવે સમ્માનીત કરવામાં આવ્યો છે. આ જવાનને એક એનજીઓ તરફથી સમ્માનીત કરવામાં આવ્યો છે. જવાનનું નામ વિવેકાનંદ યોગે છે.

એમએસએફના જવાન વિવેકાનંદ યોગેને લાઈફ સેવિંગ ફાઉંડેશને જોઈન્ટ પોલીસ કમિશ્નરની હાજરીમાં સમ્માનિત કરવામાં આવ્યો હતો. વિવેકાનંદને જ સૌથી પહેલા જાણકારી મળી હતી કે, મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પર કોઈ અકસ્માત થયો છે. ત્યાર બાદ તેણે એક પણ ક્ષણનો વિલંબ કર્યા વગર ઘટનાસ્થળેથી દોડ લગાવી હતીએ. જોકે તે સમયે તો વિવેકાનંદને ખબર જ નહોતી કે જે કારને અમસ્માત નડ્યો છે તેમાં અભિનેત્રી શબાના આઝમી છે. શબાના આઝમીનો ૧૮ જાન્યુઆરીએ મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પર ખાલાપુર ટોલપ્લાઝા નજીક અકસ્માત થયો હતો. એમએસએફ જવાન વિવેકાનંદ ૨ કિલોમીટર દોડીને શબાનાની કાર નજીક પહોંચ્યો તો જાણવા મળ્યું કે અભિનેત્રી બેભાન અવસ્થામાં જ પોતાની સીટ પર પડ્યા હતાં. યોગેએ તત્કાળ બીજા બે વ્યક્તિઓની મદદ લઈને શબાનાની કારની બહાર કાઢી હતી અને રોડ પર લાવીને સુવડાવી હતી. આ દરમિયાન તેણે એમ્બ્યુલન્સને ફોન પણ કર્યો અને ટ્રાફિકને પણ નિયંત્રણમાં રાખવાની કામગીરી અદા કરી.


પ્રિયંકા ચોપરા સુપરહિટ ફિલ્મ મેટ્રિક્સની સિરિઝમાં જોવા મળશે

લોંસ એન્જેલસ

બોલિવુડ એક્ટ્રેસ અને હાલ હોલિવુડ ફિલ્મોમાં વ્યસ્ત એવી ટોચની અભિનેત્રી પ્રિયંકા ચોપરા ટૂંક સમયમાં હોલિવુડની બિગ બજેટ ફિલ્મમાં જોવા મળી શકે છે. રિપોર્ટ્સની માનવામાં આવે તો સુપરહિટ ફિલ્મ મેટ્રિક્સની આગામી સિરિઝમાં તે જોવા મળશે. મેટ્રિક્સ ફેન્ચાઈઝીની ચોથી કડીમાં પ્રિયંકા હોલિવુડ એક્ટર કેનુ રિવ્સ સાથે જોવા મળી શકે છે.

કેનુ રિવ્સે ૧૯૯૯ની સાલમાં મેટ્રિકસનો પહેલો પાર્ટ કર્યો હતો જેને ઘણી લોકપ્રિયતા મળી હતી. આ સાયન્સ ફિક્શન ફિલ્મના અત્યાર સુધીમાં ત્રણ પાર્ટ આવી ચૂક્યા છે.

અભિનેત્રી સન્ની લિયોની હવે ફેન્સ સાથે સેલ્ફિ નહિ પડાવે




મુંબઈ

ફિલ્મોમાં એક્ટિંગ, ડાંસિંગ નંબર કરીને બોલિવૂડમાં પોતાની આગવી ઓળખ ઊભી કરનાર સની લિયોની હવે પ્રોડ્યૂસર બની ગઈ છે. આજકાલ તે પોતાના પતિ ડેનિયલ સાથે એક ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત છે. એક ફિલ્મના શૂટિંગના કારણે જ હાલ જ વિદેશ પ્રવાસ જવા માટે નીકળી છે. પણ સામાન્ય રીતે કેમેરા અને ફેન્સને સેલ્ફી આપવાની તક આપતી સનીએ હવે બધા લોકોથી એરપોર્ટ પર દૂરી કરી લીધી છે. અને તેણે મોં પર માસ્ક પણ પહેર્યો છે. આ તમામ પાછળ કોરોના વાયરસ જવાબદાર છે તેમ ખુદ સનીએ જ જણાવ્યું છે.

બુધવારે સની લિયોનીએ પોતાના પતિ અને ટીમ સાથે એરપોર્ટ પર નજરે પડી. અહીં સનીના હાથમાં માસ્ક હતો. કેટલાક ફેન્સ સેલ્ફીની વાત કરીનો તેની ટીમ આ લોકોને ના પાડી. એક યુવતી સનીને નજીક આવે છે તો સની માસ્ક ચહેરા પર લગાવી દે છે. અને ત્યાંથી નીકળી જાય છે

આ પછી સનીએ પોતાના પતિ ડેનિયલ સાથે એક ફોટો શેયર કર્યો છે. જેમાં બંનેના ચહેરા પર માસ્ક છે. આ ફોટોમાં લખ્યું છે કે સુરક્ષિત નવું કૂલ છે. તમારી આસપાસ શું થાય છે તેનાથી અજાણ ન રહો, તે ના વિચારો કે કોરોના વાયરસ તમને પ્રભાવિત નહીં કરે. સમજદાર બનો અને સુરક્ષિત રહો.

'થપ્પડ' ફિલ્મનો તાપસી પન્નુનો ફર્સ્ટ લુક રિલીઝ, ટ્રેલર આજે લોંચ થશે



મુંબઈ

તાપસી પન્નુની અપકમિંગ ફિલ્મ 'થપ્પડ'નો ફર્સ્ટ લુક રિલીઝ થયો છે. આ ફિલ્મને 'મુલ્ક' અને 'આર્ટિકલ ૧૫' ફેમ ડિરેક્ટર અનુભવ સિન્હાએ ડિરેક્ટ કરી છે. ફિલ્મનું ટ્રેલર આવતીકાલે ૩૧ જાન્યુઆરીના રોજ રિલીઝ થશે. ફિલ્મનો ફર્સ્ટ લુક સોશિયલ મીડિયા પર શેર કરતાં તાપસીએ લખ્યું હતું કે, 'ક્યા યે બસ ઈતની સી બાત હૈ? ક્યા પ્યાર મેં યે ભી જાયઝ હૈ? યે હૈ થપ્પડકી પેહલી ઝલક.' ડિરેક્ટર અનુભવ સિન્હા તેમની ફિલ્મમાં સેન્સિબલ ટોપિક ઉઠાવે છે. તેમની આ ફિલ્મ મહિલા સશક્તિકરણ પર આધારિત છે. તેઓ પહેલીવાર એવી ફિલ્મ બનાવી રહ્યા છે જેનો વિષય મહિલા પર આધારિત છે. અનુભવ સિન્હાએ અગાઉ આ ફિલ્મ વિશે જણાવ્યું હતું કે, 'ફિલ્મમાં મોટાભાગે ફિમેલ સ્ટારકાસ્ટ જ હશે.

ફિલ્મ અતરંગી રેમાં સારા અલી-ધનુષ ચમકશે

મુંબઈ

બોલીવુડ એક્ટ્રેસ સારા અલી ખાનના હાથે એક મોટી ફિલ્મ લાગી છે. સારા અલી ખાન હવે ટુંક સમયમાં અક્ષય કુમાર અને ધનુષ સાથે કામ કરતી દેખાશે. આનંદ એલ રાયની આ ફિલ્મને લઈને આવી રહ્યાં છે. ફિલ્મનુ નામ છે 'અતરંગી રે'. ફિલ્મને લઈને કહેવાઈ રહ્યુ છે કે આમાં અક્ષય કુમાર મુખ્ય ભુમિકામાં છે.

અક્ષય કુમારની ભૂમિકાને લઈને આનંદ એલ રાયે કહ્યું કે આ ભુમિકા માટે એક સિક્યોર એક્ટરની જરૂરિયાત હતી અને અક્ષય કુમાર પોતાના અલગ અલગ રોલ માટે જાણીતો છે.

વળી, ફિલ્મમાં સારા અલી ખાન અને ધનુષની પેર વિશે કહ્યુ કે આ એક અલગ પ્રકારની જોડી હશે જેમને દર્શક પસંદ કરશે. આમાં સારા અલી ખાન અને ધનુષ રોમાન્સ કરતાં પણ દેખાશે. અક્ષયકુમારે કહ્યું કે, હું હંમેશાથી આનંદ એલ રાય સાથે કામ કરવા માટે ઈચ્છુ છુ, જ્યારે તેમને મને આ ફિલ્મની કહાની સંભળાવી તો મેં ૧૦ મિનીટમાં જ તેના માટે હા પાડી દીધી હતી.

અક્ષયે કહ્યું મારુ, સારાનુ અને ધનુષનુ કૉમ્બિનેશન આ ફિલ્મમાં અતરંગી છે. ઉલ્લેખનીય છે કે, આ વર્ષે ૧લી માર્ચે ફિલ્મ ફ્લોર પર જશે. જોકે રિલીઝ ડેટને લઈને હજુ સુધી કંઈપણ કહેવાયુ નથી.

રમત જગત વિશેષ

મેં અર્ધસદી ન ફટકારી હોત તો સુપર ઓવરમાં શ્રેયસ અૈય્યરને મોકલાત: રોહિત શર્મા

હેમિલ્ટન

ભારતીય ટીમના વાઈસ કેપ્ટન રોહિત શર્માએ બુધવારે ન્યૂઝીલેન્ડ સામેની ત્રીજી ટી-૨૦ મેચમાં શાનદાર બેટિંગ કરીને ભારતને જીત અપાવી. સુપર ઓવર સુધી પહોંચેલી આ રોમાંચક મેચમાં રોહિતે પહેલા ૪૦ બોલમાં ૬૫ રનની ઈનિંગ રમી હતી. તો સુપર ઓવરમાં છેલ્લી ૨ બોલ પર તેણે સિક્સ લગાવીને ટીમ ઈન્ડિયાને ઐતિહાસિક જીત અપાવી હતી. રોહિતે આ મેચ બાદ જણાવ્યું કે, તે સુપર ઓવરમાં બેટિંગ કરવા માટે તૈયાર નહોતો.

તેણે જણાવ્યું કે, સુપર ઓવરમાં બેટિંગ કરતા પહેલા તેને તૈયાર થવામાં ૫ મિનિટ લાગી ગઈ. કારણ કે તેને પોતાનું એબડોમિનલ ગાર્ડ નહોતું મળ્યું. રોહિતે કહ્યું, મારો સામાન બેગની અંદર પેક હતો. મારે તે બધો સામાન બહાર કાઢવાનો હતો. મને લગભગ ૫ મિનિટ એડોમિનલ ગાર્ડ શોધવામાં લાગી ગઈ હતી કારણ કે મને નહોતી ખબર કે તે ક્યાં રાખ્યું હતું.

રોહિત શર્માએ કહ્યું, મને આશા નહોતી કે મેચ સુપર ઓવર સુધી પહોંચી જશે. જો આ મેચમાં તેણે હાફ સેન્ચ્યુરી નહીં લગાવી હોત તો તે સુપર ઓવરમાં પોતાના સ્થાને શ્રેયસ અય્યરને મોકલતા.

ન્યૂઝીલેન્ડ ટીમની ચોતરફ પ્રશંસા: વિરોધી ટીમને ખેલાડીને ખભા પર બેસાડી બહાર લઈ ગયા

કેપટાઉન

ન્યુઝીલેન્ડની ટીમ બુધવારે સુપર ઓવરમાં ભારત સામેની ટી -૨૦ મેચ હારી ગઈ પરંતુ તેમની જુનિયર ટીમ (અંડર -૧૯) વર્લ્ડ કપના સેમિફાઇનલમાં પહોંચી ગઈ છે. હવે તેઓ સાઉથ આફ્રિકા અને બાંગ્લાદેશ વચ્ચેની સુપર લીગ ક્વાર્ટર ફાઇનલ મેચની વિજેતા સામે ટકરાશે.

બેનોની (દક્ષિણ આફ્રિકા) માં રમાયેલા અંડર -૧૯ વર્લ્ડ કપની સુપર લીગ ક્વાર્ટર ફાઇનલમાં ન્યુઝીલેન્ડે વેસ્ટ ઇન્ડીઝને ૨ વિકેટેથી હરાવી દીધી. પહેલા બેટિંગ કરતા વિન્ડીઝની ટીમ ૪૭.૫ ઓવરમાં ૨૩૮ રનમાં ખસી ગઈ હતી. ન્યૂઝીલેન્ડની ટીમે ૪૯.૪ ઓવરમાં ૮ વિકેટ ગુમાવીને વિજયનો લક્ષ્યાંક હાંસલ કર્યો હતો.

આ મેચ ન્યૂઝીલેન્ડના ખેલાડીઓની રમતગમત માટે યાદ કરવામાં આવશે. જ્યારે વેસ્ટ ઇન્ડીઝના બેટ્સમેનને ચાલવામાં મુશ્કેલી થતી હતી ત્યારે કિવી ક્રિકેટરોએ તે ખેલાડીને ટેકો આપ્યો હતો.

આ મેચમાં વિન્ડીઝ તરફથી સૌથી વધુ રન બનાવનાર કિર્ક મેકેન્ઝી ૯૯ રન બનાવીને નિવૃત્ત થયો હતો. તે સમયે ટીમનો સ્કોર ૬ વિકેટ પર ૨૦૫ હતો.

ભારત સિરિઝમાં ૩-૦થી આગળ,સેમસન-પંત વચ્ચે ઈલેવનની રેસ

વેલિંગ્ટનમાં આજે ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચે ચોથી ટી-૨૦

વેલિંગ્ટન

સિરીઝમાં અજેય સરસાઈ બનાવ્યા બાદ ભારત શુક્રવારે વેલિંગ્ટનમાં ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ચોથી ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં બેન્ચ સ્ટ્રેન્થને અજમાવી શકે છે. પરંતુ વિરાટ કોહલીની ટીમ યજમાન વિરુદ્ધ અતિ ઉત્સાહથી બચવા ઈચ્છશે. આ મેચ ભારતીય સમયાનુસાર બપોરે ૧૨.૩૦ કલાકે શરૂ થશે.

મોહમ્મદ શમીની શાનદાર અંતિમ ઓવર અને રોહિત શર્માની બે છગ્ગાની મદદથી ભારતે બુધવારે ન્યૂઝીલેન્ડને સુપર ઓવરમાં હરાવીને પાંચ મેચોની સિરીઝમાં ૩-૦થી અજેય સરસાઈ બનાવી લીધી છે.

પાંચ મેચોની ટી૨૦ આંતરરાષ્ટ્રીય સિરીઝ વધુ જોવા મળતી નથી અને ભારતે પહેલા જ સિરીઝ જીત્યા બાદ બંન્ને ટીમો આ વર્ષે રમાનારા ટી૨૦ વિશ્વકપને જોતા બાકી બચેલી મેચોમાં તમામ સંયોજનોને અજમાવવા ઈચ્છશે.

ભારતીય ટીમની પાસે ૫-૦થી ક્લીન સ્વીપ કરવાની સાથે ઈતિહાસ રચવાની તક છે. ભારત જો પ્રયોગ કરવાનો વિકલ્પ પસંદ કરે છે તો સંજૂ સેમસન અને રિષભ પંતને તક આવી શકાય છે. પંતને અંતિમ ઈલેવનમાં તક મળવાની સંભાવના વધુ છે, પરંતુ તેની પસંદગી પર નિર્ભર રહેશે કે ક્યાં બેટ્સમેનને બહાર કરવામાં આવે છે અને લોકેશ રાહુલ વિકેટકીપિંગ જારી રાખે છે કે નહીં.

ટોપ ત્રણમાં રોહિત શર્મા, રાહુલ અને કોહલીની ટીમમાં જગ્યા પાકી છે, જ્યારે અય્યર શાનદાર ફોર્મમાં ચાલી રહ્યો છે. મનીષ પાંડે અને શિવમ દુબેને વધુ એક તક આપવાની જરૂર છે. ટોપ ચારમાંથી કોઈપણ બેટ્સમેનને આગામી બે મેચોમાં આરામ આપી શકાય છે. આગામી બે મેચોમાં જો એક-એક કરીને રોહિત તથા કોહલીની આરામ આપવામાં આવે તો ચોંકાવનારી વાત હશે નહીં અને તેનાથી યુવા ખેલાડીઓને તક આપવાનો માર્ગ સરળ બનશે.

બોલિંગ વિભાગમાં ફેરફારની વધુ આશા છે. વોશિંગટન સુંદર, કુલદીપ યાદવ અને નવદીપ સૈની તકની રાહ જોઈ રહ્યાં છે. ત્રણેયને એક સાથે તક મળશે નહીં, પરંતુ ટીમ મેનેજમેન્ટ એક સ્પિનર અને એક ફાસ્ટ બોલરને રોટેટ કરી શકે છે.

ન્યૂઝીલેન્ડની અંતિમ ઈલેવનમાં પણ ફેરફાર નક્કી છે. કોલિન ડી ગ્રાન્ડહોમને અંતિમ બે મેચ માટે ટીમમાં સ્થાન મળ્યું નથી તેના સ્થાને બેટ્સમેન ટોમ બ્રૂસને સામેલ કરવામાં આવ્યો છે. યજમાન ટીમ પોતાના બેટિંગ ક્રમને મજબૂત કરી શકે છે કારણ કે અત્યાર સુધી તેનો મધ્યમક્રમ આશા પ્રમાણે પ્રદર્શન કરી શક્યો નથી.

ભારત: રોહિત શર્મા, લોકેશ રાહુલ, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર, મનીષ પાંડે, શિવમ દુબે, રવિન્દ્ર જાડેજા, શાર્દુલ ઠાકુર, જસપ્રીત બુમરાહ, યુજવેન્દ્ર ચહલ અને મોહમ્મદ શમી.

ન્યૂઝીલેન્ડ: માર્ટિન ગુપ્ટિલ, કોલિન મુનરો, કેન વિલિયમ્સન, રોસ ટેલર, ટિમ સેફર્ટ, ટોમ બ્રૂસ, મિશેલ સેન્ટનર, ટિમ સાઉદી, ઈશ સોઢી, બ્લેયર ટિકનર, હાશિમ બેનેટ.

ભારત વિરુદ્ધ વન-ડે સિરિઝ માટે ન્યૂઝીલેન્ડ ટીમ જાહેર: બોલ્ટ,ફર્ગ્યુસન,હેનરી બહાર

વેલિંગ્ટન

મુખ્ય ફાસ્ટ બોલરોની ઈજાને કારણે ન્યૂઝીલેન્ડે ભારત વિરુદ્ધ હેમિલ્ટનમાં પાંચ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલી ત્રણ મેચોની એકદિવસીય સિરીઝ માટે નવા બોલરોની પસંદગી કરવા માટે મજબૂર થવું પડ્યું છે. સિરીઝ દરમિયાન કાઈલ જેમીસનને પર્દાપણની તક મળી શકે છે જ્યાકે સ્કોટ કગીલેન અને હામિશ બેનેટે લાંબા સમય બાદ ટીમમાં વાપસી કરી છે. ઈજાને કારણે ટ્રેન્ટ બોલ્ટ, લોકી ફર્ગ્યૂસન અને મેટ હેનરી જેવા બોલર સિરીઝમાં ઉપલબ્ધ નથી.

ટીમને અનુભવી ફાસ્ટ બોલર ટિમ સાઉદી પાસે ઘણી આશા હશે જ્યારે કોલિન ડી ગ્રાન્ડહોમને અંતિમ બે ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચો માટે બહાર કર્યા બાદ વનડે ટીમમાં તક આપવામાં મળી છે. જિમી નીશામ અને મિશેલ સેન્ટનર ઓલરાઉન્ડરની ભૂમિકા ભજવશે. આ વચ્ચે ઈશ સોઢીને માત્ર પ્રથમ વનડે માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

ભારત એ અને ન્યૂઝીલેન્ડ એ વચ્ચે ૭ ફેબ્રુઆરીથી કાઈસ્ટચર્ચમાં રમાનારી બીજી અનૌપચારિક ટેસ્ટ માટે તેને રિલીઝ કરવામાં આવશે. કોચ ગૈરી સ્ટીડે કહ્યું કે, તેની ટીમ આગામી સિરીઝમાં મળનારા પડકારથી વાકેફ છે અને તેના બેટ્સમેનોએ સારૂ પ્રદર્શન કરવું પડશે.

વનડે ટીમ આ પ્રકારે છે: કેન વિલિયમ્સન (કેપ્ટન), હાશિમ બેનેટ, ટોમ બ્લંડેલ, કોલિન ડિ ગ્રાન્ડહોમ, માર્ટિન ગુપ્ટિલ, કાઈલ જેમીસન, સ્કોટ કગીલેન, ટોમ લાથમ, જિમી નીશામ હેનરી નિકોલ્સ, મિશેલ સેન્ટનર, ઈશ સોઢી (પ્રથમ વનડે માટે), ટિમ સાઉદી અને રોસ ટેલર.

ધોનીની કેપ્ટનશિપમાં રમશે વિરાટ કોહલી અને રોહિત શર્મા..!!



મુંબઈ

મહેન્દ્રસિંહ ધોની વિશે કહેવામાં આવે છે કે તે ફક્ત પોતાની બેટિંગથી જ નહીં કેપ્ટનશિપથી પણ મેચ જીતાડવાની ક્ષમતા રાખે છે. ધોની જુલાઈ ૨૦૧૯થી ક્રિકેટના મેદાન પર રમતો જોવા મળ્યો નથી. જોકે તે ફરી એક વખત કેપ્ટનની ભૂમિકા માટે તૈયાર છે. ધોની છેલ્લે આઈસીસી વર્લ્ડ કપ-૨૦૧૯ની સેમિ ફાઈનલમાં રમ્યો હતો. આ પછી ધોનીના ભવિષ્યને લઈને અટકળોનું બજાર ગરમ છે. ધોનીએ આ વિશે સ્થિતિ સ્પષ્ટ કરી નથી.

ધોની આઈપીએલમાં ચેન્નાઈ સુપરકિંગ્સ તરફથી રમે છે. તે પોતાની ટીમને ત્રણ વખત ચેમ્પિયન બનાવી ચૂક્યો છે. આઈપીએલની-૧૩મી સિઝન આ વર્ષે ૨૯ માર્ચથી શરુ થશે. ફાઈનલ મેચ ૨૪ મેના રોજ મુંબઈમાં રમાશે. આઈપીએલના ઉદ્ઘાટનના ત્રણ દિવસ પહેલા એક ઓલ સ્ટાર મેચનું આયોજન કરવામાં આવશે. માનવામાં આવે છે કે તેમાં આઈપીએલ (IPL)ની બધી આઠ ફ્રેન્ચાઈઝીના ખેલાડી સામેલ થશે. આ મેચ ઉત્તર-પૂર્વ ભારતની ચાર ફ્રેન્ચાઈઝી કિંગ્સ ઈલેવન પંજાબ, દિલ્હી કેપિટલ્સ, રાજસ્થાન રોયલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ અને દક્ષિણ-પશ્ચિમ ભારતની ફ્રેન્ચાઈઝી ચેન્નાઈ સુપરકિંગ્સ, રોયલ ચેલેન્જર્સ બેંગલોર, સનરાઈઝર્સ હૈદરાબાદ અને મુંબઈ ઈન્ડિયન્સના ખેલાડીઓ વચ્ચે થશે.

જો આમ થશે તો ફરી વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા દિગ્ગજ બેટ્સમેનો ધોનીની કેપ્ટનશિપમાં રમતો જોવા મળશે. આમ એટલા માટે કારણ કે ધોની ચેન્નાઈ સુપરકિંગ્સનો કેપ્ટન છે. જ્યારે કોહલી પાસે રોયલ ચેલેન્જર્સ બેંગલોર અને રોહિત શર્મા પાસે મુંબઈ ઈન્ડિયન્સની કેપ્ટનશિપ છે. આવા સમયે જ્યારે આ ત્રણેય ખેલાડી ઓલ સ્ટાર મેચમાં એક ટીમ તરફથી રમશે તો એ વાતમાં કોઈ શંકા નથી કે ટીમની કેપ્ટનશિપ ધોનીના હાથમાં રહેશે. આ ટીમમાં એબી ડી વિલિયર્સ, શેન વોટ્સન, બુમરાહ અને લસિથ મલિંગા પણ જોવા મળી શકે છે.



વસંતપંચમીને લઈ આજે પ્રયાગરાજમાં ઉતરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે ગંગામાં આસ્થાની ડૂબકી લગાવી હતી. ગત રોજ મુખ્યમંત્રી યોગી ગંગા યાત્રાને લઈ પ્રયાગરાજ ખાતે પહોંચ્યાં હતાં. જ્યાં ગુરૂવારની સવારે યોગી આદિત્યનાથ, રાજ્ય પ્રધાન સિદ્ધાર્થનાથ સિંહ, ભાજપ પ્રદેશ અધ્યક્ષ સ્વતંત્રદેવ સિંહ, પ્રધાન મહેન્દ્રસિંહ અને અન્ય નેતાઓએ પણ ગંગામાં આસ્થાની ડૂબકી લગાવી હતી.

હવે નોન-એક્ઝિક્યુટિવ ચેરમેન અને ડાયરેક્ટર બનશે

રાહુલ બજાજ ઓટોના એક્ઝિક્યુટિવ ચેરમેનનું પદ છોડશે

ન્યુ દિલ્હી

રાહુલ બજાજ(૭૫) બજાજ ઓટોના એક્ઝિક્યુટિવ ચેરમેનનું પદ છોડશે. તેમનો કાર્યકાળ ૩૧ માર્ચ ૨૦૨૦ના રોજ પૂર્ણ થઈ રહ્યો છે. બાદમાં રાહુલ બજાજ નોન એક્ઝિક્યુટિવ ડાયરેક્ટરની ભૂમિકામાં આવશે એટલે કે ગ્રુપના નિર્ણયમાં તેમની સીધી દખલ હશે નહિ. બજાજ ઓટોએ ગુરુવારે આ માહિતી આપી છે. બોર્ડે તેમની એપ્રિલ ૨૦૧૫માં એક્ઝિક્યુટિવ ચેરમેન પદે નિમણૂક કરી હતી. તેમનો કાર્યકાળ ૫ વર્ષનો હતો. કંપનીએ જણાવ્યું કે કેટલાક પ્રતિબંધોના કારણે તેમણે કંપનીના પૂર્ણકાલિન ડાયરેક્ટરના રૂપમાં કામ ન કરવાનો નિર્ણય લીધો હતો. બજાજ ઓટાના બોર્ડ મેમ્બર્સની બેઠકમાં નોન-એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર તરીકે રાહુલ બજાજની નિમણૂકને મંજૂરી આપવામાં આવી. નવા રોલમાં તેમનો કાર્યકાળ એક એપ્રિલ ૨૦૨૦થી શરૂ થશે. સેબીના નિયમો મુજબ નોન એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે નિમણૂક માટે પોસ્ટલ બેલેટ દ્વારા શેર હોલ્ડર્સની મંજૂરી લેવામાં આવશે.

બજેટ અગાઉ શેરબજારમાં મંદીઃ સેન્સેક્સ ૨૮૪ અંક ઘટી ૪૦૯૧૩ની સપાટીએ

મુંબઈ

ગુરુવારે શેરબજારમાં ઘટાડો નોંધાયો હતો. સેન્સેક્સ ૨૮૪ અંક ઘટીને ૪૦,૯૧૩ની સપાટી પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી ૯૩ પોઈન્ટના ઘટાડા સાથે ૧૨,૦૩૫ની સપાટીએ બંધ થયો. જો કે, શેરબજારની શરૂઆત પણ ઘટાડા સાથે થઈ હતી. ગુરુવારે સવારે ૯.૩૬ વાગ્યે સેન્સેક્સ ૧૮૪ અંક ગુમાવી ૪૧,૦૧૩ પર બંધ થયો હતો. ત્યારે નિફ્ટી પણ ૬૩ પોઈન્ટના ઘટાડા સાથે ૧૨,૦૭૬ પર બંધ થયો.

બુધવારે શરૂઆતમાં ભારતના મુખ્ય શેર બજારોએ જોર પકડ્યું હતું. આ સમયગાળા દરમિયાન એચડીએફસી બેંક, આઈટીસી, આરઆઈએલ અને ઈન્ફોસિસ જેવી મોટી કંપનીઓના શેરમાં વધારો નોંધવામાં આવ્યો હતો. બુધવારે બીએસઈના ૩૦ શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ ૨૩૧.૮૦ અંક વધીને ૪૧,૧૯૮.૬૬ના સ્તર પર બંધ થયા છે. ઈન્ટ્રા-ડે દરમિયાન તે ૪૧,૩૩૪.૮૬ની સપાટીએ ગયો હતો. તે જ સમયે, એનએસઈના ૫૦ શેરો વાળા નિફ્ટીમાં પણ ૭૩.૭૦ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો. તે ૧૨,૧૨૯.૫૦ પર રહ્યો હતો.

સેન્સેક્સ પેકમાં બજાજ ફાઈનાન્સના શેરમાં સૌથી વધુ ૪.૯૫% નો ઉછાળો નોંધાયો હતો. નેસ્લે ઈન્ડિયા, આઈટીસી, આરઆઈએલ, ઈન્ફોસીસ અને એનટીપીસીના શેર પણ ઉછાળા સાથે બંધ થયા હતા.

કુદરતી ગૅસ પર જીએસટી લાદવાનો તેલ મંત્રાલયનો ફરી પ્રસ્તાવ

ન્યુ દિલ્હી

અનેક પ્રકારના કરો ઘટાડીને પર્યાવરણને યોગ્ય એવા બળતણનો ઉપયોગ વધારવા અને વેપારનું વાતાવરણ વધારવા માટે કેન્દ્રીય બજેટની જાહેરાત અગાઉ તેલ મંત્રાલયે ફરીથી કુદરતી ગૅસને જીએસટીના દાયરામાં સામેલ કરવાનો પ્રસ્તાવ કર્યો છે. શરૂઆતમાં ૧લી જુલાઈ ૨૦૧૭માં જ્યારે જીએસટીનો અમલ શરૂ કરાયો હતો ત્યારે રાજ્ય સરકારની આવક ઓછી ન થાય એ કારણસર ક્રૂડ તેલ, કુદરતી ગૅસ, પેટ્રોલ, ડીઝલ અને એટીએફને જીએસટીના દાયરાથી બહાર રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

મંત્રાલયે જણાવ્યુ હતું કે હાલ કુદરતી ગૅસ પર વૅટ ઉથી ૨૦ ટકા સુધી લેવામાં આવે છે. જો કુદરતી ગૅસને જીએસટી હેઠળ આવરી લેવામાં આવશે તો આખા દેશમાં એના પરથી એક્સાઈઝ અને વૅટ હટાવી લેવાશે અને એક સરખા ભાવે જીએસટીનો કર લાદવામાં આવશે. આ કારણે આર્થિક ગતિવિધિ વધશે જે રોજગારની તકો ઊભી કરશે અને રાજ્યોનું સ્થાનિક ઉત્પાદન વધશે તથા સામાજિક-આર્થિક વિકાસ વધારશે.

કેન્દ્રીય તેલ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે કુદરતી ગૅસ જીએસટીમાં ન આવતો હોવાથી નાના ઉદ્યોગો એને ખરીદવા માટે ચુકવેલા વેટને કરમાફી માટે ગણાવી નથી શકતા. અમારા મતે એટીએફ (વિમાનોનું ઈંધણ)ને પણ જીએસટીમાં લાવી શકાય એમ છે.

ડેઈલી એક્ટિવ યુઝરમાં લગભગ ૧૧ ટકાનો વધારો નોંધાયો

ફેસબુકનો ઓક્ટોબર-ડિસેમ્બરનો ત્રિમાસિક નફો વધીને ૭.૩૪ અબજ ડોલરને પાર

કેલિફોર્નિયા

ફેસબુકનો ઓક્ટોબર-ડિસેમ્બર,૨૦૧૯માં પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં ચોખ્ખો નફો ૬.૮૮ અબજ ડોલર (રૂા.૪૯,૧૮૨ કરોડ)થી સાત ટકા વધી ૭.૩૪ અબજ ડોલર (રૂપિયા ૫૨,૫૨૦ કરોડ) થયો છે. સમીક્ષા હેઠળની અવધીમાં કંપનીની આવક પણ ૧૬.૯૧ અબજ ડોલર (૧.૨૦ લાખ કરોડ રૂપિયા)થી લગભગ ૨૫ ટકા વધી ૨૧.૦૮ અબજ ડોલર (૧.૫૦ લાખ કરોડ રૂપિયા) થઈ છે. અલબત કંપનીની આવકમાં સતત ચોથા ત્રિમાસિક ગાળા દરમિયાન આવકમાં ૩૦ ટકા કરતા ઓછી વૃદ્ધિ નોંધાઈ છે.

ફેસબુકે ત્રિમાસિક પરિણામોની સાથે સંપૂર્ણ વર્ષ માટેના પરિણામો પણ રજૂ કર્યા છે. વર્ષ ૨૦૧૯માં કંપનીએ ૧૮.૪૮ અબજ ડોલર (૧.૩૨ લાખ કરોડ રૂપિયા)ની કમાણી નોંધાવી છે. તે વર્ષ ૨૦૧૮ની તુલનામાં ૧૬ ટકા ઓછી છે. વર્ષ ૨૦૧૮માં કંપનીને ૨૨.૧૧ અબજ ડોલર (૧.૫૮ લાખ કરોડ રૂપિયા) નફો થયો હતો. કાયદાકીય ખર્ચ માટે ઓક્ટોબર-ડિસેમ્બર ત્રિમાસિક ગાળામાં કંપનીએ ૫૫ કરોડ ડોલર (૩,૯૩૦ કરોડ રૂપિયા)ની જોગવાઈ કરી છે. ફેસબુક પર લાખો યુઝરનો ડેટા કોઈ પણ પ્રકારની પરવાનગી વગર સ્ટોર કરવા અંગે ચુકાદો ચાલી રહ્યો છે.

ફેસબુકની વિવિધ સર્વિસિસ જેવી કે ફેસબુક, વોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામ ઉપયોગ કરનારા યુઝર પણ ડિસેમ્બર ત્રિમાસિક ગાળામાં ૧૧ ટકા વધ્યા છે.

પ.બંગાળની ટેક્સ રેવન્યુમાં ૧૩.૪૪ ટકાનો વધારો

ગુજરાત સહિત દેશના છ રાજ્યોમાં વેરાની કુલ આવકમાં ઘટાડો

ન્યુ દિલ્હી

દેશનાં ૬ રાજ્યો આંધ્રપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, પંજાબ, મણિપુર અને ઉત્તરાખંડમાં પાછલા વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ આઠ મહિના દરમિયાન તેમનાં વેરાની કુલ આવકમાં ઘટાડો જોવા મળ્યો છે જ્યારે પશ્ચિમ બંગાળની ટેક્સ રેવન્યુમાં ૧૩.૪૪ ટકાનો વધારો જોવા મળ્યો છે.

રાજ્યોની મોટાભાગની આવક કેન્દ્રનાં ડિવિઝનેબલ ટેક્સ પૂલ, જીએસટી, વેટ અને આલ્કોહોલ પર એક્સાઈઝ ડ્યુટી થકી થાય છે. જોકે આ તમામ રાજ્યોમાં વેટ અને જીએસટી કલેક્શન ઘટ્યું છે. અત્રે નોંધનીય છે કે સરકારે રાજ્યોને જીએસટીની ભરપાઈ કરી આપવાનું વચન આપ્યું હતું. બીજી તરફ આંધ્રપ્રદેશમાં આ સમયગાળા દરમિયાન ટેક્સ રેવન્યુમાં ૧૧.૪ ટકાનો ઘટાડો થયો છે, જ્યારે પંજાબમાં ૧૦.૪ ટકાનો ઘટાડો થયો છે. આ બંને રાજ્યોની આવક અંગેના ડિસેમ્બર સુધીના આંકડા પણ ઉપલબ્ધ છે.

જો તેને ધ્યાનમાં લેવામાં આવે તો કેરળની આવકમાં ૧૦.૯ ટકાનો ઘટાડો થયો છે. પંજાબે વૃદ્ધિ નોંધાવી છે છતાં તેની ટેક્સ આવકમાં ૧૧.૭ ટકાની ઘટ નોંધાઈ છે. અન્ય એક રાજ્ય મણિપુરની ટેક્સ આવકમાં પણ એપ્રિલ-નવેમ્બર ૨૦૧૯ દરમિયાન ૧૧.૭ ટકાનો ઘટાડો નોંધાયો છે. આ સમયગાળા દરમિયાન ઉત્તરાખંડમાં પણ ટેક્સ આવકમાં ૦.૩૫ ટકાની ઘટ જોવાઈ છે.

ગુજરાતની વાત કરવામાં આવે તો રાજ્યની ટેક્સ આવકમાં ૩.૧૧ ટકાનો ઘટાડો નોંધાયો છે જ્યારે ઔધોગિક રાજ્ય મહારાષ્ટ્રમાં નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રથમ આઠ માસમાં ૦.૩ ટકાનો ઘટાડો નોંધાયો છે. જોકે મહારાષ્ટ્રમાં ડિસેમ્બર માસ દરમિયાન વૃદ્ધિ જોવા મળી છે જેને કારણે ચાલુ નાણાંકીય વર્ષનાં પ્રથમ ૮ માસ દરમિયાન તેની ટેક્સ આવકમાં ૨.૮૭ ટકાનો વધારો જોવાયો છે.

મુંબઈમાં ઓવરબ્રિજ તૂટી પડતાં વાહનો દટાયાઃ ૨ લોકો ઘાયલ

મુંબઈ

મુંબઈના માનખુર્દ વિસ્તારમાં બની રહેલો એક ફૂટ ઓવરબ્રિજ બુધવારે રાત્રે અચાનક તૂટી પડતાં કેટલાંક વાહનો કચડાયાં હતાં અને કમ સે કમ બે વ્યક્તિને ગંભીર ઈજા થઈ હતી.

આ માહિતી મળતાં મુંબઈ પોલીસ ઘટનાસ્થળે ધસી ગઈ હતી અને આ રોડ તરત બંધ કરી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ વીજસંચાલિત કટર વડે બ્રિજ નીચે ફસાયેલાં વાહનોને કાઢવાની પ્રક્રિયા શરૂ થઈ હતી.

આ પુલ નીચે એક ટ્રક અને બીજાં બે વાહનો કચડાયાં હતાં. આશ્વાસન એ હતું કે રાતનો સમય હોવાથી અહીં અવરજવર ઓછી હ તી. ધસારાના સમયે આવી કોઈ ઘટના બની હોત તો ભારે જાનહાનિ થઈ હોત. રાજ્ય સરકારે આ દુર્ઘટનાની તપાસનો ત્વરિત આદેશ આપ્યો હતો.

બસમાં મહિલાઓની બેઠક પર બેસનાર પુરુષોને દંડ ફટકારાશે

ભૂવનેશ્વર

સિટી બસમાં પ્રવાસ કરતી મહિલાઓની સુરક્ષા માટે ભુવનેશ્વરની સીટી બસમાં મહિલાઓની બેઠક પર બેસનાર પુરુષોને દંડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

પોલીસ ભવનમાં ભુવનેશ્વર-કટક પોલીસ કમિશનરેટ, પાંચ સ્થાનિક બસ માલિક સંઘના પ્રતિનિધિઓ અને સ્પેશિયલ પોલીસ અધિકારીઓની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે બસમાં પ્રવાસ કરતી મહિલાઓની છેડતી થતી હોવાની વાત અવારનવાર જાણવા મળે છે. સિટી બસમાં પ્રવાસ કરતી મહિલાઓની સુરક્ષા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, દંડની રકમ હજુ સુધી નક્કી નથી કરાઈ.

વાયુસેનાને ૨૦૦૦થી ફાઈટર સ્કવૉડ્રન સોંપવામાં આવ્યા

ન્યુ દિલ્હી

ભારતીય વાયુસેનાએ પુનર્ગઠનના પ્રયત્નો કરીને પોતાની લડતની ક્ષમતાને લગભગ ૨૦ ટકા સુધી વધારી દીધી છે. આનાથી વાયુસેનાના ફાઈટર સ્કવૉડ્રનને યુદ્ધ માટે શ્રેષ્ઠ તૈયારી કરવામાં મદદ મળશે.

વાયુસેનાના સૂત્રો અનુસાર, છેલ્લા કેટલાક મહિનાઓમાં ૨૦૦૦થી વધારે વાયુ યોદ્ધાઓ અને ટેકનિશિયનોની ટીમને ફાઈટર સ્કવૉડ્રનને સોંપવામાં આવ્યા છે. આ વાયુસેના કર્મીઓને વાયુસેના મુખ્યાલય અને કમાન્ડ મુખ્યાલયોથી દૂર કરીને ફિલ્ડ ડ્યુટીમાં લગાવવામાં આવ્યા છે.

આજથી સંસદનું પહેલા પાનાથી ચાલુ

ઘેરવાનો પ્રયાસ કરાય તેમ છે. જો કે સત્તાપક્ષ ભાજપ અને સરકારમાં સહયોગી પક્ષોએ તેનો સામનો કરવાની તૈયારીઓ પણ કરી હોવાનું મનાય છે.

સૂત્રોએ કહ્યું કે, આવતીકાલ શુક્રવારે બજેટઃ૨૦-૨૧ના એક દિવસ પહેલા કેન્દ્ર સરકાર બપોરે સંસદમાં આર્થિક સર્વે રજૂ કરશે.આર્થિક સર્વે દેશનું તાજેતરનું ચિત્ર રજૂ કરે છે, જેના આધારે સરકાર બજેટ તૈયાર કરે છે. શુક્રવારથી સંસદનું બજેટ સત્ર શરૂ થશે. સંસદના સેન્ટ્રલ હોલમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના સંબોધન સાથે બજેટ સત્રની શરૂઆત થશે. નાણામંત્રી નિર્મલા સીતારામન રાષ્ટ્રપતિના સંબોધન પછી ટૂંક સમયમાં લોકસભા અને રાજ્યસભામાં આર્થિક સર્વે રજૂ કરશે.

નાણામંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરીએ સવારે ૧૧ વાગ્યે લોકસભામાં બજેટ રજૂ કરશે. અહીં બજેટ રજૂ કર્યા પછી, તે રાજ્યસભાના ટેબલ પર મૂકવામાં આવશે. બજેટ રજૂ થયા બાદ સંસદમાં તેની ચર્ચા કરવામાં આવશે અને ત્યારબાદ તે પસાર કરવામાં આવશે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે બજેટ રજૂ કરવામાં આવશે

આ વખતે વિકાસ દર પાંચ ટકા છે જે છેલ્લા ૧૧ વર્ષમાં સૌથી નીચો સ્તર છે. તે જ સમયે, ફુગાવો ૭.૩૫ ટકા છે. તમામ ક્ષેત્રોમાં માંગના અભાવને કારણે, આર્થિક મંદીના કારણે ઉદ્યોગ અને નોકરીઓને અસર થઈ છે. અર્થશાસ્ત્રીઓએ એનએસએસઓ અહેવાલ બહાર પાડવાની માંગ પણ કરી હતી.

ભારતમાં ૨૦૦ થી વધુ અર્થશાસ્ત્રીઓ અને શિક્ષણવિદોએ સરકારને સર્વે અને અહેવાલો જારી કરવા વિનંતી કરી છે. અર્થશાસ્ત્રીઓએ સરકારને એનએસએસઓ દ્વારા હાથ ધરવામાં આવેલા ૨૦૧૭-૧૮ના ગ્રાહક ખર્ચ સર્વેનો ડેટા જાહેર કરવા જણાવ્યું છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ૨૦૧૭-૧૮ દરમિયાન સરેરાશ ગ્રાહક ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આર્થિક મંદી છુપાવવા માટે સરકાર આ આંકડા બહાર પાડતી નથી. અર્થશાસ્ત્રીઓએ કહ્યું છે કે ડેટા રોકવો એ અર્થતંત્રના હિતમાં નથી. પારદર્શિતા અને જવાબદારી જાળવવા માટે સરકારે ગ્રાહક ખર્ચના સર્વેક્ષણના ડેટા જાહેર કરવા જોઈએ. સરકાર આ માહિતીનો જાતે અર્થઘટન કરી શકે છે.

ચીનમાં કોરોના પહેલા પાનાથી ચાલુ

સરકારે લોકોને અપીલ કરી છે કે તેઓ માંસ ખાવાનું બંધ કરી દે. શાકભાજી ખાય. ચીનના હુબેઈ પ્રાંતના તમામ શહેરો સહિત આખા દેશના ૨૧ શહેરોમાં માંસાહાર પર પ્રતિબંધ મૂકી દીધો છે. સરકારે લોકોને કહ્યું છે કે તેઓ માંસ ખાવાનું બંધ કરી દે અને શાકભાજીઓ ખાય. ખેડૂતોને કહ્યું કે તેઓ શાકભાજી વધુમાં વધુ ઉગાડે.

ચીનના કૃષિ મંત્રાલયે આદેશ રજૂ કરીને કહ્યું છે કે દેશની તમામ એજન્સીઓ ખાદ્યાન્ન ઉત્પાદનમાં લાગી ચૂકેલ જેથી કરીને દેશમાં ખાવાની મુશ્કેલી ના પડે. પાડોશી દેશોમાંથી ફળો અને શાકભાજીઓની આયાત વધારવાની કવાયદ પણ કરાય રહી છે. જેથી કરીને જેમને માત્ર માંસ ખાવાની આદાત છે તેમણે શાકભાજીઓ ઓછા ના પડે. બીજીબાજુ વુહાનમાં કોરોનાવાયરસથી પીડિત લોકો માટે હોસ્પિટલ બનાવાનું કામ ઝડપથી કરી રહ્યા છે. તેમાં પણ ચીનની સેના મદદ કરી રહી છે.

ચીનની સરકારે કહ્યું છે કે તેઓ તમામ વિદેશી નાગરિકોની સુરક્ષાનું ધ્યાન રાખશે. ચીનના વિદેશમંત્રી

અમીત શ ાહ પહેલા પાનાથી ચાલુ

પરંતુ હકીકત એ છે કે તેમની પાસે સરકારી બંગલો અને કાર બંને છે.

મેં મારા પ૬ વર્ષના જીવનમાં તેમના જેટલું ખોટું બોલનાર વ્યક્તિ નથી જોઈ. તેમણે શિક્ષણ ક્ષેત્રમાં કેજરીવાલની સિદ્ધિઓ પર પ્રશ્ન કરતા કહ્યું કે ભાજપના સાંસદોએ આપ સરકારના ખોટા દાવાઓ પરથી પરદો ઉઠાવી લીધો હતો.

ગૃહમંત્રી શાહે પૂછ્યું કે, 'કેજરીવાલજી, શું તમે ઈન્દિરા ગાંધી જેવો અનુભવ કરી રહ્યા છો? ઈન્દિરા ગાંધી કહ્યા કરતા હતા કે ઈન્દિરા ઈઝ ઈન્ડિયા એન્ડ ઈન્ડિયા ઈઝ ઈન્દિરા. એવી જ રીતે કેજરીવાલ પણ એવું જ સમજીને બેસી ગયા લાગે છે કે કેજરીવાલ ઈઝ દિલ્હી અને દિલ્હી ઈઝ કેજરીવાલ.'

ભારતમાં કોરોના પહેલા પાનાથી ચાલુ

બુધવારે દિલ્હી પહોંચેલ ગુડગાંવના બે લોકોને એરપોર્ટ પર રોકી તેની તપાસ કરવામાં આવી અને શરૂઆતની સારવાર આપવામાં આવી. તેમને શરદી અને ગળામાં દુઃખાવાની તકલીફ હતી. સંપૂર્ણ તપાસ બાદ બન્નેને ઘરે જવા દેવામાં આવ્યા. સાથે જ તેની જાણકારી જિલ્લા સ્વાસ્થ્ય વિભાગને આપવામાં આવી છે. જેથી વિભાગ તેમનો સંપર્ક કરી સકે અને તેમના પર ધ્યાન રાખી શકે. જયારે એક શંકાસ્પદ કેસ ગાજિયાબાદમાં મળી આવી આવ્યો છે. ડોક્ટરોએ ૮ દિવસ પહેલા ચીનથી આવીને ઈંદિરાપુરમમાં પોતાના ભાઈની પાસે રોકાયેલ યુવતીમાં કોરોના વાયરસ હોવાની શંકા વ્યક્ત કરી છે.

હેલ્મેટ પહેલા પાનાથી ચાલુ

ફળદુએ ગત ચાર ડિસેમ્બરે મોટા ઉપાડે મિડિયા સમક્ષ જાહેર કર્યું હતુ કે સરકારે નિર્ણય કર્યો છે કે રાજયમાં શહેરી વિસ્તારમાં હેલ્મેટ પહેરવું હવે મરજિયાત છે. હાઈવે પર ફરજિયાત હેલમેટ પહેરવી પડશે. લોકોને તેનાથી અને ખાસ કરીને ટ્રાફિક પોલીસની હોરાનગતિમાંથી માંડ છૂટકારો મળ્યો હતો. પરંતુ રૂપાણી સરકારની આ જાહેરાતને હાઈકોર્ટમાં પડકારતાં રૂપાણી સરકારની બંધ મુઠ્ઠી ખુલી ગઈ હતી અને સરકારે માત્ર મિડિયામાં જાહેરાત કરીને લોકોને ગેરમાર્ગે દોર્યા હતા. કેમ કે હાઈકોર્ટમાં સોગંદનામુ કરીને સરકારને કહેવું પડ્યું કે સરકારે હેલમેટ મરજિયાત કરી જ નથી. અને હવે વાહન ચલાવનારની સાથે તેની પાછળ બેસનારે પણ ફરજિયાત હેલમેટ પહેરવી પડશે....!

રાજય સરકારની આ જાહેરાતને ગુજરાત હાઈકોર્ટે રદબાતલ કરી છે જેના પગલે આજથી રાજયમાં હેલ્મેટ પહેરવું ફરજિયાત બનશે. સરકારે હેલ્મેટ મુદ્દે યૂ-ટર્ન લીધો હતો અને કોર્ટમાં સોગંદનામું રજૂ કર્યુ હતું. કે સરકારે હેલ્મેટ પહેરવાનો મરજિયાત કાયદો બહાર પાડ્યો નથી કે તેના વિશે કોઈ સત્તાવાર નોટિફિકેશન બહાર પાડ્યું નથી....! ઉલ્ટાનું સરકારે એવું કહ્યું કે રાજયમાં પિલિયન રાઇડરને એટલે કે પાછળ બેસનારને પણ હેલ્મેટ પહેરવું ફરજિયાત છે....! રાજયમાં હેલ્મેટ મરજિયાત કરવાના સરકારના નિર્ણય સામે સુરતના બિઝનેસમેન સજીવ ઇઝાવાએ હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી કરાઈ હતી. અરજીમાં એવી રજૂઆત કરાઈ હતી કે, સેન્ટ્રલ મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૨૯ જોગવાઈ મુજબ દરેક રાજયમાં ટુ વ્હીલર ચલાવનાર અને પાછળ બેસનારને હેલ્મેટ પહેરવું ફરજિયાત છે. કેન્દ્ર સરકારના ફરજિયાત હેલ્મેટના કાયદામાં ગુજરાત સરકારે રાષ્ટ્રપતિની મંજૂરી લીધા વગર સુધારો કરી દીધો છે તે ગેરબંધારણીય નિર્ણય છે. જે મામલે ૨૮ જાન્યુઆરીએ હાઈકોર્ટમાં થયેલી જાહેર હિતની અરજીમાં કોર્ટ સુનાવણી થઈ હતી. હેલ્મેટ મામલે રાજય સરકારને નોટીસને આપવામાં આવી હતી અને સોગંદનામું રજૂ કરવા આદેશ કરાયો હતો. હેલમેટના કાયદા અંગે સંજયે કહ્યું હતું કે, સરકાર લોકોના સુરક્ષાના મુદ્દે કાયદો હટાવી ન શકે તે માટે હાઈકોર્ટમાં અરજી કરીને વકીલ વગર જાતે જ કેસ લડ્યાં હતાં. આ અગાઉ પત્રકારોને સંબોધતા રાજયના વાહનવ્યવહાર મંત્રી આર.સી. ફળદુએ જણાવ્યું હતું કે 'હેલ્મેટ પહેરવું એ સૌના માટે હિતાવહ છે અને રાજ્યના નાગરિકોએ હેલ્મેટ પહેરવાની માનસિકતા રાખવી પડશે. સરકારે લોક લાગણીને માન આપીને રાહત આપી છે પરંતુ હેલ્મેટ પહેરવું જ જોઈએ. દરમ્યાન રાજકિય સૂત્રોએ કહ્યું કે, પીયુસી-હેલમેટ સહિતના ગુનાઓમાં દંડની રકમમાં અસહ્ય વધારો કરાયા બાદ અમદાવાદ-રાજકોટ-સુરત સહિતના શહેરોમાં ટ્રાફિક પોલીસ દ્વારા કડક અમલના પગલે લોકો ત્રાસી ગયા હતા અને સરકારે લોકોનો રોષ શાંત પાડવા માટે મોખિક જાહેરાત કર્યો કે હેલમેટ ફરજિયાત નહીં પણ મરજિયાત છે. પરંતુ હાઈકોર્ટમાં સરકારની આ પોલ અને ટૂંકા ગાળા માટે લોકોનો રોષ શાંત પાડવાની પોલ ખુલી પડી ગઈ છે. સરકારે મંત્રી દ્વારા મિડિયા મારફતે જાહેરાત કરી પરંતુ સરકારી દફતરમાં કાયદામાં કે નિયમોમાં કોઈ સુધારો જ ના કર્યો અને મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો ત્યારે લોકરંજક પગલાની પોલ ખુલી ગઈ હતી. હવે ફરીથી લોકોએ હેરાન થવું પડશે. અથવા સરકાર ખરેખર લોકોને રાહત આપવા માંગતી હોય તો મૌખિક નહીં પણ લેખિતમાં સુધારો કરે જેથી કોઈ તેને કોર્ટમાં પડકારે તો સરકારનો બચાવ રહે. સૂત્રોએ કહ્યું કે અમદાવાદ મનપા સહિત અન્ય મોટા શહેરોમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માથા પર છે ત્યારે ફરજિયાત બબ્બે હેલમેટનો કાયદો ભાજપ સરકાર માટે માથાનો દુખાવો બની શકે તેમ છે.

કરકથલ ખાતે નાટક દ્વારા સઘન રસીકરણ ઝુંબેશ મિશન ઇન્દ્રધનુષ ૨.૦ અંગે જનજાગૃતિ કરાઇ



• વિરમગામ તાલુકામાં ''લાલ ગુલાબી બાળક મારૂ'' નાટક પ્રસ્તુત કરીને રસીકરણનું મહત્વ સમજાવવામાં આવ્યુ

અમદાવાદ જીલ્લાના વિરમગામ તાલુકા હેલ્થ ઓફિસ સંલગ્ન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કરકથલના સેવા વિસ્તારમાં આવેલ પ્રાથમીક શાળા કરકથલ ખાતે સઘન રસીકરણ ઝુંબેશ મિશન ઇન્દ્રધનુષ ૨.૦ ની વિસ્તૃત જાણકારી આપતું નાટક રજુ કરવામાં આવ્યુ હતુ. પુર્વિ સેવા ટ્રસ્ટના ભરત પંચોલી સહિતના જાણીતા કલાકારો દ્વારા ગ્રામજનો તથા શાળાના બાળકો સમક્ષ ''લાલ ગુલાબી બાળક મારૂ'' નાટક પ્રસ્તુત કરીને રસીકરણનું મહત્વ સમજાવવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલા, નીલકંઠ વાસુકિયા, જયેશ પાવરા, મેડીકલ ઓફિસર ડો. અજય વસાણી, ધીરુભાઇ ચૌહાણ, ડો.પ્રણીકા મોદી, શાળાના આચાર્ય ભરતભાઇ, નરેશ રાઠવા સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે,અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકામાં શૂન્યથી બે વર્ષના બાળકો રોગ પ્રતિકારક રસીઓથી વંચિત હોય તેવા તમામ બાળકોને અને સગર્ભા માતાઓને રસીઓથી રક્ષિત કરવાનો કાર્યક્રમ સઘન રસીકરણ ઝુંબેશ મિશન ઇન્દ્રધનુષ ૨.૦ ચાલી રહ્યો છે ત્યારે માતાઓ અને બાળકોને અપાતી રસીની કામગીરીનું તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામની ટીમ દ્વારા નીરીક્ષણ કરવામાં આવી રહ્યુ છે. સઘન રસીકરણ ઝુંબેશ મિશન ઇન્દ્રધનુષ ૨.૦ અંતર્ગત તમામ બાળકોનું સંપુર્ણ રસીકરણ સુનિશ્ચિત કરવાનું અભિયાન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. શિલ્પા યાદવના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયું છે. વિરમગામ તાલુકાના દુર્ગમ વિસ્તારોમાં રસીકરણ સેશન યોજીને શૂન્યથી બે વર્ષ સુધીના બાળકોને રસીઓથી રક્ષિત કરવામાં આવી રહ્યા છે. બાળકો ઉપરાંત સગર્ભા માતાઓને પણ રસીઓ આપવામાં આવે છે ત્યારે કરકથલ ગામમાં રસીકરણ અંગે જનજાગૃતિ માટે ''લાલ ગુલાબી બાળક મારૂ'' નાટક રજુ કરવામાં આવ્યુ હતુ. જેલોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યુ હતુ.

માંડલ તાલુકાના સીતાપુર ખાતે ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ અંતર્ગત કાર્યક્રમ યોજાયો



બાળક પોષણયુક્ત બને તેમજ એક પણ બાળક કુપોષિત ન રહે તે માટે આગામી બે વર્ષ સતત પ્રયત્ન કરી કુપોષણ દૂર કરાશે

ગુજરાતના તમામ બાળકો તથા માતા ઓ તંદુરસ્ત બને તે માટે ગુજરાત પોષણ અભિયાન-૨૦૨૦ થી ૨૦૨૨ની વ્યૂહરચના ઘડવા માં આવી છે. અમદાવાદ જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી શ્રી અરુણ મહેશ બાબુ, જીલ્લાકક્ષાના અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શન હેઠળ બાળકો પોષણયુક્ત બને તેમજ એક પણ બાળક કુપોષિત કે અતિકુપોષિત ન રહે તે માટે આગામી બે વર્ષ માં સતત પ્રયત્ન કરી કુપોષણ દુર કરવામાં આવશે. અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાના સીતાપુર ગામમાં અધ્યક્ષ સ્થાને એસ.જી.પંડીત(ઝહ્વ) હાજર રહેલ. આ કાર્યક્રમમાં જીલ્લા સદસ્ય અમરસિંહ ઠાકોર, લાયઝન અધિકારી એસ.બી ઉપાધ્યાય, તાલુકા ના ચુંટાયેલા સદસ્ય, સરપંચ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ કન્યા શાળાના વિધાથીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવેલ જેવા કે પોષણ અદાલત પોષણ ના શપથ લેવડાવવા માં આવેલ જેમને અતિ કુપોષિત બાળકો દતક લીધેલ છે. તેમનુ સન્માન કરવામાં આવેલ તેમજ અન્ય કાર્યક્રમમાં ભાગ લીધેલ તેમને ઇનામ વિતરણ કરવામાં આવેલ હતા. કાર્યક્રમ ને સફળ બનાવવામાં કન્યા શાળા ના આચાર્યે પરેશભાઇ , સી.ડી.પી.ઓ. મીતા જાની આઇ.સી.ડી.એસ.ના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

હાથીજણની ડીપીએસ ઇસ્ટ સ્કૂલને મળી બીયુ પરમિશન

અમદાવાદ

નિત્યાનંદ સ્વામી વિવાદ બાદ ચર્ચામાં આવેલી અમદાવાદ હાથીજણ સ્થિત ડીપીએસ ઈસ્ટ સ્કૂલને ઔડા તરફથી બીયુ પરમીશન મળી ગઈ હોવાની માહિતી મળી છે. કહેવાય છે કે, આ પ્રક્રિયા માટે મંજુલા પૂજા શ્રોફ જાતે મ્યુનિ. અને ઔડાની કચેરીએ ગયાં હતાં.

ઉલ્લેખનીય છે કે છેલ્લા ૧૦ વર્ષથી બીયુ પરમિશન વિના જ આ સ્કુલ ચાલતી હતી. ખેતીલાયક જમીન પર આ સ્કૂલ ઊભી કરી દેવામાં આવી હતી.પરંતુ સ્વામી નિત્યાનંદ આશ્રમ અને તેના સંબધિત વિવાદ બાદ આ સ્કુલ પણ વિવાદમાં સપડાઈ હતી. અને શાળા અને તેના બિલ્ડીંગને લગતી કાયદાકીય ગૂંચો સામે આવી હતી. અને ત્યારબાદ જ ડીપીએસ સ્કુલ દ્વારા બીયુ પરમીશન માટે અરજી કરવામાં આવી હતી. જે અંતર્ગત સ્કૂલના પ્રિન્સિપાલ, વાલીઓની ઉપસ્થિતિમાં બીયુ પરમિશન અંગેનો પત્ર આપી દેવામાં આવ્યો છે. આ સાથે જ નવા શૈક્ષણિક સત્રથી ધોરણ ૧થી ૮ ચલાવવા માટેની મંજૂરી માટે પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારીને અરજી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

આશા ગામીત કોસ્ટગાર્ડમાં તાલીમ મેળનાર ગુજરાતના પ્રથમ મહિલા સબ ઈન્સ્પેક્ટર

પોરબંદર

ગુજરાત પોલીસના મહિલા સબ ઈન્સ્પેક્ટર આશા ગામીત ભારતીય કોસ્ટ ગાર્ડમાં તાલીમ મેળવનારા ગુજરાતના પ્રથમ મહિલા સબ ઈન્સ્પેક્ટર બન્યા છે. જેઓ ૧૩ પ્રોબેશનર્સ સબ ઈન્સ્પેક્ટરમાંથી એક છે. કોસ્ટ ગાર્ડની કામગીરી માટેની તાલીમ ગાંધીનગરમાં કોસ્ટ ગાર્ડ રિજન ખાતે ૨૩ જાન્યુઆરી ૨૦૨૦થી શરૂ કરવામાં આવી હતી. જેમાં સમુદ્ર સંબંધિત વિષયો અને દરિયાકાંઠાની સુરક્ષાના વિષયો શીખવવામાં આવ્યા હતા.

બાદમાં ૨૫ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ તાલિમાર્થીઓને પોરબંદરમાં કોસ્ટ ગાર્ડ જિલ્લા હેડક્વાર્ટર નં. ૧ ખાતે ભારતીય કોસ્ટ ગાર્ડના જહાજના પરિચય અને પરિચાલન માટે નિયુક્ત કરવામાં આવ્યા હતા. આઇસીજી દરિયાઇ પોલીસ કર્મચારીઓને તાલીમ આપે છે પરંતુ પહેલી વખત આઇસીજી દ્વારા ગુજરાત પોલીસને તાલીમ આપવામાં આવી છે. આઇસીજીના વરિષ્ઠ અધિકારીઓ, તાલીમાર્થીઓ અને ગાંધીનગરના એસપીની ઉપસ્થિતિમાં પ્રમાણપત્રો અને સ્મૃતિચિહ્નો એનાયત કરવા સાથે આ કાર્યક્રમનું સમાપન થયું હતું.

રાજુલામાં બે જૂથ વચ્ચે મારામારીઃ ૧નું મોત, ૧ ઘાયલ

અમરેલી

રાજુલાના ઘાસીવાડા વિસ્તારમાં જૂના મનદુ:ખને કારણે બે જૂથ વચ્ચે તીક્ષ્ણ હથિયારોથી મારામારી સર્જાઈ હતી. જેમાં ૨૩ વર્ષના ઈરફાન નામના યુવાનનું મોત નીપજતા બનાવ હત્યામાં પલટાયો છે. જ્યારે અન્ય એક યુવાનને ગંભીર ઈજા પહોંચતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો છે. રાજુલા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓ હત્યા કરી નાસી છૂટ્યા હતા. ઈરફાનના મૃતદેહને પીએમ માટે રાજુલા સિવિલ હોસ્પિટલ ખસેડાયો છે. બનાવને લઈને મૃતકના પરિવારજનો સહિત મોટી સંખ્યામાં લોકોના ટોળા ઉમટી પડ્યા છે. જો કે પોલીસનો કાફલો પણ સિવિલ હોસ્પિટલ પહોંચી ગયો છે.

જામનગરમાં કોર્પોરેટરના ઘરે પથ્થરમારો, અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ

જામનગર

જામનગરમાં ભાજપના કોર્પોરેટર ઉમરભાઈ ચમડીયાના ઘર પર મોડી રાત્રે અજાણ્યા શખ્સોએ પથ્થરમારો કર્યો હતો. જે બાદ કોર્પોરેટર ઉમરભાઈ ચમડિયાએ રાતે પોલીસને જાણ કરતા તાત્કાલિક પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. બેડી વિસ્તારમાં મોડી રાત્રે પોલીસની ૬ જેટલી ગાડીઓ દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.

કોર્પોરેટરના ઘર પર કયા કારણોસર હુમલો કર્યો તે હજુ તપાસમાં બહાર આવશે. હાલ પોલીસે હુમલાખોરોને શોધવા માટેના ચક્રોગતિમાન કર્યા છે.

ખાતરની થેલીમાંથી લોખંડના કટકા અને લોટ નીકળતા ચકચાર મચી

ગીરગઢડા

ખેડૂતોને ખેતી માટે આપવામાં આવતા ખાતરમાં ભ્રષ્ટાચારનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. ગીરગઢડાના મહોબતરુરા ગામે ખેડૂતો ખાતરની થેલી ખરીદી હતી. જોકે, આ થેલીમાં લોખંડના ટુકડા અને લોટ મળી આવતા ખેડૂત ચોકી ગયો હતો. ત્યારે ખાતરની થેલીમાંથી મોટા પ્રમાણમાં લોટ મળી આવ્યા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

ખેડૂતે પોતાના ખેતરમાં ખાતર નો છટકાવ કરવા ખાતરની બોરીની ખરીદી કરી હતી. પરંતુ બોરી તોડી જોયું તો ખેડૂત પણ દંગ રહી ગયો. ખાતર ની બોરીમાંથી ખાતરના લોટ નિકળ્યો. ત્યારે મગફળી બાદ ખાતરમાં પણ ભેળસેળ કરવામાં આવતી હોવાનું સામે આવતા ખેડૂતોમાં રોષ ફેલાયો છે.

ફ્લેટની મહિલા અને સિક્યુરિટી ગાર્ડ સામે ગુનો નોંધાયો

કૃષ્ણનગરમાં દલિત મહિલાને મંદિરમાં પ્રવેશબંધી ફરમાવતા પોલીસ ફરિયાદ

અમદાવાદ

શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં આવેલા શ્રીકૃષ્ણ ટાવરમાં રહેતી દલિત મહિલાને ફ્લેટમાં આવેલા અંબે માતાના મંદિરમાં પ્રવેશવાને લઈ વિવાદ સામે આવ્યો છે. મહિલા જયારે મંદિરમાં જાય ત્યારે ફ્લેટમાં રહેતા રમીલાબેન શાહ જાતિગત ભેદભાવ રાખી ફ્લેટના સિક્યુરિટીને કહી મહિલાને બહાર કાઢી મૂકે છે. દર્શન માટે જયારે જાય ત્યારે મંદિરમાં પાછળ પાછળ આવે છે. જેથી મહિલાએ આ મામલે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં રમીલાબેન શાહ અને સિક્યુરિટી ગાર્ડ સામે ફરિયાદ નોંધાવી છે.

કૃષ્ણનગરમાં આવેલા શ્રીકૃષ્ણ ટાવરમાં નયનાબેન ઠક્કર (ઉ.વ.૪૫) તેમના પરિવાર સાથે રહે છે. નયનાબેને પ્રેમ લગન કર્યા છે અને હાલમાં અતેઓ નરોડા એસટી વર્કશોપમાં જુનિયર આસિસ્ટન્ટ તરીકે નોકરી કરે છે. ૨૯ નવેમ્બરના રોજ નયનાબેન રાતે મંદિરમાં દર્શન કરવા માટે ગયા ત્યારે ફ્લેટમાં જ રહેતા રમીલાબેન શાહ સિક્યુરીટી ગાર્ડને બોલવા લાગ્યા હતા કે કેમ માતાજીને મંદિરમાં પોઢાડયાં નથી. મંદિરમાં જે હોય તેને કો બહાર નીકળી જાય. મંદિર બંધ કરી દો. માયનાબેન જયારે પણ મંદિરમાં જતા તેઓને બહાર કાઢી મુકવામાં આવતા હતા. બીજા દિવસે નયનાબેનને ફ્લેટના સિક્યુરિટી ગાર્ડ પ્રકાશભાઈએ રોકી અને ધમકાવ્યા હતા કે તમે કેમ મંદિરમાં આવ્યા હતા. રમીલાબેન મને બોલે છે.

નયનાબેને કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી જેને લઇ બે મહિના બાદ કૃષ્ણનગર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

વિદ્યાર્થીઓના વાલીઓ સૌથી વધારે ચિંતિત

કોરોના વાયરસઃ ગાંધીનગરમાં વિશેષ કંટ્રોલ રૂમમાં ૩૦૦ કોલ્સ આવ્યા

ગાંધીનગર



ચીનના કોરોનાવાયરસે દેશ-દુનિયામાં ફફડાટ ફેલાવ્યો છે, ત્યારે રાજ્ય સરકાર દ્વારા સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે એક વિશેષ કન્ટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. આ કંટ્રોલરૂમને અત્યાર સુધીમાં કુલ ૩૦૦ જેટલા ફોન કોલ્સ મળ્યા છે, જેમાંથી ૧૦૦ ફોન કોલ્સ માહિતી માંગવા માટે આવ્યા હતા, જ્યારે અન્ય ૨૦૦ કોલ્સ ચીનમાં ભણી રહેલા વિદ્યાર્થીઓના સગા-સંબંધીઓ અને પરિવારજનો દ્વારા કરવામાં આવ્યા છે.

કોરોના વાયરસને લઈને ઇન્ડિયન એમ્બેસી દ્વારા કુલ ત્રણ હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યા છે તેમજ એક ઇમેલ એડ્રેસ પણ જાહેર કરવામાં આવ્યું છે.

ગુજરાતમાં ગાંધીનગર ખાતે શરૂ કરાયેલા સ્ટેટ કંટ્રોલ રૂમમાં અત્યાર સુધીમાં ૩૦૦ કોલ્સ આવ્યા છે, જેમાં સૌથી વધારે ઇક્વાયરી ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને સાબરકાંઠામાંથી આવી છે. જ્યારે મધ્ય ગુજરાતના અમદાવાદ અને બરોડામાંથી પણ સૌથી વધુ ઇક્વાયરી આવી રહી છે.

સૌથી વધારે કોલ ઉત્તર ગુજરાતના છે, મોટાભાગના કોલ ચીનમાં ભણી રહેલા વિદ્યાર્થીઓનાં પરિવારજનો અને વાલીઓ દ્વારા કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓને કેવી રીતે ચીનથી ગુજરાત પરત લાવવામાં આવે તે મુદ્દે મદદ અને માહિતી કંટ્રોલ રૂમ પાસેથી માંગવામાં આવી રહી છે.

સેન્સર બોર્ડનું ધ્યાન દોરી શબ્દો દૂર કરવા માંગ

તાનાજી ફિલ્મના વિરોધ મુદ્દે નાયી-વાળંદ સમાજે કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ

મોડાસા

તાજેતરમાં રીલિઝ થયેલી ફિલ્મ તાનાજીમાં બીભત્સ ભાષાનો ઉપયોગ અટકાવવા તેમજ કેટલાક દ્રશ્યો દૂર કરવા અરવલ્લી જિલ્લા લીંબચ સેવા સમાજ દ્વારા માંગ કરાઈ છે. આ ફિલ્મમાંથી સમાજને અપમાનિત કરેલા દ્રશ્યો દૂર કરવાની માંગ સાથે અરવલ્લી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. ફિલ્મ તાનાજીમાં નાયી, લીંબાચીયા, વાળંદ સમાજનું અપમાન કરતું દ્રશ્ય બતાવાયું હોવાથી નાયી,વાળંદ લીંબચીયા સમાજના લોકોમાં વ્યાપક રોષ ફેલાયો છે. ત્યારે સમગ્ર રાજયમાં ફિલ્મ સામે થઈ રહેલા વિરોધ વચ્ચે અરવલ્લી લીંબચ સંગઠન અને જિલ્લાના લીંબચીયા સમાજના તમામ જ્ઞાતિજનોએ અજય દેવગનની ફિલ્મનો વિરોધ નોંધાવ્યો હતો.

અરવલ્લી લીંબચ સેવા સમાજ સંઘ દ્વારા આવેદન પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, ફિલ્મ તાનાજીમાં દ્રશ્યો તેમજ બીભત્સ ભાષાનું ઉચ્ચારણ કરી અપમાન કરવામાં આવ્યું છે. તેમજ તેમના સમાજની આઘાતજનક લાગણી દુભાયેલી છે. લીંબચ સમાજ સંઘનું એમ પણ કહેવું છે કે, તેમના સમાજનું જાહેરમાં અપમાન કરવું કે જાતિવાચક શબ્દો કે દ્રશ્યો જાહેર કરવું એ આખા સમાજ વિરૂદ્ધ ગંભીર ગુન્હો ગણાય છે. આ માટે અરવલ્લી જિલ્લા લીંબચ સેવા સમાજ સંઘ દ્વારા કલેક્ટરને આવેદન પત્ર આપી, તાત્કાલિક ધોરણે સેન્સર બોર્ડનું ધ્યાન દોરી સમાજની લાગણી દુભાતા શબ્દો દૂર કરવા તેમજ બીભત્સ ભાષાનું ઉચ્ચારણ અટકાવવા માંગ કરી છે.

દિલ્હી બાદ કચ્છ-ગુજરાતની આઝાદીના નારા લાગતાં ખળભળાટ મચ્યો

ગાંધીનગર

દિલ્હીના શાહીનબાગમાં સીએએ-એનઆરસીનો વિરોધ કરતાં ૪૦થી પણ વધારે દિવસથી પ્રદર્શન ચાલી રહ્યું છે. ત્યારે હવે શાહીનબાગમાં ગુજરાત અને કચ્છની આઝાદીની માગ કરવામાં આવી રહી છે. હાલ સોશિયલ મીડિયામાં એક વીડિયો વાઈરલ થયો છે. જેમાં એક યુવાન અને તેની પાછળ અન્ય લોકો કચ્છ અને ગુજરાતની આઝાદીનાં નારાં લગાવી રહ્યા છે. દિલ્હીનું શાહીનબાગ સીએએના વિરોધ પ્રદર્શનનું કેન્દ્ર બન્યું છે. અહીં મોટી સંખ્યામાં મુસ્લિમ મહિલાઓની સાથે લોકો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. અને હાલ શાહીનબાગ દેશમાં સીએએનાં વિરોધનું એપી સેન્ટર બન્યું છે. તો ખુદ પીએમ મોદી શાહીનબાગને લઈ આકરાં પ્રહાર કરેલાં છે. ત્યારે કચ્છના ભુજમાંથી ગયેલા યુવાનોએ મોદી અને અમિતશાહને તાનાશાહ ગણાવીને નારા પોકાર્યા હતા. 'કચ્છ ભી માંગે આઝાદી, ગુજરાત માંગે આઝાદી, જેવા સૂત્રોચ્ચાર કર્યા હતા. હાલ આ વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. વીડીયો મુજબ કચ્છમાંથી ભુજના કેટલાક યુવાનો દિલ્લીના શાહીનબાગ ખાતે પહોંચીને સીએએના વિરોધમાં ભાષણ આપીને પોતાનો મત પ્રદર્શિત કરી રહ્યા છે. ત્યારે આ વીડિયોને લઈ હવે ભારે ચર્ચા ઉઠવા પામી છે. અને આ મામલે ગુજરાતના લોકોનો રોષ ફાટી નીકળ્યો છે.

નિકાલ વિસ્તારમાં ધોળે દિવસે જ્વેલર્સને લૂંટી લેતાં ચકચાર મચી

અમદાવાદમાં લૂંટારૂ બેફામઃ ૩ કિલો સોનાની ચીલઝડપ કરી ફરાર

અમદાવાદ

અમદાવાદ લૂંટારૂઓ માટે હબ બની ગયું હોય એમ લાગી રહ્યું છે. નવા વર્ષની શરૂઆતથી જ અત્યાર સુધીમાં અનેક લૂંટ ચોરીના બનાવો સામે આવી રહ્યા છે. આવો જ વધુ એક લૂટનો બનાવ અમદાવાદના નિકોલ વિસ્તારમાંથી સામે આવ્યો છે. અહીં લૂંટારૂઓએ જ્વેલર્સને નિશાન બનાવી ૩ કિલો સોનાની લૂંટ ચલાવી છે.



પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદના નિકોલ વિસ્તારમાં ખોડીયાર માતાના મંદિર પાસે ધોળે દિવસે લૂટારૂઓએ એક જ્વેલર્સને લૂંટી લેતા પોલીસ દોડતી થઈ ગઈ છે. જ્વેલર્સ વેપારી સોનું ભરેલી બેગ લઈ નિકોલ ગામ બહાર આવેલા ખોડીયાર માતાના મંદિર નજીકની પસાર થઈ રહ્યા હતા તે સમયે લૂંટારૂ ટોળકીએ તેમને આંતરી હાથમાં રહેલી બેગ છીનવી રફૂચક્કર થઈ ગયા છે. આ મામલે જ્વેલર્સ વેપારીએ તૂરંત નિકોલ પોલીસનો સંપર્ક કરતા પોલીસ ઘટના સ્થળ પર આવી પહોંચી હતી, આ મામલે વેપારીએ પોલીસને જણાવ્યા અનુસાર, તેઓ પોતાની કારમાં સોનું ભરેલી બેગ લઈ અહીં એક વેપારીને જ્વેલરીની ડિઝાઈન બતાવવા આવ્યા હતા, તે સમયે ગાડીની ડેકી ખોલી બેગ કાઢી રહ્યા હતા તે સમયે પલ્સર બાઈક પર આવેલા બે શખ્સોએ ચીલ ઝડપે તેમના હાથમાં બેગ છીનવી લીધી અને રફૂચક્કર થઈ ગયા છે.

પોલીસના જણાવ્યા અનુસાર, સીજી રોડ પર આવેલા વિકાસ ગોલ્ડના વેપારી નિકોલ સોનાના વેપાર માટે આવ્યા હતા તે સમયે તેમની સાથે ૩ કિલો સોનાના લૂંટની ઘટના બની છે. પોલીસે હાલમાં લૂટારૂઓ અમદાવાદથી બહાર ભાગી ન જાય તે માટે નાકાબંધી શરૂ કરી દીધી છે. પોલીસે ઘટના સ્થળ પર રહેલા સીસીટીવી ફૂટેજ મેળવવાની તજવીજ હાથ ધરી તપાસ શરૂ કરી દીધી છે.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં છેલ્લા એક મહિનામાં અનેક લૂંટ અને ચોરીના બનાવો સામે આવતા પોલીસની કામગીરી પર સવાલો ઉઠી રહ્યા છે, ત્યારે આજે લૂટારૂઓએ જ્વેલર્સ વેપારીને લૂંટી મોટી ચોરીને અંજામ આપતા પોલીસ દોડતી થઈ ગઈ છે.

વડોદરામાં ગેસની તીવ્ર દુર્ગંધથી લોકો પરેશાનઃ આંખ અને ગળામાં બળતરાની ફરિયાદો

વડોદરા

વડોદરા શહેરમાં ઠંડીના વધેલા પ્રમાણ વચ્ચે બુધવારે મોડી રાતે શહેરના સંખ્યાબંધ વિસ્તારોમાં ગેસની દુર્ગંધથી નાગરિકો હેરાન પરેશાન થઈ ગયા હતા.

ગયા વર્ષે પણ શિયાળા દરમિયાન આ પ્રકારની દુર્ગંધની ફરિયાદ ઉઠી છે. આજે રાતના ૯ વાગ્યા બાદ શહેરના છાણી, સમા, ગોરવા, કારેલીબાગ એમ સંખ્યાબંધ વિસ્તારોમાં બહાર રસ્તા પર નીકળેલા અને ઘરોમાં બેઠેલા લોકોએ ગેસની તીવ્ર ગંધ અનુભવી હતી. ફાયર બ્રિગેડના સૂત્રોનુ કહેવુ હતુ કે, છેક હરણી-વારસીયા રિંગ રોડ પરથી પણ દુર્ગંધ મારી રહી હોવાની ફરિયાદ મળી રહી હતી.

આ વિસ્તારના કાઉન્સિલરનુ પણ કહેવુ હતુ કે, મને સમા અને છાણી વિસ્તારમાંથી લોકોએ ફોન કરીને ગેસની દુર્ગંધથી પરેશાની થઈ રહી હોવાની ફરિયાદ કરી છે. આ બાબતે ગુજરાત પોલ્યુશન બોર્ડમાં અને કલેક્ટર કચેરીમાં કાઉન્સિલરે રજૂઆત પણ કરી હતી. તેમનુ કહેવુ હતુ કે, સંખ્યાબંધ લોકોને ગેસની અસરના કારણે આંખમાં અને ગળામાં બળતરાનો અનુભવ થયો હતો. લોકો ડરના માર્યા બહાર પણ નીકળી આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, વડોદરાના છેવાડાના વિસ્તારોમાં સંખ્યાબંધ કંપનીઓ અને કેમિકલ ફેક્ટરીઓ આવેલી છે ત્યારે કોઈ કંપનીએ જ ગેસ રિલિઝ કર્યો રહ્યો હોવાનુ મનાઈ રહ્યુ છે. ગયા વર્ષે પણ આ પ્રકારની ફરિયાદો બાદ તંત્ર દોડતુ થયુ હતુ અને તેની તપાસ ગુજરાત રિફાઈનરી સુધી લંબાઈ હતી. જોકે એ પછી પણ ગેસ દુર્ગંધ પાછળનુ ચોક્કસ કારણ જાણવા મળ્યુ નહોતુ.

મોરારિ બાપુ ખેડૂતોના પ્રશ્ને દિલ્હી જઇ શાહને રજૂઆત કરેઃ વીરજી ઠુમ્મર

ગાંધીનગર

કથાકાર મોરારી બાપુએ અમિત શાહની સરદાર પટેલ સાથે ટિપ્પણી કરતાં જ તેઓ કોંગ્રેસનાં નિશાના પર આવી ગયા છે. વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ પહેલાં મોરારી બાપુ પર નિશાન સાધ્યા બાદ કોંગ્રેસનાં વધુ એક ધારાસભ્યએ મોરારી બાપુ પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસ ધારાસભ્ય વિરજી ઠુમ્મરે પાક વીમા મુદ્દે ખેડૂતોની રજૂઆત કરવા માટે મોરારી બાપુને દિલ્હી જઈને અમિત શાહને રજૂઆત કરવા માટે કહ્યું છે.

જમ્મુ-કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ હટાવ્યા બાદ એક કથામાં મોરારી બાપુએ કહ્યું હતું કે, અમિત શાહનાં નિર્ણયોમાં સરદાર પટેલની ઝલક દેખાઈ છે. આ મામલે કોંગ્રેસ ધારાસભ્ય વિરજી ઠુમ્મર મોરારી બાપુ પર કટાક્ષ કર્યો છે. વિરજી ઠુમ્મરે સોશિયલ મીડિયામાં પોસ્ટ લખીને મોરારી બાપુ પર કટાક્ષ કર્યો છે. વિરજી ઠુમ્મરે ખેડૂતોનાં મુદ્દે દિલ્હી જઈને અમિત શાહને પાક વીમા અંગે રજૂઆત કરવા માટે જણાવ્યું છે.

આ અગાઉ પરેશ ધાનાણીએ પણ મોરારી બાપુ પર નિશાન સાધતા એક પોસ્ટ લખી હતી. જેમાં તેઓએ કથાની રામાયણના હેડર સાથે મોરારિબાપુને આડકતરો જવાબ આપ્યો હતો.

અરવલ્લીમાં વ્યાજખોરોના ત્રાસથી ઘર છોડવા મજબૂર બન્યો યુવક

અરવલ્લી

જિલ્લાના ધનસુરા નજીક ભૂદરી (બારનોલી) ભલાભાઈ ખાંટ નામના શ્રમજીવી યુવકે જમીન રાખવા માટે રૂપિયાની જરૂર હોવાથી ધનસુરામાં ફાયનાન્સનો ધંધો કરતા નીરવ રાજેશભાઈ પટેલ અને પ્રતીક જગદીશભાઈ પટેલ પાસેથી બે લાખ રૂપિયા વ્યાજે નાણાં લીધા હતા.

ચીઠ્ઠીમાં જણાવ્યા મુજબ, વ્યાજે નાણાં પરત મેળવવા બંને વ્યાજખોરોએ ભલાભાઈ ખાંટને ઓફિસે બોલાવી માર માર્યો હતો, ત્યારબાદ પરિવારજનોને જાણ કરતાં પરિવારજનોએ અન્ય વ્યક્તિ પાસેથી અઢી લાખ રૂપિયા લઈ પરત આપી દીધા હતા. જો કે, વ્યાજખોરોએ વ્યાજે નાણાં લેવા આપેલો ચેક પરત આપ્યો નહોતો અને વધુ વ્યાજની માગ કરી હતી. તેમજ વ્યાજ વસૂલવાની અને તેના વિરૂદ્ધ ફરિયાદ ધમકી આપી હતી. જેથી ભલાભાઈ ગુમ થયો હોવાથી ભારે ચકચાર મચી છે.

નોંધનીય છે કે, ઘર છોડતા પહેલા ભલાભાઈએ ચિઠ્ઠી લખી હતી. જેમાં તેમણે વ્યાજખોરોના ત્રાસ અસહ્ય બનતા ઘર છોડવા મજબુર બન્યા હોવાનું જણાવ્યું છે. ત્યારે તેમના આ નિર્ણયથી તેની પત્ની અને બે બાળકો નિરાધાર બનતા ભારે ગ્રામજનોમાં વ્યાજખોરોને લઈ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મહિલા ક્રિકેટર સહિત ૨૪ લોકોએ સંસાર ત્યાગી સંયમનો માર્ગ અપનાવ્યો

અમદાવાદ

પાલડી રિવરફ્રન્ટ પર આજે વસંતપંચમીના શુભ દિવસે આચાર્ય વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મ.સા. આદિ નવ આચાર્ય ભગવંતોની તથા સાધુ-સાધ્વીજીની નિશ્રામાં દીક્ષા મહોત્સવ યોજાયો છે. ગઈ કાલે યોજાયેલી વર્ષીદાન યાત્રા બાદ ઉપકરણના ચઢાવા, દીક્ષાર્થીઓનું પરિવાર સાથે શાહી વાયણું યોજાયું હતું અને દીક્ષાર્થીઓનો વિદાય સમારોહ બાદ આજે એક સાથે ૨૪ મુમુક્ષુઓએ સંયમમાર્ગનો સ્વીકાર કર્યો છે. જેમાં અમદાવાદનાં પાંચ મુમુક્ષુનો સમાવેશ થાય છે. આજે વહેલી સવારે શુભ સમયે તમામ દીક્ષાર્થીઓને દીક્ષા પ્રદાન કરવામાં આવી હતી. જ્યારે આગામી ૧૬ ફેબ્રુઆરી સુધીમાં અમદાવાદમાં અન્ય છ મુમુક્ષુઓ દીક્ષા લેશે. જ્યારે આવતી કાલે ૩૧મી જાન્યુઆરીએ ત્રણ મુમુક્ષુઓની દીક્ષા ઋજુવાલિકા, પ્રીતમનગર યોજાશે. જેમાં ૧૧ વર્ષીય હનીકુમારી અને ૧૬ વર્ષીય હાસ્યકુમાર અને ૨૨ વર્ષીય આશિતાબહેન દીક્ષા ગ્રહણ કરશે. ૧૨ ફેબ્રુઆરીએ ઝઝ મુમુક્ષુ હિતેનભાઈની દીક્ષા, ભગવાનનગરનો ટેકરો ખાતે યોજાશે. જ્યારે ૧૬ ફેબ્રુઆરીએ ૧૩ વર્ષીય મુમુક્ષુ જ્ઞાનકુમારની દીક્ષા, પંકજ જૈન સંઘ-પાલડી અને ૨૯ વર્ષીય મુમુક્ષુ કવિશકુમારની દીક્ષા, આંબાવાડી જૈન સંઘ-પાલડી ખાતે યોજાશે.

નર્સિંગ કૉલેજની વિદ્યાર્થીનીનો લટકતો મૃતદેહ મળતા ચકચાર મચી

મોડાસા

અરવલ્લી જિલ્લામાં લટકતી લાશો મળવાનો સિલસિલો યથાવત છે. મેઘરજમાં નર્સિંગ કરતી અને પોસ્ટ ઓફિસ નજીક મકાન ભાડે રાખી રહેતી રાજસ્થાનના દેવલ ગામની યુવતીનો ઘરમાં લટકતો મૃતદેહ મળી આવ્યો હતો. આ મહિનાની શરૂઆતમાં ૫ જાન્યુઆરીએ સાયરા ગામની કોલેજિયન યુવતીનો લટકતો મૃતદેહ મળ્યો હતો. ત્યારે અત્યાર સુધી પાંચેય બનાવ બન્યા છે

મેઘરજની ખાનગી નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીનો ગળેફાંસો ખાધેલી હાલતમાં લટકતો મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી હતી રાજસ્થાનના દેવલની યુવતી મેઘરજમાં નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતી અને પોસ્ટ ઓફિસ નજીક ભાડાના મકાનમાં રહેતી યુવતી નો તેની રૂમમાંથી ગળેફાંસો ખાધેલી હાલતમાં લટકતો મૃતદેહ મળી આવતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી પરિવારજનોને જાણ કરી મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

નલિયામાં તાપમાન ૫ ડિગ્રીએ પહોંચ્યુ

ગુજરાતમાં ફેબ્રુઆરી રહેશે ઠંડોગારઃ રેકોર્ડબ્રેક ઠંડી પડવાના એંધાણ

ગાંધીનગર

ઉત્તર ભારતમાં હિમવર્ષાના પગલે ગુજરાતમાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. ફેબ્રુઆરીમાં ઠંડીનો કહેર વરસવાની શક્યતા છે. આ વખતે માર્ચમાં પણ ઠંડી પડવાના એંધાણ છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરોથી ઠંડીમાં વધારો થવાની શક્યાતા છે. નલિયામાં તાપમાનનો પારો ૫ ડિગ્રીએ પહોંચ્યો છે.

ઉત્તર ભારતમાં હિમવર્ષાના પગલે ગુજરાતમાં ઠંડીમાં વધારો થયો છે. ઠંડીથી આંશિક રાહત બાદ ફરી ઠંડીનો રાઉન્ડ શરૂ થઈ ગયો છે. ગુજરાતમાં બે દિવસ ઠંડા પવનો ફૂંકાશે. મોટાભાગના વિસ્તારોમાં ઠંડીનો પારો ગગડવાની શક્યતા છે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરોથી ઠંડીમાં વધારો થવાની શક્યાતા છે. તો નલીયા ૫ ડીગ્રી તાપમાન સાથે બન્યુ ઠંડુગાર. જ્યારે રાજકોટમાં ૮ ડીગ્રી અને અમદાવાદ, બનાસકાંઠામાં ૧૧ ડીગ્રી તાપમાન નોંધાયું છે. તો બીજી તરફ અમરેલીમાં ૧૨ ડિગ્રી, સુરત ૧૩ ડિગ્રી અને વડોદરા ૧૫ ડીગ્રી તાપમાન નોંધાયું છે.

હળવદમાં સ્કૂલ બસનું ટાયર ફરી વળતા વિદ્યાર્થીનું મોત

હળવદ

હળવદના ઢવાણા ગામ પાસે ગમખ્વાર અકસ્માતમાં એક માસૂમ વિદ્યાર્થીનું કરુણ મોત નીપજ્યું છે. સ્કૂલ બસનું ટાયર માસૂમ પણ ફરી વળતા વિદ્યાર્થીનું મોત થયું છે. આ વિદ્યાર્થી નવનિર્માણ વિદ્યાલયમાં ધોરણ ૫માં અભ્યાસ કરતો હતો.

મળતી માહિતી મુજબ હળવદના ઢવાણા ગામના વિદ્યાર્થી ઉપર સ્કૂલ બસનું ટાયર ફરી વળતા તેનું કરૂણ મોત થયું છે. નવનિર્માણ વિદ્યાલયમાં પાંચમાં ધોરણમા અભ્યાસ કરતા વિદ્યાર્થી જયપાલનો શાળાની બસે જ ભોગ લીધો છે. આ વિદ્યાર્થી ઘનશ્યામપુર ગામે નજીક નાસ્તો લેવા બસ નીચે ઉતર્યો હતો. ત્યારે નાસ્તો લીધા બાદ સ્કૂલ બસમાં ચડતી વેળાએ ડ્રાઇવરે બસ અચાનક હંકારી હતી. આ કારણે વિદ્યાર્થી નીચે પડ્યો અને તેના પર બસનું ટાયર ફરી વળ્યું હતું.

આ ગમખ્વાર અકસ્માતમાં માસૂમનું મોત નીપજ્યું. માહિતી મુજબ દુઃખદ ઘટના બાદ વિદ્યાર્થીના પરિવાર પર આભ તૂટી પડ્યું છે. પરિવારમાં શોકનો માહોલ છે. પરિવારજનોએ શાળ સંચાલકો સામે રોષ દાખવ્યો છે અને આરોપ લગાવ્યા કે શાળાની બેદરકારી છતાં સંચાલકો તમને મળવા નથી આવ્યા અને સમયસર જાણ પણ નહોતી કરી હતી.

મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ અંતર્ગત કાર્યક્રમ યોજાયો



• ધોળકા તાલુકાના કોઠ ગામની શ્રી ડી.જે વાઘેલા હાઈસ્કૂલમાં કાર્યક્રમ યોજાયો

• તંદુરસ્ત હરીફાઈમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય નંબર આવેલા બાળકોને ઈનામ આપી પ્રોત્સાહીત કરાયા

અમદાવાદ જીલ્લાના ધોળકા ખાતે રાજ્ય સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા પોષણ અભિયાન હેઠળ પોષણ અભિયાન ૨૦૨૦ અંતર્ગત કોઠ ગામે શ્રી ડીજે વાઘેલા હાઈસ્કૂલમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રગાન અને ગાંધી નિર્વાણ શહીદ દિન નિમિત્તે બે મિનિટનું મૌન પાળી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ચેરમેન ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ કુશળસિંહ પઢેરિયા તથા મુખ્ય અતિથિ તરીકે કિરીટસિંહ ડાભી ચેરમેન જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, માજી ધારાસભ્ય કાંતિભાઈ લકુમ, ભાજપના અન્ય હોદ્દેદારો અને જિલ્લા કક્ષાએથી નરેન્દ્રસિંહ રાઠોડ તેમજ તાલુકા વિકાસ અધિકારી ધોળકા, સીડીપીઓ ધોળકા ઘટક ૨ દર્શનાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિગતવાર ચર્ચા કરતા બાળકોને અન્ન પ્રાસાન વિધિ કરવામાં આવી તથા જે બાળકો તંદુરસ્ત હરીફાઈમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય નંબર આવેલ તે બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું ત્યારબાદ પોષણ સંદર્ભે રસોઈ શો નું આયોજન કરી અને તેમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય આવેલ બહેનો નું સન્માન કરવામાં આવ્યું તથા કુપોષિત બાળકોને દત્તક લેવામાં આવેલ છે તેવા દત્તક લેનાર વાલી ઓને પણ સર્ટિફિકેટ આપી સન્માન કરવામાં આવ્યું હતુ. જેવો દાતા તેમજ પાલક પિતા તરીકેનો રોલ ભજવશે. આ પોષણ અભિયાન હેઠળ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરી અને આંગણવાડી દ્વારા આપવામાં આવતી સવલતો બાબતે દર્શનાબેન દ્વારા વિગતવાર માહિતી સાથે વક્તવ્ય આપ્યું હતુ. કિરીટસિંહ ડાભી દ્વારા આપણા અગાઉના મુખ્યમંત્રી અને અત્યારે હાલના પ્રધાનમંત્રી દ્વારા જે દીર્ઘદ્રષ્ટિ વાપરી આયોજનો કર્યા છે તેની અમલવારી કરવામાં આવી રહેલ સરકાર દ્વારા જે સારા સારા કાર્યક્રમો થાય છે તેના વિશે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. કુશળસિંહ પઢેરિયા દ્વારા વિવિધ ઉદાહરણો સાથે આ યોજનાનો લાભ કેવી રીતે લઈ શકાય અને રાજ્ય સરકાર દ્વારા તમામ વિવિધ સારી કામગીરીઓની વિગતવાર સચોટ માર્ગદર્શન સાથે માહિતી આપી હતી. આ તમામ કામગીરીના અધિકારી તરીકે નરેન્દ્રસિંહ રાઠોડ ઉપસ્થિત રહી અને તેમને પણ આગણવાડી થી જે વિવિધ સેવાઓ મળે છે તેના વિશે પણ લોકોને જાણકારી આપી હતી. વધુમાં આ પધારેલ મહાનુભાવો દ્વારા આંગણવાડી ની મુલાકાત કરવામાં આવી અને મુલાકાત બાદ નિયત નમૂનામાં આપેલ ચેક લીસ્ટ પણ ભરવામાં આવ્યો હતો. તેની સાથે સાથે નાના ભૂલકાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવ્યા તે તમામ બાળકોને મહાનુભાવો દ્વારા ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. વધુમાં રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ વિવિધ નાની ફિલ્મો જેવી કે બીજું પિયરઘર તથા વૃક્ષમાં બીજ તું તેમજ અમૂલ્ય ૧૦૦૦ દિવસ બધા તથા પોષણ અદાલત કે જે શાળાના બાળકો દ્વારા નાટક ભજવવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત પોષણની આરતી પણ કરવામાં આવી હતી. આમ સરકારની તમામ યોજનાઓનો ચરિતાર્થ કરતો અહેવાલ રજૂ કરી ગ્રામજનો આજુબાજુમાંથી અંદાજીત ૫૦૦ કરતાં પણ વધારે વ્યક્તિઓના સમૂહ ને માર્ગદર્શન આપી આ કાર્યક્રમ સુચારુ રૂપે સફળ રીતે પૂર્ણ કરવામાં આવ્યો હતો.

ઈજાગ્રસ્તોની ચીંચીયારીઓથી માહોલ ગમગીન,અમુક લોકો ટ્રોલી નીચે દબાયા

રાજકોટ-ગોંડલ હાઈવે પર ટેન્કર ચાલકે ટ્રકને અડફેટે લેતાં ૪ના મોત

રાજકોટ

રાજકોટના ગોંડલ હાઈવે પર ટ્રેક્ટર અને ટ્રેલર વચ્ચે સર્જાયેલા ગંભીર અકસ્માતમાં ૪ લોકોના મોત થયા હોવાનું તેમજ ૩ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે. ઘટનામાં ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટનામાં કેટલાક મજૂરો ટ્રેક્ટરની ટ્રોલી નીચે દબાઈ જતા તેમને બહાર કાઢવા માટે જેસીબીની મદદ લેવામાં આવી હતી. પોલીસે ઘટના અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રિપોર્ટ અનુસાર, વહેલી સવારે એક ટ્રેક્ટર મજૂરોને લઈ જઈ રહ્યું હતું, ત્યારે રાજકોટના ગોંડલ હાઈવે પર શેમળા ગામ નજીક ટ્રેક્ટર અને ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાતા ટ્રેલર દીવાલ તોડીને રોડની નીચે ઉતરી ગયું હતું. આ અકસ્માતમાં ગંભીરરીતે ઈજાગ્રસ્ત ૪ લોકોના ઘટના સ્થળે જ મોત થયા હતા, જ્યારે ૧ વ્યક્તિને ગંભીર ઈજા પહોંચતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યારે કેટલાક શ્રમિકો ટ્રેક્ટરની ટ્રોલીની નીચે દબાઈ ગયા હતા, જેમને બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી.

ટ્રોલીની નીચે દબાઈ ગયેલા મજૂરોને બહાર કાઢવા માટે જેસીબીની મદદ લેવામાં આવી હતી, ત્યારબાદ તેમને પણ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જણાવી દઈએ કે, અકસ્માત અંગે જાણ થતા જ આસપાસના ગ્રામજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોની મદદ કરી હતી. બનાવ અંગે પોલીસને જાણ કરાતા પોલીસે ઘટના સ્થળે પહોંચી ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યારે ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના શવને પોસ્ટ મોર્ટમ અર્થે મોકલી આગળની તપાસ હાથ ધરી છે.



નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત સંચાલિત પક્ષીવિદ ડૉ. સલીમ અલી ઉર્દુ પ્રાથમિક શાળા ક્રમાંક ૨૩૧ કમરૂનગર લીંબાયત સુરત ખાતે મહાત્મા ગાંધીજીની ૭૩મી પુણ્યતિથિ નિમિત્તે દેશની આઝાદીમાં રાષ્ટ્રપિતાના યોગદાન અને તેમના બલીદાનને યાદ કરી સ્કૂલના બાળકોએ શ્રદ્ધાંજલી પાઠવી હતી.

ગાયત્રી પરિવાર દ્વારા સાધના અનુષ્ઠાન ૨૪ હજાર સાધકો દ્વારા ગાયત્રી મંત્ર થયું

મંત્ર જાપ દ્વારા પ્રખર યુગ નિર્માણ આંદોલન

સુરત

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા મિશનના કાર્યોમાં પ્રખરતા અને પરિજનોનો પરિષ્કાર થઈ શકે તે માટે વિશ્વસ્તરે ૪૦ દિવસીય સાધના અનુષ્ઠાન વસંત પર્વ ૨૦૨૦ થી ફાગણ પર્વ ૨૦૨૦ સુધી એટલે કે તા.૩૦ જાન્યુ. થી ૧૦ માર્ચ સુધી ૨૪ હજાર સાધકો ગાયત્રી મંત્રનો જાપ કરશે

યુગ પરિવર્તનના ચક્રને તીવ્ર બનાવવા માટે, આતંકવાદી આસુરી શક્તિઓના નિઃશક્તિકરણ માટે અને નવસર્જનની ગતિવિધિઓને શક્તિ અને સંરક્ષણ પ્રદાન કરવા માટે અનુષ્ઠાન જરૂરી છે.

આ સાધનામાં અધિકાધિક સંખ્યામાં લોકોને ભાગ લેવા પ્રેરિત કરવામાં આવી રહ્યા છે. અમદાવાદ શહેરની તાલુકાઓના પરિજનોથી આ અનુષ્ઠાનમાં પોતાની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે કહેવામાં આવ્યું છે. ગુગલ ઉપર વેબસાઈટ દ્વારા, મોબાઈલ દ્વારા નંબર લખાવીને નોંધણી થઈ રહી છે. બધા સાધકોની યાદી બનાવી ગાયત્રી પરિવારના મુખ્ય કાર્યાલય હરિદ્વાર સ્થિત શાંતિકુંજ ખાતે મોકલવામાં આવશે. જ્યાંથી અનુષ્ઠાનના સાધકોનું વિશેષ સંરક્ષણ અને માર્ગદર્શન કરવામાં આવશે. વિશ્વભરના ૨૪ હજાર સાધકો દ્વારા આ સાધના કરવામાં આવશે. ગાયત્રી પરિવારજનોના ઉત્સાહને જોતા સંખ્યા બેગણી થઈ જશે. જેના માટે ઝોન, ઉપઝોન અને જિલ્લા સમિતીઓ દ્વારા પોતાની જવાબદારી સુનિશ્ચિત કરવામાં આવશે. ૪૦ દિવસોમાં સાહિત્ય પુસ્તકોનું સ્વાધ્યાય કરવામાં આવશે.

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર સ્તરીય પરિવાર ગુજરાત ઝોન પ્રભારી અશ્વિનભાઈ જાનીએ કહ્યું છે કે પ્રખર સાધનાના અભાવથી જ સમસ્ત સામાજિક-સાંસ્કૃતિક આંદોલન નષ્ટપ્રાયઃ થઈ ગયુ છે. ગાયત્રી પરિવારનું યુગ નિર્માણ આંદોલન એટલા

માટે પ્રખર છે. કારણ કે એમાં ઋષિયુગ્મનું તપ અને યુગસાધકોની પ્રખર સાધના છે. આ વિષયમાં અધિક પ્રખરતાની અપેક્ષા કરવામાં આવી છે. તેના માટે શાંતિકુંજ હરિદ્વારને ૨૦૨૬ સુધી વાર્ષિક ૪૦ દિવસીય અનુષ્ઠાનની યોજના બનાવવામાં આવી છે.

ગાયત્રી પરિવારના જિલ્લા સંયોજક શ્રીએ જણાવ્યું કે, આ વિષય વેળાએ દેવી અને આસુરી શક્તિઓની વચ્ચે સંઘર્ષ થયો છે. આસુરી પરિસ્થિતિઓને નિયંત્રીત કરવા તથા દેવીશક્તિને પ્રભાવશાળી બનાવવા માટે લૌકિક પ્રયાસ વિભિન્ન સ્તરો પર કરવામાં આવ્યો છે. સુધાર માટે સાધનાત્મક પ્રયોગ કરવો જરૂરી છે.

તાપી જિલ્લામાં તા. ૧લી સુધી ઠેર-ઠેર પોષણ અભિયાન

વ્યારા

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા સૂત્ર સહી પોષણ, દેશ રોશનને ચરિતાર્થ કરવા માટે રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની પ્રેરણાથી શરૂ થયેલા ગુજરાત પોષણ અભિયાન અંતર્ગત બાળકો, કિશોરીઓ અને માતાઓના પોષણ સ્તરમાં વધારો કરવાના હેતુથી સામાજિક શૈક્ષણિક અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહિયારા પ્રયાસોથી આજે તા.૩૦ જાન્યુઆરી થી તા.૧લી ફેબ્રુઆરી-૨૦૨૦ ત્રણ દિવસ દરમિયાન પોષણ અભિયાનના કાર્યક્રમો યોજાશે.

જિલ્લામાં આ ત્રણ દિવસો દરમિયાન અભિયાનમાં મંત્રીશ્રી, પ્રભારી સચિવ, અધિક ગ્રામ વિકાસ કમિશ્નર, નાયબ વન સંરક્ષક અને એ.સી.એફ. સહિતના અધિકારીઓ હાજર રહેશે. રાજ્ય સરકારના બધા જ વિભાગો શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી અભિયાનની જેમ પોષણ અભિયાનમાં જોડાઈ આંગણવાડી વર્કર, આશા વર્કર અને એ.એન.એ.બહેનોની પોષણ ત્રિવેણી રચી બાળકોને કુપોષણમાંથી મુકત કરવાના સઘન પ્રયાસો કરવામાં આવશે.

સુરતમાં ત્રિપલ અકસ્માતઃ ટેમ્પા ચાલકનું ઘટનાસ્થળે જ મોત

સુરત

સુરતના સિયાલજ પાટિયા નજીક ત્રિપલ અકસ્માત થયો છે. અમદાવાદ - મુંબઈ માર્ગ પર બે ટેમ્પો અને ટેક્કર વચ્ચે અકસ્માત થયો છે. આ અકસ્માતમાં ટેમ્પો ચાલકનું ઘટનાસ્થળે મોત થયુ છે. આજે સવારમાં જામનગર અને રાજકોટમાં પણ રોડ અકસ્માત સર્જાયો હતો જેને પરિણામે આજે સવારથી અત્યાર સુધીમાં ૭ લોકો રોડ અકસ્માતમાં પોતાનો જીવ ગુમાવી ચુક્યા છે.

સુરતના સિયાલજ પાટિયા નજીક ત્રિપલ અકસ્માત થયો છે. અમદાવાદ - મુંબઈ માર્ગ પર બે ટેમ્પો અને ટેક્કર વચ્ચે અકસ્માત થયો છે. આ અકસ્માતમાં ટેમ્પો ચાલકનું ઘટનાસ્થળે મોત થયુ હતુ. પરંતુ અકસ્માત કરીને અન્ય બે વાહન ચાલકો ફરાર થયા છે. આ અકસ્માતની ઘટનાને લઈને હાઈ-વે પર ટ્રાફિકજામ થયો છે.

માંડવીના વરેલીમાંથી ૩૮મી દીપડી પાંજરે પૂરાતા ગ્રામજનોમાં રાહત

સુરત

માંડવી તાલુકાનું વરેલી ગામએ દીપડાનું પ્રિયસ્થાન બની ગયું છે. વરેલીમાંથી ૩૮મી દીપડી પાંજરે પુરાઇ છે. થોડા દિવસોથી દેખા દેતી બે વર્ષની દીપડી પાંજરે પુરાતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે. જોકે, એક જ ગામમાંથી ૩૮ દીપડાઓ પકડાવાને લઈને સતત પાંજરું વરેલીમાં મૂકી રાખવામાં આવે છે. માંડવી તાલુકાના વરેલી ગામે સતત દીપડા પકડાવાની ઘટનાઓ બની રહી છે. જેમાં વહેલી સવારે વધુ એક ૩૮મી દીપડી પકડાઈ છે. વનવિભાગ દ્વારા વરેલી ગામે દીપડાને ઝબ્બે કરવા માટે પાંજરું મૂક્યું હતું. દરમિયાન વરેલીના ઠાકોરભાઈ મગનભાઈ વસાવાના ઘર પાછળના વાડાના ભાગે મૂકવામાં આવેલા પાંજરામાં મૂકેલું મારણ ખાવા જતા બે વર્ષની દીપડી પાંજરે પુરાઈ હતી. વનવિભાગ દ્વારા પાંજરે પુરાયેલ દીપડીનો કબજો લઈ દીપડીને દૂર જંગલમાં મુક્ત કરવાની કવાયત આદરી હતી. દીપડી પાંજરે પુરાતા ગ્રામજનોએ રાહતનો દમ લીધો હતો.

પાંડેસરામાં જ્વેલર્સની દુકાનમાં ચોરીના પ્રયાસ અંગે ગુનો દાખલ

સ્થાનિક લોકો આવી પહોંચતા તસ્કરો ભાગી ગયા હતા

સુરત

પાંડેસરા જલારામ નગર સોસાયટીમાં આવેલી એક દુકાનનું શટર તોડી ચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, ઈમરજન્સી ૧૦૮ની ગાડીના કર્મચારીઓ આવી જતા અજાણ્યા ચોર ફરાર થઈ ગયા હતા. પાંડેસરા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના વતની અને હાલમાં પાંડેસરા નેમનગર ખાતે પ્રકાશ ખટીક રહે છે. તેમની એક જ્વેલર્સની દુકાન પાંડેસરા જલારામ નગર સોસાયટીમાં આવેલી છે. ગતરોજ રાત્રિના સુમારે ઈકો વાહન લઈને આવેલા અજાણ્યા તસ્કરોએ દુકાનનું શટરનું લોક તોડી નાંખી ચોરી કરવાનો પ્રયાસ કરતા હતા. તે દરમ્યાન વીક્કી તથા ઈમરજન્સી ૧૦૮ની ગાડીના કર્મચારીઓ આવી જતા તસ્કરો ઈકો વાહન લઈને ફરાર થઈ ગયા હતા. પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પંખા, વાયરિંગ, ફર્નિચર સહિતનો સામાન બળી ગયો

સુરતના અડાજણ વિસ્તારમાં પહેલા માળે ફ્લેટમાં આગ લાગતાં ખળભળાટ

સુરત

અડાજણ વિસ્તારમાં આવેલી દીપા રેસીડેન્સીમાં પહેલા માળે ફ્લેટમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટનાની જાણ થતા ફાયર વિભાગનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને પાણીનો મારો ચલાવી ગણતરીની મિનિટોમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો.

અડાજણ વિસ્તારમાં આવેલી દીપા રેસીડેન્સીમાં પહેલાં માળે ૧૦૩ નંબરના ફ્લેટમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટનાની જાણ થતા અડાજણ અને મોરાભાગળની ફાયરની ગાડીઓ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી ગણતરીની મિનિટોમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો. જોકે, આગ લાગવા પાછળનું કારણ જાણવા મળ્યું નથી. ફ્લેટમાં રહેતો પંખા, વાયરિંગ, ફર્નિચર સહિતનો સામાન બળી ગયો હતો. અત્રે ઉલ્લેખનિય છે કે, રેસીડેન્સીના પહેલા માળે લાગેલી આગ સમયસર કાબૂમાં આવી જતા મોટી દુર્ઘટના ટળી હતી.

પાંડેસરામાં આધેડ વ્યક્તિ અને ડભોલીમાં મહિલાનો આપઘાત

સુરતમાં આપઘાતના બે કિસ્સા નોંધાયા

સુરત

શહેરના કતારગામ તથા પાંડેસરા વિસ્તારમાં એક પરિણીતા તથા આધેડે કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હોવાનો બનાવ પોલીસ મથકમાં નોંધાતા પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર બોટાત જિલ્લાના રાણપુર તાલુકાના વતની અને હાલમાં ડભોલી ચાર રસ્તા શ્રીજી નગરી સોસાયટી વિભાગ-૧ ખાતે રહેતા મીનાક્ષીબેન આશીષભાઈએ ગતરોજ બપોરના સુમારે પોતાના ઘરના બેડરૂમમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. કતારગામ પોલીસ મથકમાં પતિ આશિષ ધોલીયાએ હકીકત ઝણાવતા પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ શરૂ કરી છે.

આ સાથે બીજો અકસ્માત મોતનો બનાવ પાંડેસરા તેરેનામ ચોકડી પાસે રહેતા એક મકાનમાં બન્યો હતો. પાંડેસરા તેરેનામ રોડ મરાઠા નગર ખાતે રહેતા તારાચંદ ઓભરી (૫૪)એ પોતાના ઘરમાં રાત્રિના સુમારે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ શરૂ કરી છે.

અંકલેશ્વરના ભારણ ગામમાં દીપડાએ વૃદ્ધા પર હુમલો કરતાં ગંભીર રીતે ઘાયલ

ભરૂચ

અંકલેશ્વર તાલુકાના ભરણ ગામમાં દીપડાએ ઘરમાં ઘૂસીને ફુલીબેન ઊમાદભાઇ વસાવા(૭૦) નામની વૃદ્ધા ઉપર હુમલો કર્યો હતો. જેથી વૃદ્ધાને સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના ભરણ ગામમાં ગત મોડી રાત્રે વૃદ્ધા ઘરમાં એકલી હતી, ત્યારે અચાનક દીપડો ઘરમાં ઘૂસી આવ્યો હતો. અને ફુલીબેન ઊમાદભાઇ વસાવા પર હુમલો કરી દીધો હતો. જેમાં વૃદ્ધા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. જેથી તુરંત જ સારવાર અર્થે અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાંથી વધુ સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવી હતી. જ્યાંથી વૃદ્ધાને વડોદરાની સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી છે. જ્યાં વૃદ્ધાની સારવાર ચાલી રહી છે.

ભરણ ગામ પાસેથી દીપડાના બચ્ચાનો મૃતદેહ પણ મળી આવ્યો છે. વન વિભાગે મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપ્યો છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

ફરી દક્ષિણ ગુજરાતમાં શીત લહેર નવસારીમાં લઘુતમ તાપમાન ૭ ડીગ્રી

તાપમાનનો પારો ૪ ડીગ્રી ગગડી ગયો : સુરતમાં ૧૩ ડીગ્રી તાપમાન નોંધાયું

સુરત

ઉત્તર ભારતમાં ફરી એક વખત ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના લીધે દક્ષિણ ગુજરાતમાં શીત લહેર ફરી વળતા તાપમાનનો પારો ગગડી પડતા ઠંડીમાં નોંધપાત્ર વધારો થયો છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૨૬.૫ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૩.૬ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૨ ટકા તેમજ હવાનું દબાણ ૧૦૧૮.૬ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ ઉત્તર દિશાથી કલાકના ૪ કિલોમીટરની ઝડપે ઠંડો પવન ફુંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે અધિકતમ તાપમાનમાં ૨ ડીગ્રી અને ન્યુનતમ તાપમાનમાં દોઢ ડીગ્રીનો ઘટાડો થતા શહેરીજનોને કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનતમ તાપમાન ૭ ડીગ્રી નોંધાયું હતું. અધિકતમ તાપમાન ૨૫ ડીગ્રી નોંધાયું છે. નવસારીમાં એક જ રાત્રિમાં ન્યુનતમ તાપમાનનો પારો સડસડાટ ૪ ડીગ્રી ગગડી પડતા હાડ થીજાવતી ઠંડીનો અનુભવ લોકોને થઈ રહ્યો છે. ઉત્તર દિશાથી ફુંકાઈ રહેલી શીત લહેરમાં શહેરવાસી ફુંઠવાઈ રહ્યા છે. હવામાન વિભાગના સૂત્રો દ્વારા આગાહી કરવામાં આવી છે. આગામી ૨ દિવસ સુધી દક્ષિણ ગુજરાતમાં શીત લહેરની અસર વધુ દેખાશે. તાપમાનમાં હજી પણ એકથી બે ડીગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે. શહેરીજનો ફુલગુલાબી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. દિવસ દરમ્યાન પણ ગરમ વસ્ત્રોની મદદ લેવાની ફરજ પડી રહી છે.

વડોદમાં પ્રેમી યુવાન સાથે મળીને પતિની હત્યા કરનાર પત્નીની ધરપકડ

સુરત

પાંડેસરા વડોદ ગામ મહાવીર નગરમાં પત્નીએ પ્રેમી સાથે મળી ચાર માસુમ સંતાનોની હાજરીમાં પતિના માથે હથોડી મારી નાયલોનની દોરીથી ગળે ટુંપો દઈ નિર્મમ હત્યા કરી હતી. પોલીસે હત્યારી પત્નીની ધરપકડ કરી છે. જ્યારે નાસી છુટેલ પ્રેમી સંતોષ પ્રજાપતિની શોધખોળ હાથ ધરી છે.

વડોદ ગામમાં આવેલ મહાવીરનગરમાં અચ્છેલાલ ગુમાની ચાલીમાં રૂમ નં.૪માં રહેતા પ્રેમચંદ રામગોપાલ સોનકર ઉ.વ.૩૦ મૂળ ઉત્તર પ્રદેશના જહાનાબાદનો વતની હતી. પત્ની સુધા અને ચાર બાળકો સાથે રહેતો પ્રેમચંદ શાકભાજી વેચવાની સાથે ગેસ બોટલ રિપેરિંગનું કામ કરતો હતો. પતિ અવરનવર શારીરિક માનસિક ત્રાસ ગુજારતો હોવાથી ઘરની સામે રહેતો અપરિણીત સંતોષ પ્રજાપતિ સાથે સુધાનો પ્રેમ સંબંધ બંધાયો હતો. પ્રેમી સંતોષ સાથે મળી સુધાએ મંગળવારે મોડી રાત્રે ચાર બાળકોની હાજરીમાં ઘરમાં જ પતિની હત્યા કરી હતી. સુધાએ પતિના માથામાં હથોડી મારી હતી. જ્યારે સંતોષે નાયલોનની દોરીથી ફાંસી આપી હતી. આ બનાવમાં ચાર પૈકી બે સંતાનોએ માતાની ખૂની હકીકત પોલીસને જણાવી હતી. અનૈતિક સંબંધમાં ખૂની ખેલ ખેલનારી પત્ની સુધાની પોલીસે ધરપકડ કરી છે. જ્યારે નાસી છુટેલ પ્રેમી સંતોષ પ્રજાપતિની શોધખોળ હાથ ધરી છે.

સુરતમાં રસ્તાઓ પર લુખ્ખા તત્ત્વોનો આતંકઃ હથિયારો સાથે ધમાલ મચાવી

સુરત

શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ દિવસેને દિવસે બગડી રહી છે. કારણ કે છાશવારે સુરતના રસ્તાઓ પર લુખ્ખા તત્વો હથિયારો સાથે ઉતરીને ધમાચકડી મચાવતા હોય તેવા બનાવો ધ્યાનમાં આવતા રહે છે.

આવી જ દાદાગીરીનો વીડિયો ફરતો થયો છે. સામાન્ય રીતે દાદાગીરી કરનારા લોકો દારૂના નશામાં પણ હોય છે. હાલ જે વીડિયો વાયરલ થયો છે તે અંગે પોલીસ કેવી કાર્યવાહી કરશે તે જોવાનું રહ્યું.

બુધવારે મોટા વરાછા વિસ્તારમાં એક ગાડીમાં સવાર થઈને આવેલા પાંચ લોકોને એક દુકાનદારે ગાડી પાર્ક ન કરવાનું કહેતા, લુખ્ખાતત્વો બેફામ બની ગયા હતા. દારૂના ચિક્કાર નશામાં છાકટા બનેલા આ લુખ્ખાઓ પોતાની પાસે રહેલા હથિયારો સાથે દાદાગીરી પર ઉતરી આવ્યા હતા. લુખ્ખાઓની લુખ્ખાગીરી સામે સ્થનિકો એકઠા થઈ ગયા હતા. આ સમગ્ર ઘટના સ્થાનિક યુવાને પોતાના મોબાઈલમાં કેદ કરી લીધી હતી. જે બાદમાં વીડિયો ફરતો કરવામાં આવ્યો હતો. વીડિયો ફરતો થયા બાદ પોલીસે પણ આ તત્વોને શોધવા માટેની કાર્યવાહી શરૂ કરી છે. વીડિયોમાં નજરે પડતા તત્વો પહેલા પણ મારામારીના ગુનામાં વોન્ટેડ હોવાનું માલુમ પડ્યું છે.

૧લી ફેબ્રુઆરીથી વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ પર પુસ્તક મેળો યોજાશે

સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા ૧૯મા રાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન તા.૦૧/૦૨/૨૦૨૦ થી તા.૦૫/૦૨/૨૦૨૦ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં બપોરે અને સાંજે વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત પુસ્તક મેળાના સેમિનાર હોલમાં યોજાનાર વિવિધ સ્પર્ધાઓ અને કાર્યક્રમોમાં જનરલ નોલેજ ક્વીઝ કોમ્પીટીશન, સુરત શહેરની શાળા તથા સંસ્થાઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ, સુરત શહેરની શાળા તથા સંસ્થાઓનો રંગારંગ કાર્યક્રમ, ગ્રુપ ડાન્સ કોમ્પીટીશન અને અંધજન શાળા દ્વારા ઓરકેસ્ટ્રા કાર્યક્રમનું આયોજન કરાયું છે . ઉપરોક્ત તમામ સ્પર્ધાઓમાં ભાગ લેવા અંગેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૧૮, મુગલીસરા, સુરત (ટે.નં. ૨૪૨૩૭૫૧ થી ૫૬-EXT : ૨૭૯) ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી તા.૩૧/૦૧/૨૦૨૦ સુધી પરત કરવાના રહેશે. આ સ્પર્ધાઓના ફોર્મ સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/infromation/news પરથી પણ મળી શકશે.

એસટી ડેપો નજીક બસ ચાલક-રિક્ષા ચાલકો જાહેરમાં બાખડ્યા

સુરત

એસટી ડેપો નજીક એસટી બસ ચાલક અને રિક્ષા ચાલકો જાહેરમાં બાખડ્યા હતા. એસટી બસ ચાલકને બસ બહાર કાઢતી વેળાએ રીક્ષા ચાલક સામ સામે આવી જતા રકઝક થઈ હતી. ઘટનાની જાણ એસટી ટ્રાફિક વિભાગ પોલીસ કર્મીને થતા પોલીસ સહિત વલસાડ સિટી પોલીસની ટીમ દોડી આવી હતી. આ મામલે એસટી વિભાગના કર્મચારીઓના જણાવ્યા મુજબ વલસાડ એસટી બસ ડેપો બહાર ફાળવેલ રિક્ષા સ્ટેન્ડ કરતા વધારે પ્રમાણમાં રીક્ષાઓ ઉભી રહે છે.



તા.૩૦'મી જાન્યુઆરી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના નિર્વાણ દિવસ નિમિત્તે ચોકબજાર સ્થિત મહાત્મા ગાંધીની પ્રતિમાને મેયર ડૉ. જગદીશભાઈ પટેલ દ્વારા શ્રદ્ધાંજલી અર્પણ કરાઈ હતી. જ્યારે સુરત શહેર કોંગ્રેસ દ્વારા મક્કાઈપુલ કોંગ્રેસ કાર્યાલયમાં મહાત્મા ગાંધીની તસ્વીરને શ્રદ્ધા સુમન અર્પણ કરતા સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ બાબુભાઈ રાયકા ઉપરોક્ત તસ્વીરોમાં નજરે પડે છે.

વઘઈ એગ્રીકલ્ચર કોલેજમાં પોટેટો કોન્કલેવનું જીવંત પ્રસારણ કરાયું

સમગ્ર દુનિયામાં બટાટા ઉત્પાદન કરવામાં ભારત મોખરે છેઃ મુખ્યમંત્રી

આહવા

ડાંગ જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને કોલેજ ઓફ એગ્રીકલ્ચર, વઘઈ ના સહયોગથી ગ્લોબલ પોટેટો કોન્ક્લેવ ૨૦૨૦ના કાર્યક્રમનું ગાંધીનગરથી જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. આ કોન્ક્લેવનો મુખ્ય ઉદેશ્ય બટાકામા સંશોધન,વેપાર ઉદ્યોગ તથા મૂલ્યવર્ધન સ્થાપી નવી તકો પ્રકાશિત કરવાનું હતું. આ કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડા.જી.જી.ચૌહાણ અને એગ્રીકલ્ચર કોલેજના આચાર્યશ્રી ડા. જે. જે. પસ્તાગિયાની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આ પ્રસંગે ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશના તમામ ખેડૂતોને સીધો સંવાદ કરી આગામી વર્ષોમા સિંચાઈ અને કૃષિની નવી યોજનાઓ ફાળવવાની વાત કરી હતી. તદઉપરાંત ખેડૂતોની આવક બમણી કરવામા બટાકાના પાકની અગત્યતા તેમજ બટાકા ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો અને મૂલ્યવર્ધન થકી વધારે આવક મેળવવાની વાત કરી હતી. આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા કહેવામાં આવ્યું હતું કે દુનિયામાં ભારત દેશ બટાકા ઉત્પાદનમાં અગ્રેસર છે. અને ૬૫ ટકા લોકો બટાકા ખાય છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે વિશ્વના ખોરાક અને પોષણ સુરક્ષામાં બટાકાના મહત્વના લીધે યુનાઈટેડ નેશન્સ દ્વારા વર્ષ ૨૦૦૮ ને બટાટા આંતરરાષ્ટ્રિય વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું હતું. લોકોને બટાટાની ખેતી કરવાનું આહ્વાન અને માર્કેટીગ તેમજ મૂલ્યવર્ધન ઉપર મુખ્યમંત્રીશ્રી રૂપાણીએ ભાર મુક્યો હતો.

આ પ્રસંગે ડાંગ જિલ્લાના ૧૧૦ ખેડૂત ભાઈ-બહેનો, વિદ્યાર્થીઓ તેમજ વૈજ્ઞાનિકોએ જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

સુરત મહાનગર પાલિકા કમિશ્રરનો નિર્ણય

સિટી બસમાં ટિકિટ વગરના મુસાફરો પકડાશે તો એજન્સી પાસેથી વસૂલાશે દંડ

સુરત

સુરત સિટી બસમાં ટિકિટ વિના મુસાફરી કરનારાઓ બાબતે સુરત મહાનગર પાલિકા કમિશ્નરે મોટો નિર્ણય લીધો છે. સિટી બસમાં ટિકિટ વિના જો કોઈ મુસાફર પકડાશે તો એજન્સી પાસેથી દંડની વસૂલાત કરવામાં આવશે. તમામ મુસાફરોની પેનલ્ટી વસૂલ કરવા માટે મનપાએ આદેશ આપ્યો છે. કેટલાક કંટક્ટરો દ્વારા મુસાફરોને ટિકિટ જ નહોતી અપાતી. આ મામલે વિપક્ષ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. ત્યાર બાદ અમુક કંડક્ટરોને સસ્પેન્ડ પણ કરવામાં આવ્યા હતા.

સુરત સિટી બસમાં મુસાફરી કરતા કોઈપણ મુસાફર જો ટિકિટ વિના પકડાશે તો તમામ મુસાફરીની ટિકિટનો દંડ એજન્સી પાસેથી લેવામાં આવશે. આ કૌભાંડ કોંગ્રેસ કોર્પોરેટર દિનેશ કાછડિયા દ્વારા ઉજાગર કરવામાં આવ્યું હતું. તેઓ મનપા કમિશ્નરના આ નિર્ણય બાબતે કહે છે કે, એક પણ વ્યક્તિ જો ટિકિટ વિના પકડાશે તો તેનો દંડ આખી બસને ફટકારવામાં આવશે. અને એજન્સી પાસેથી આખી બસનો દંડ વસૂલ કરવામાં આવશે. છેલ્લા ૨ મહિનાથી ઘણાં લોકો આ રીતે ટિકિટ વિના મુસાફરી કરતા હતા. તે અંગે જે નિર્ણય લેવામાં આવ્યો છે તે આવકાર્ય છે અને સારો છે. તમામ લોકોને કહેવા માગુ છું કે ટિકિટ લઈને જ તેઓ બસમાં બેશે.

જણાવી દઈએ કે, સુરત મહાનગરપાલિકા સંચાલિત સિટી બસમાં કંડકટર દ્વારા મુસાફરો પાસેથી પૈસા લઈને ટિકિટ ન આપવાના કૌભાંડનો પર્દાફાશ કોંગ્રેસના કોર્પોરેટર દિનેશ કાછડીયા દ્વારા કરવામાં આવ્યો હતો.

નેશનલ ટેબલ ટેનિસમાં ગુજરાતની મેન્સ ટીમ સેમિફાઇનલમાં પહોંચી

મેડલ રાઉન્ડમાં પ્રવેશવા માટે હરિયાણાની ટીમને ૩-૧થી હરાવી

સુરત

હૈદરાબાદના સરુંગનગર ઈન્ડોર સ્ટેડિયમ ખાતે યોજાયેલી યુટીટી ૮૧મી નેશનલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં બુધવારે ગુજરાતની મેન્સ ટીમે હરિયાણાની મજબૂત ટીમને હરાવીને એ બાબતની ખાતરી કરાવી દીધી હતી કે તેઓ મેડલ વિના પરત ફરશે નહીં. મેન્સ ટીમ ઈવેન્ટની રોમાંચક બનેલી ક્વાર્ટર ફાઇનલમાં ગુજરાતે ૩-૧થી વિજય હાસલ કર્યો હતો જ્યાં પીઢ ખેલાડી જિજ્ઞેશ જયસ્વાલે તેના યુવાનીના દિવસોની યાદ તાજી કરી દીધી હતી.

ગયા વર્ષે ગુજરાતની ટીમ પીએસપીબી સામે ફાઇનલમાં હારી જતાં તેને સિલ્વર મેડલથી સંતુષ્ટ રહેવું પડ્યું હતું. ગુજરાતે શ્રેષ્ઠ પ્રારંભ કર્યો ન હતો. બે વખતના ઓલિમ્પિયન સૌમ્યજિત ઘોષે પ્રારંભિક મેચમાં ઈશાન હિંગોરાણીને ૩-૦થી હરાવ્યો હતો. ગુજરાતનો ફેવરિટ ખેલાડી માનુષ શાહનો મુકાબલો જીત ચંદ્રા સાથે થયો હતો. પ્રથમ ગેમ હાર્યા બાદ માનુષે વળતી લડત આપી હતી અને આગામી ત્રણ ગેમની સાથે ૯-૧૧ ૧૧-૧ ૧૧-૮ ૧૧-૭થી મેચ જીતી લીધી હતી.

ત્રીજી સિંગલ્સમાં પીઢ ખેલાડી જિજ્ઞેશ જયસ્વાલ તેના યુવાનીના કાળની માફક આક્રમક રમ્યો હતો. ભારતના ઈન્ટરનેશનલ ખેલાડી ઝુબીન કુમાર સામે તેનો મુકાબલો હતો. જયસ્વાલે પ્રથમ બે ગેમ જીતી હતી પરંતુ ત્રીજી ગેમ જીતીને ઝુબીને મેચ નિર્ણાયક તબક્કામાં પહોંચાડી દીધી હતી. જોકે જયસ્વાલે ધીરજપૂર્વક રમીને શાનદાર બેકહેન્ડ અને ફોરહેન્ડ દ્વારા મેચ જીતી લીધી હતી.

ગોંડલ વિહિર ગામમાં જિલ્લા કલા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

આહવા

નેહરૂ યુવા કેન્દ્ર,ડાંગ દ્વારા ડાંગ જિલ્લાના આહવા તાલુકાના ગોંડલવિહિર ગામે તા.૨૬/૦૧/૨૦૨૦ ના રોજ જિલ્લા કલા અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમા સહભાગી જૂથો દ્વારા કુલ-૨૪ કૃતિઓ રજુ કરવામાં આવી હતી. જેમાં પ?મિી નૃત્ય,રાજસ્થાની નૃત્ય,મહારાષ્ટ્ર,ગુજરાતી નૃત્ય તેમજ બોલીવુડ ગીતોમાં પણ સ્થાનિક ડાંગી લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તમામ નૃત્યોમાં ડાંગી નૃત્યને પ્રથમ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

વલસાડ ઈજનેરી કોલેજમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી

વલસાડ

વલસાડ જિલ્લાની સરકારી ઈજનેર કોલેજમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં કોલેજના અધ્યાલપકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહિપૂર્વક ભાગ લીધો હતો. કૉલેજના આચાર્ય ડો.વી.એસ.પુરાણી દ્વારા ધ્વાજવંદન બાદ પ્રાસંગોચિત ઉદ્બોધન દ્વારા વિદ્યાર્થીઓને પોતાના કામમાં જ પ્રામાણિકતા દાખવીને રાષ્ટ્રી પ્રત્યે નો પ્રેમ દર્શાવવાની પ્રેરણા આપી હતી. વિદ્યાર્થીઓ દ્વારા પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યુંન હતું. વિદ્યાર્થીઓએ ગીત, એકપાત્ર અભિનય, સમૂહગીત, નાટક, વકતવ્યજ વગેરે દ્વારા પોતાની રાષ્ટ્ર ભાવના વ્યરક્તા કરી હતી. અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ રાષ્ટ્રભાવના અને સામાજિક જાગૃતિ અંગે પોતાના વિચારો વ્યવકત કર્યા હતા.

વાપીમાં કામ અર્થે ગયેલી ઉમરગામની યુવતી ગુમ

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના જી.આઈ.ડી.સી કાકડીયામોરા કિષ્ણા?કુંજ સોસાયટીની રહેવાસી યુવતી, સપનાબેન જયપ્રકાશભાઈ ઝા, તા.૧૯-૦૧-૨૦૨૦ના રોજ પોતાના ઘરેથી વાપી કામ અર્થે જાઉં છું તેમ કહી ગયેલ, જે આજ દિન સુધી પરત આવ્યાી નથી જે ગુમ થયા છે. ગુમ થનારની ઉ.વ ૨૧, ઉંચાઈ ૫.૫ ફુટ, રંગે ઘઉંવર્ણની, શરીરે પાતળા બાંધાની છે. તેણીની ડાબી આંખની નીચે લાલ ડાઘનું નિશાન છે. તેણીએ શરીરે કાળા લરનો ટ્રેસ અને સફેદ કલરની લેગીસ તથા પગમાં કપડાની ચંપલ પહેરી છે. તેણી ગુજરાતી અને હિન્દીન ભાષા જાણે છે. આ યુવતિની જો કોઈને ભાળ મળે તો ઉમરગામ પોલીસ સ્ટે.શનનો સંપર્ક સાધવા પોલીસ ઈન્યે કટર, ઉમરગામ દ્વારા જણાવાયું છે.

એમટી જરીવાલા પ્રગતિ વિદ્યાલયમાં ૭૧માં પ્રજાસત્તાક દિનની ઉજવણી

સુરત

પ્રગતિ યુવક મંડળ સંચાલિત એમ.ટી.જરીવાલા પ્રગતિ વિધાલય, બેગમપુરા, કોળીવાડ,સુરત મુકામે ૨૬મી જાન્યુઆરીનાં ૭૧માં પ્રજાસત્તાક દિન નિમિત્તે શાળાનાં પટાગણમાં સંસ્થાના પ્રમુખશ્રી ઈન્દુભાઈ દાળવાલા દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યું હતુ.સંસ્થાના પ્રમુખશ્રીએ જણાવ્યુ હતુ કે પ્રગતિ વિધાલય વિધાર્થીઓના સર્વાગી વિકાસ માટે સતત કાર્યરત છે. વિધાર્થીઓને ટ્રાફીકસેન્સની સમજ તેમજ એકબીજાને મદદરૂપ થવા અગ્રેસર રહેવા શીખ આપી હતી. સંસ્થાના વિધાર્થીઓ દ્વારા સાસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ અંતે આભારવિધિ સંસ્થાનાં મંત્રીશ્રી જીજ્ઞેશભાઈ ડુમસવાલા એ કરી હતી. વિધાર્થીઓને સંસ્થા દ્વારા પ્રતિક ભેટ આપવામાં આવી હતી.

ઉધનામાં બે મિત્રો પર તલવાર વડે હુમલો

ઉધના હરિનગરમાં રહેતો અમિત સંજય પવાર અને તેનો મિત્ર ઋષિકેશ ચ્હા પીવા જતા હતા. ત્યારે આરોપી ગણેશ, આકાશ, રાહુલ ઉર્ફે ડીપો, ચંદને ફરિયાદી અને તેના મિત્ર સાથે ઝઘડો કરી તુ બહુત ભાઈ બન રહા હૈ તેમ જણાવી લાફા મારી તલવારથી હુમલો કરી ફરિયાદી અમિત અને મિત્ર ઋષિકેશને ઈજા પહોંચાડી નાસી ગયા હતા. બનાવ અંગે ઉધના પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સુરત ૨૦૦૭ બાઈક સળગાવવા કેસ મામલે ૯ આરોપીઓને છોડી મૂકવા કોર્ટનો હુકમ

સુરત

૨૦૦૭માં કાપોદ્રા ખાતે તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. દરમિયાન અભિવાદન સમારોહ નજીક ૪૨ જેટલી ટુ વ્હીલર સળગાવવામાં આવી હતી. જેને લઈને સરદાર ઉત્કર્ષ સમિતિના કાર્યકર્તાઓ સામે કાપોદ્વા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. ત્યારબાદ હાલના કોર્પોરેટર અને જે તે સમયના કોંગ્રેસના કાર્યકર અશોક જીરાવાલા અને ભગીરથ પીઠવડીવાળા સહિત ૯ની ધરપકડ કરવામાં આવી હતી. છેલ્લા ૧૨ વર્ષથી જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં ચાલતા આ કેસમાં આજે કોર્ટે આરોપીઓને શંકાનો લાભ આપીને છોડી મૂકવાનો આદેશ કર્યો છે.

વર્ષ ૨૦૦૭માં સરદાર ઉત્કર્ષ સમિતિના નેજા હેઠળ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સામે વિરોધનો સૂર છેડ્યો હતો. ૨૧ ઓક્ટોબર ૨૦૦૭ના રોજ કાપોદ્રા ખાતે મોદીના અભિવાદનનો સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. દરમિયાન રાત્રે ૮થી ૧૦ લાગ્યા સુધીમાં અભિવાદન સમારોહ નજીક ૪૨ ટુ વ્હીલરને સળગાવી દેવામાં આવી હતી. જેમાં સરદાર ઉત્કર્ષ સમિતિના ૯ સામે ફરિયાદ નોંધવામાં આવી હતી.



પાલ આરટીઓ પાસે આવેલી શ્રીરામ પાવન ભૂમિ ખાતે તા.૧'ફેબ્રુઆરીના રોજ ૧૯ મુમુક્ષુઓનો સમૂહ દિક્ષા સમારંભ યોજાશે. આજે પાલ ઈશીતા પાર્ક ખાતેથી ૧૯ મુમુક્ષુઓની ભવ્યાતિભવ્ય વરસીદાન યાત્રા નીકળી હતી. વરસીદાન યાત્રામાં વિશાળ સંખ્યામાં લોકો જોડાયા હતા.

શનિવારે દિક્ષા નગરી સુરતમાં ૭૭થી વધુ મુમુક્ષુઓનો ભવ્ય દિક્ષા ગ્રહણ સમારંભ

સુરતના જૈન શાસનના ઈતિહાસમાં સૌપ્રથમ યોજાનારો સૌથી મોટો દિક્ષા પ્રદાન સમારંભ : કાલે વર્ષીદાન યાત્રા

સુરત

અમદાવાદ પાલડી નિવાસી શ્રી જસવંતલાલ શાહના પરિવારના પુત્રવધુ મુમુક્ષુરત્ના રૂપાબેન (ઉ.વ. ૪૦) પૌત્ર મુમુક્ષુરત્ન શ્રી રત્નકુમાર (ઉ.વ. ૧૩) અને પૌત્રી મુમુક્ષુરત્ના શ્રી જિનાજ્ઞાકુમારી (ઉ.વ. ૧૧) પ્રસિધ્ધ પ્રવચનકાર પૂ.આ. શ્રી વિજય શ્રે યા સ પ્ર ભ સૂ રી શ્વ ર જી મહારાજાની નિશ્રામાં મહાસુદ ૭ શનિવારે તા. ૧ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સુરત સૂર્યનગરી વેસુ ખાતે ૭૭ શ્રી દિક્ષાર્થીઓની સાથે દીક્ષા ગ્રહણ કરી સંસાર ત્યજી કલ્યાણનો સંયમપૂર્ણ માર્ગ અપનાવશે. આ સમગ્ર દિક્ષા પ્રદાન રત્નત્રયી સમર્પણ મહોત્સવનું આયોજન શ્રી સુરત જિનાજ્ઞા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે.

સુરતના જૈન શાસનના ઈતિહાસમાં આ દિક્ષા મહોત્સવ દરમિયાન ૭૭ સમૂહ રજવાડી ભવ્ય જાજરમાન વર્ષીદાન યાત્રા મહાસુદ છઠ્ઠને શુક્રવારે સવારે ૮:૩૦ કલાકે નીકળશે. ૧૧:૩૦ કલાકે બેહુ વર્ષીદાન તેમજ સાંજે ૪ કલાકે સમૂહ દિક્ષાર્થીઓના વાયણાનો મહોત્સવ યોજાશે. સાંજે ૬ કલાકે અતિભવ્ય દિવ્ય મહાપૂજા પ્રભુદર્શન યોજાશે. ત્યારબાદ રાત્રે ૭:૩૦ કલાકે ૧૬ વર્ષથી નાના મુમુક્ષુઓનું વક્તવ્ય, તેમજ વિદાય તિલક ચઢાવાનો મહોત્સવ યોજાશે.

મહાસુદ સાતમને તા. ૧ ફેબ્રુઆરીના રોજ સવારે ૪:૩૦ કલાકે દિક્ષાર્થીઓનો મંડપ પ્રવેશ ત્યારબાદ ૫ કલાકે વિદાય તિલક મહોત્સવ યોજાયા બાદ સવારે ૬ કલાકથી દિક્ષાવિધિનો પ્રારંભ થશે.

પરિવારના મોભી શ્રી જસવંતલાલ શાહે જણાવ્યું હતું કે, પંડિતવર્ય પરેશભાઈ અને રૂપાબેનનું સંતાન કુલદીપિકા ધન્યાકુમારીએ આજથી પાંચ વર્ષ પૂર્વે દિક્ષા ગ્રહણ કરી સા. શ્રી હિતચરણાશ્રીજી મ.સા. નામ ધારણ કર્યું હતું, તેનું આજે અમારા આંગણે પુનરાવર્તન થઈ રહ્યું છે. તેમજ પ. પૂ. આ. શ્રી શ્રેયાંસપ્રભસુરિ મહારાજા તથા પ. પૂ. આ. શ્રી તપોરત્નસૂરિ મહારાજાના અનહદ ઉપકારથી અમારા પરિવારના મનોરથો સાકાર થઈ રહ્યા છે. બહેન શ્રી હિતચરણાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી મુમુક્ષુરત્નશ્રી રત્નકુમાર તેમજ મુમુક્ષુરત્ના શ્રી જિનાજ્ઞાકુમારી સાથે માતૃશ્રીની વર્ષોની ભાવેલી ભાવનાઓ પરમ પુણ્યોદયે ફળીભૂત થઈ રહી છે.

કાયમી અને સાચા સુખને ઝંખનારા, સંયમ ધર્મના રાગી મુમુક્ષુરત્ના રૂપાબેને જણાવ્યું હતું કે, સંસાર ચક્રમાં મનુષ્ય જીવનની પ્રાપ્તિ એ મંગલ છે. તેમાં પણ મુનિજીવનની પ્રાપ્તિ એ મહામંગલ છે. મારા અને મારા સંતાનોના જીવનમાં ઉપકારી માતૃસંસ્થા શ્રીમદ વિજય યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાના સુસંસ્કારો દ્વારા સારા ઘડતરથી સોનાનો સૂરજ ઉગ્યો છે.

સીએએ અને એનસીઆરના સમર્થનમાં વકીલો મેદાનમાં

જિલ્લા કલેક્ટર કચેરીમાં મોટી સંખ્યામાં વકીલોની ઉપસ્થિતિ

સુરત

સીએએ અને એનઆરસીના સમર્થનમાં આજે બપોરે બે વાગે સુરત જિલ્લા ન્યાયાલયમાં પ્રેક્ટીસ કરતા વકીલો દ્વારા સુરત જિલ્લા કલેક્ટરને સમર્થન પત્ર સુપરત કર્યું હતું. ગઈકાલે સીએએના વિરોધમાં અપાયેલા ભારત બંધના એલાનને સુરત શહેરમાં મિશ્ર પ્રતિસાદ સાંપડ્યો હતો. સુરત શહેરમાં પણ સીએએના સમર્થન અને વિરોધમાં કાર્યક્રમો થઈ રહ્યા છે. ગઈકાલે સુરતના વકીલોએ સીએએ-એનઆરસીના સમર્થનમાં કલેક્ટરને સમર્થનપત્ર આપવાની જાહેરાત કરી હતી. જેના અનુસંધાને આજે બપોરે બે વાગે સુરત જિલ્લા ન્યાયાલયના પટાંગણમાં ખૂબ જ મોટી સંખ્યામાં શહેરની જાણીતા ધારાશાસ્ત્રીઓ એકત્રિત થયા હતા. જ્યાંથી જેઓ કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા અને કલેક્ટરને સીએએ-એનઆરસીની સમર્થનપત્ર આપી સમર્થન જાહેર કર્યું હતું.

વસીમ બિલ્લા હત્યા કેસઃ ૫૦થી વધુની પૂછપરછ,હત્યારા હજુ પણ ફરાર

સુરત

સુરતના ખંડણીખોર વસીમ બિલ્લાની નવસારીમાં ૨૨મી જાન્યુઆરીએ મોડી રાત્રે ફાયરિંગ કરી હત્યા કરાઈ હતી. પોલીસ દ્વારા હત્યાને લઈને તપાસ હાથ ધરવામાં આવી છે. જેમાં અત્યાર સુધીમાં ૫૦થી વધુ લોકોની પૂછપરછ કરવામાં આવી છે. જ્યારે હત્યાના દિવસે વસીમ સુરતની સેશન્સ કોર્ટમાં હાજરી આપવામાં આવ્યો હતો અને તેની રેકી કર્યા બાદ હત્યા કરવામાં આવી હોવાની આશંકા સેવવામાં આવી છે.

સુરતના ખંડણીખોર વસીમ બિલ્લા નવસારીમાં ૨૨મી જાન્યુઆરીએ મોડી રાત્રે ફાયરિંગ કરી હત્યા કરાઈ તે દિવસે સુરતની કોર્ટમાં તારીખ પર આવ્યો હતો. કોર્ટની તારીખ બાદ તે ઝાંપાબજાર સ્થિત ઘરે તેમ જ અડાજણ, ભટાર સહિત ૫ ઠેકાણે ગયો હોવાની વાત સામે આવી રહી છે. વસીમ બિલ્લા સુરતમાં તે દિવસે કોને-કોને મળ્યો અને તેની કારની પાછળ કોઈએ રેકી કરી છે કે કેમ આ તમામ પાસાની સીસીટીવી કેમેરાના આધારે તપાસ કરાય તો હત્યારાની ચોક્કસ કડી પોલીસને મળી શકે તેમ છે.

અત્યાર સુધીમાં નવસારી પોલીસે વસીમ બિલ્લાની હત્યા મામલે ૫૦થી વધુ લોકોની પૂછપરછ કરી હતી. નવસારી પોલીસે મુંબઈ સહિત અન્ય ચાર ઠેકાણે ટીમો બનાવીને હત્યારાઓનું પગેરૂ શોધવા માટે કવાયત હાથ ધરી છે.



સુરત રાણા સમાજ દ્વારા વસંત પંચમીના શુભ દિવસે ઉમરા ખાતેના પાર્ટી પ્લોટ પર ૪૧મો સમૂહ લગ્ન સમારંભ આયોજિત કરાયો હતો. સમૂહ લગ્નમાં ૪૪ યુગલોએ પ્રભુતામાં ડગલા માંડ્યા હતા. સમૂહ લગ્ન સમાજમાં રાણા સમાજના વિવિધ અગ્રણીઓએ નવદંપતિઓને સફળ લગ્નજીવનના શુભ આશિષ પાઠવ્યા હતા.

ડીંડોલીમાં મોબાઈલ ફોનની દુકાન તોડનાર ત્રણ પકડાયા

એક રંગેહાથ ઝડપાતા પોલીસે અન્ય બેને શોધી કાઢ્યા

સુરત

નવાગામ-ડીંડોલી રઘુકુલનગર ખાતે આવેલી એક મોબાઈલ ફોનની દુકાનનું શટર ઊંચુ કરી ચોરી કરવા જતા આરોપી રંગેહાથ ઝડપાઈ ગયો હોવાનો બનાવ ડીંડોલી પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ઉત્તર પ્રદેશના જોનપુર જિલ્લાના વતની અને હાલમાં નવાગામ-ડીંડોલી રઘુકુળ નગર ખાતે રહેતા કિષ્ણદેવ જૈસ્વાલની મોબાઈલ ફોનની દુકાન આ વિસ્તારમાં આવેલી છે. ગતરોજ બે અજાણ્યા ઈસમોએ દુકાનનું શટર ઉંચુ કરી ચોરી કરવાનો પ્રયાસ કરતા ઝડપાઈ ગયો હતો. પોલીસે કિશન મહાદેવ, રવિ બહેરા તથા સલીમ બહેરાની પોલીસે ત્રાણની ધરપકડ કરી હતી. પોલીસે મોબાઈલ ફોનની દુકાન તોડી મોબાઈળની ચોરી કરનાર ચોર ટોળકીને ઝડપી પાડતા અન્ય દુકાનમાં થયેલી ચોરીના ગુનાનો ભેદ ઉકેલાવાની પણ શક્યતા જણાય રહી છે.

જુગારના રોકડા રૂપિયા ૧૦૬૩૦નો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી અંકલેશ્વર શહેર પોલીસ



અંકલેશ્વર

વડોદરા રેન્જ પોલીસ મહાનિરીક્ષક અભયસિંહ ચુડાસમા તથા ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તરફથી જિલ્લામાં પ્રોહી તેમજ જુગારની અસામાજિક પ્રવૃત્તિ ચલાવતા ઈસમો વિરુદ્ધ કાર્યવાહી કરવાની સૂચનાને આધારે નાયબ પોલીસ અધિક્ષક એમ. પી. ભોજાણી, અંકશેવ્ર ડીવીઝનના માર્ગદર્શન હેઠળ અંકલેશ્વર શહેર પો. સ્ટે. વિસ્તારમાંથી પેટ્રોલિંગ દરમ્યાન મળેલ બાતમીના આધારે માંડવા ગામે દુર્લભ ટેકરી ફળીયામાં ખુલ્લી જગ્યામાં પત્તા પાના પૈસા વડે હારજીતનો જુગાર રમાય છે જેના આધારે રેઈડ કરતા (૧) વિજયભાઈ સોમાભાઈ વસાવા રહે. માંડવા ટેકરી, તા. અંકલેશ્વર જિ. ભરુચ (૨) અજયભાઈ છનાભાઈ વાઘેલા, રહે. અંદાડા રઘુવીરનગર સોસા., તા. અંકલેશ્વર, જિ. ભરુચ (૩) પરેશભાઈ રામસીંગભાઈ વસાવા, રહે. માંડવા ટેકરી ફળીયુ, તા. અંકલેશ્વર, જિ. ભરુચ (૪) ભીખાભાઈ રણછોડભાઈ માછી પટેલ, રહે. માંડવા, પટેલ ફળીયુ, તા. અંકલેશ્વર જિ. ભરુચ, (૫) પ્રવિણભાઈ સુકાભાઈ વસાવા , રહે. માંડવા, વાળંદ ફળીયુ, તા. અંકલેશ્વર, જિ. ભરુચ (૬) રાજેશ કાંતિભાઈ પટેલ, તા. અંકલેશ્વર, જિ. ભરુચ (૭) ઉમેશભાઈ ખુંડુભાઈ ચૌહાણ, માંડવા, ટેકરી ફળીયુ, તા. અંકલેશ્વર, જિ. ભરુચને ઝડપી પાડી તેમની પાસેથી ૧૦૬૩૦ રોકડા ઝડપી પાડી અટક કરી કાર્યવાહી હાથ ધરી છે. સદર કામગીરી પોલીસ ઈન્સ્પેક્ટર ઓ. પી. સીસોદીયા તથા અ. હે. કો. બીપીનભાઈ તથા અ. હે. કો. મનસુખભાઈ તથા અ. હે. કો. દિનેશભાઈ તથા પો. કો. રિષ્ધિસભાઈ, પો. કો. કિશોરભાઈ, પો. કો. ધનંજયસિંહ, પો. કો. નિમેષભાઈ તથા પો.કો. મહાવીરસિંહ દ્વારા પાર પડાઈ હતી.

ભટારમાં ભારત-ન્યૂઝીલેન્ડ મેચ પર સટ્ટો રમતા ચાર ઝડપાયા

અઠવા પોલીસે છ જુગારીઓને ઝડપી પાડ્યા

સુરત

પીસીબી પોલીસે ભટાર રોડ વસંત વિહાર કોમ્પ્લેક્ષના ફ્લેટમાં ભારત-ન્યૂઝીલેન્ડ મેચ ઉપર જુગાર રમાડતા ચાર જણાની ધરપકડ કરી રૂપિયા ૧.૩૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે અઠવા પોલીસે છ જુગારીની ધરપકડ કરી હતી.

પીસીબી પોલીસે મળેલી બાતમીના આધારે ભટાર રોડ, વસંતવિહાર કોમ્પ્લેક્ષ ફ્લેટ નં.૨૦૪માં દરોડા પાડ્યા હતા. આ ફ્લેટમાં ક્રિકેટ મેચ ઉપર જુગાર રમાતો હતો. પીસીબી પોલીસે સટ્ટા બેટિંગ રમાડતો ઈન્દ્રજીત છબીલદાસ ઘીવાલા, યશ અનિલકુમાર ગાંધી, મીહિર મહેશચંદ્ર ઘીવાળા, ભીષણ ઉર્ફે ગોપાલ બાટીયાની ધરપકડ કરી આરોપી વોન્ટેડ તપસ ઈન્દ્રજીત, દિપુ સિન્ધીને વોન્ટેડ જાહેર કર્યા હતા. તેમજ સ્થળ ઉપરથી પીસીબી પોલીસે લેપટોપ ૧૨ મોબાઈલ ફોન, રોકડા રૂપિયા ૩૦,૩૦૦ મળી કુલ રૂા.૧,૩૪,૮૦૦ની મતા કબજે કરી હતી.

જ્યારે અઠવા પોલીસે નાનપુરા મોહમંદી પેલેસ ઘર નં.૧/૪૦૩૭માં દરોડા પાડી જુગાર રમતા ઈમરાન મોહંમદ કુરેશી, એઝાઝ નૂર, સરફરાજ પઠાણ, સરફુદ્દીન સૈયદ, શેબાજ ગુલાબ, જુનેદ કુરેશીની ધરપકડ કરી પાંચ મોબાઈલ ફોન, રોકડા મળી કુલ રૂા.૪૩૧૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

વ્યાજે ધીરેલા રૂપિયાની વસૂલી કરવા મારી નાંખવાની ધમકી

રેતીની લીઝ માટે નાણાંનું ધિરાણ કર્યું અને લીઝ રદ થતા જંગી રકમ સલવાઈ ગઈ

સુરત

ડભોલી ચાર રસ્તા રાધા સ્વામી સોસાયટી ખાતે લીક્વીડ વેચવાનો વેપાર કરતા એક વેપારીને રેતીની લીઝ રાખવા માટે બે આરોપીઓએ નાણાં આપ્યા હતા. પરંતુ રેતીની લીઝ રદ થઈ જતા આરોપીઓ દ્વારા ફોન પર વ્યાજ સહિત આપેલા નાણાંની માંગણી કરી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ બોટાદ જિલ્લાના બરવાળા તાલુકાના વતની અને હાલમાં ડભોલી ચાર રસ્તા રાધા સ્વામી સોસાયટી ખાતે રહેતાં ગોવિંદ પટેલ લીક્વીડ વેચવાનો વેપાર કરે છે. આરોપી નરેશભાઈ ભોરણીયા જનકભાઈ વેળાવદર, હસમુખભાઈ, પરેશભાઈ તથા રાહુલભાઈ વગેરેઓએ રેલીની લીઝ રાખવા તેમને નાણાં આપ્યા હતા. પરંતુ લીઝ રદ થઈ જતા તેઓએ વ્યાજ સહિતના નાણાં પરત આપવાની માંગણી કરી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ડાંગમાં જીવન કૌશલ્ય શિબિરમાં ૪૦ તાલીમાર્થીઓએ ભાગ લીધો

સાત દિવસની શિબિર યુવકોનું ઘડતર કરાયું

આહવા

ડાંગ જિલ્લા નેહરૂ યુવા કેન્દ્ર દ્વારા ૧૧ ડિસેમ્બરથી ૧૭ ડિસેમ્બરના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે જીવન કૌશલ્ય શિક્ષિણ શિબિરનુ આયોજન કરવામાં આવ્યું હતું. સાત દિવસની આ તાલીમમાં કુલ ૪૦ શિબિરાર્થીઓએ ભાગ લીધો હતો.

શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય અંગે નેહરૂ યુવા કેન્દ્રના યુવા સંયોજક શ્રી અનુપ ઈંગોલેએ જણાવ્યું હતું કે જીવનની વાસ્તવિકતાઓમાં કેવી રીતે સામનો કરવો જોઈએ અને એકંદરે સુખાકારી જીવન માટે યોગ્યતાઓને પ્રોત્સાહન આપવાનો હેતુ છે.

આ શિબિરમાં પ્રો.હિતાક્ષી મૈસુરીયા, રમત-ગમત વિભાગ વિજ્ઞાન કોલેજ આહવાએ શારિરીક અને માનસિક રીતે આપણાં દૈનિક જીવનમાં રમતગમતના મહત્વ વિશે માર્ગદર્શન આપ્યું હતું. ડૉ.અંકિત રાઠોડ, મનોચિકિત્સક, સિવિલ હોસ્પિટલ,આહવા દ્વારા આત્મહત્યા રોકવા અંગે ચર્ચા કરી ગૃપ એકટીવીટી સેશન લીધુ હતું. સિવિલ હોસ્પિટલના મેડિકલ ઓફિસર ડૉ.રીતેશ બ્રહ્મભટ્ટ એ અકસ્માત,હાર્ટ એટેક,સાપના ડંખ વિગેરે કટોકટીની પરિસ્થિતિ દરમિયાન શું પગલા લેવાની જરૂર છે તેની ચર્ચા કરી હતી.

સામાજીક કાર્યકર શ્રી દત્તાત્રેય સાલુંકે સમય સંચાલન વિશે ચર્ચા કરી હતી. શ્રી અરવિંદ કોંકણી દ્વારા યોગ સત્ર યોજવામાં આવ્યું હતું. શ્રી નરેન્દ્ર રાઠોડ દ્વારા ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગે વિશેષ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. ફાયર બ્રિગેડ દ્વારા પ્રાયોગિક નિદર્શન કરવામાં આવ્યું હતું. જિલ્લા રોજગાર અધિકારીશ્રી વિનોદ ભોયેએ જીવનમાં લક્ષ્ય નિર્ધારણ વિશે માહિતી આપી હતી.

કાર્યક્રમના અંતિમ દિવસે રાજ્ય નિયામક નેહરૂ યુવા કેન્દ્ર સંગઠન ગાંધીનગર,ગુજરાત શ્રીમતિ મનીષા શાહ ઉપસ્થિત રહ્યા હતા. સ્ટેટ ડાયરેકટર શ્રીમતિ શાહે યુથ ક્લબ દ્વારા રાષ્ટ્ર નિર્માણ પ્રક્રિયામાં યુવાનો કેવી રીતે ભાગ લઈ શકે છે તે વિશે સુચારૂ માર્ગદર્શન આપ્યું હતું.

તા.૨ના રોજ ઉંટડીમાં વીર છત્રસિંહ ઉટેકરની પ્રતિમાનું અનાવરણ કરાશે

સામાજીક ન્યાય મંત્રી ઈશ્વરભાઈ પરમારમાં હાજરી આપશે

વલસાડ

માહયાવંશી કલ્યાણ ટ્રસ્ટા, બીલીમોરા આયોજિત સ્વા તંત્ર સેનાની વીર છત્રસિંહ ઉટેકની ૧૨૪મી જન્મત જયંતિ પ્રસંગે તેમને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા તથા તેમની ઐતિહાસિક યાદમાં ઉંટડી ગામ ખાતે તેમની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવશે. આ કાર્યક્રમ સામાજિક ન્યાયય અને અધિકારીતા વિભાગના મંત્રી ઈશ્વરભાઈ પરમારના અધ્યક્ષસ્થાને રવિવાર તા.૦૨-૦૨-૨૦૨૦ના રોજ સવારે ૦૯.૩૦ કલાકે છત્રસિંહ ઉટેકર ચોક, લોકવિદ્યાલય હાઈસ્કુલની સામે, ઊંટડી ડુંગરી તા. વલસાડ ખાતે યોજાશે. આ અવસરે મુખ્ય મહેમાન તરીકે વન અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકર ઉપસ્થિત રહેશે.

સમારંભના અતિથિવિશેષ તરીકે જિલ્લા પંચાયત પ્રમુખ મણિલાલ પટેલ, સાંસદ ડૉ.કે.સી. પટેલ, વલસાડ ધારાસભ્ય ભરતભાઈ પટેલ, બાંધકામ સમિતિ ચેરમેન આનંદભાઈ પટેલ, સામાજીક ન્યાય સમિતિ સભ્ય ભરતભાઈ અઠવાલીયા, તા. પં સભ્ય પ્રવિણાબેન પટેલ અને મહેશભાઈ પટેલ, ઊંટડી ગામના સરપંચ કલ્પયનાબેન પટેલ, ડુંગરી ગામના સરપંચ સમીરભાઈ પટેલ, બાળકલ્યાણ સમિતિ અધ્યક્ષ સોનલબેન સોલંકી, ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના સભ્ય હિતેશ સુરતી, લોકવિદ્યાલય હાઈસ્કુલના પ્રમુખ કમલેશ દેસાઈ, અગ્રણી અનિલભાઈ વાઘિયા હાજરી આપશે. આ પ્રસંગે દેશના સ્વતંત્રતા સેનાનીઓને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા જાહેર જનતાને ઉપસ્થિત રહેવા માહ્યાવંશી કલ્યાણ ટ્રસ્ટના મંત્રી જયંતિભાઈ રાઠોડ, પ્રમુખ ભુપેન્દ્ર ભાઈ સરતી તથા તમામ ટ્રસ્ટી અને સભાસદો દ્વારા નિમંત્રણ પાઠવાયું છે.

બેંગાલ સ્પોર્ટિંગ ક્લબ દ્વારા દેશભક્તિ ગીત સ્પર્ધા યોજાઈ

સુરત

બેંગાલ સ્પોર્ટિંગ યંગ આર્ટસ ક્લબ સુરત દ્વારા પંચમ ગ્રુપ ઓફ મ્યુઝિક જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગ્રેટર સુરત દ્વારા સુરતી મોઢવણિક યુવક મંડળ અડાજણ રાંદેર રોડ, સુરતના સૌજન્યથી સરિતા સાગર સંકુલ, અડાજણ સુરતમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે કરાવકે સીડી પર યોજાયેલ દેશભક્તિ-કોમી એકતાના ગીતોની ૨૯મી સ્પર્ધા ૨૦૨૦ના વિજેતાઓ તન્વીર પટેલ (ભરૂચ), શાનુખાન, ડૉ. રૂપેશ દવે, મુખ્તાર મીરઝા, ઉસ્માન પાનવાલા, સાજીદ મલેક, ટીશા ગુજરાતી, રાજેશ્વરીબેન (વલસાડ), ભૂમિકા, સંજય સેલાત સ્પર્ધકો હતા. નિર્ણાયકો હતા પંકજ શાહ અને કેતન દેસાઈ, એનાઉસર્સ અને આયોજકો હતા હરિશશાહ પ્રમુખ, મોહિન મલિક, અનિલ દલાલ, પરેશ ભાટીયા, રવિકુમાર અગલ શ્રીકુમાર રીદ્ધેશ્વર.

ચીમકુવા પ્રા.શાળામાં પ્રજાસત્તાક પર્વની ઉલ્લાસપૂર્વક ઉજવણી

ગણતંત્ર દિવસે વિવિધ કાર્યક્રમો યોજાયા

વ્યારા

પ્રાથમિક શાળા ચિમકુવા, તા.સોનગઢ, જિ.તાપી માં ૭૧ માં પ્રજાસત્તાક પર્વ ની દબદબાભેર શાનદાર ઉજવણી નિમિત્તે ત્રિવિધ કાર્યક્રમો યોજાયા હતા. હાલમાં જ પ્રખર રામાયણી પૂજ્ય મોરારીબાપુ ના હસ્તે ચિત્રકૂટ એવોર્ડ-૨૦૧૯ વિજેતા શાળાના ઉત્સાહી યુવાન આચાર્યશ્રી પ્રદિપકુમાર રમણભાઈ ચૌધરીના હસ્તે ધ્વજ વંદન કરવાનું ગ્રામજનોએ નક્કી કર્યું હતું. તેમજ શાળામાં બાળકો માટે શેડ તૈયાર કરી આપનાર દાતાનું સન્માન કરી ઋણ સ્વીકાર કરવામાં આવ્યો હતો.

આચાર્યશ્રી પ્રદિપકુમાર ચૌધરીએ ધ્વજને સલામી આપી દેશના જવાનો,દેશભક્તો અને આઝાદીના ધડવૈયાઓએ ચિંધેલ રાહે જવાની વાત કરી હતી.પર્યાવરણ બચાવી જીવનમાં પુસ્તકપ્રેમ રાખી પ્રચંડ પુરૂષાર્થ કરવાની સૌને હાકલ કરી હતી.

ત્યારબાદ શાળા પરિવાર,એસ.એમ.સી.,દુધ મંડળી તથા ગ્રામ પરિવારે ચિત્રકૂટ એવોર્ડ વિજેતા આચાર્યશ્રી પ્રદિપકુમારનું શાલ,શ્રીફળ અને પુસ્તક અને સ્મૃતિ ભેટ આપી અનોખુ સન્માન કર્યું હતું. ત્યારબાદ એન.આર.આઈ.દાતા શ્રી બાલકિષ્નાભાઈ પટેલ (શિકાગો) અમેરિકા નું પણ ગ્રામજનો દ્વારા શાલ,શ્રીફળ,સ્મૃતિ ભેટ આપી બહુમાન કરાયું હતું. પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં શાળાના બાળકોએ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા. મહાનુભાવોએ રૂા.૩૧૦૦ રોકડ પુરસ્કાર આપી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના આચાર્યશ્રીએ ચિત્રકૂટ એવોર્ડ સાથે મળેલ રકમમાંથી રૂા.૫૦૦૧/- શાળાના બાળકોના વિકાસ માટે અર્પણ કરી હતી. શાળા પરિવાર અને ગ્રામપરિવાર દ્વારા તમામ લોકો માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

શાળાના ઉપશિક્ષક શ્રી યતિનભાઈએ આભારવિધિ કરી હતી. ત્રિવિધ કાર્યક્રમમાં શાળા પરિવાર,ટીમ ચિમકુવાનો સુંદર સહયોગ સાંપડયો હતો. અંતમાં રાષ્ટ્રગીતના ગાન સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

વલસાડમાં ટ્રેનમાં પડી ગયેલા અજાણ્યાનું મોત

વલસાડ

વલસાડ જિલ્લાના સંજાણ રેલ્વેન સ્ટેરશન પુલ પાસે કોઈ ટ્રેનમાંથી પડી જતા કોઈ અજાણ્યો ઈસમને શરીરે ગંભીર ઈજાઓ સાથે ૧૦૮ એમ્યુરેલ લન્?સની મદદથી સંજાણથી ભીલાડ પી.એચ.સી ખાતે લાવી વધુ સારવાર માટે વલસાડ સીવીલ હોસ્પિલટલમાં રીફર કરવા માટે વલસાડ લઇ જતી વેળા ભીલાડ રેલવે ફાટક પાસે મરણ થયું હતું. આ મૃતકના વાલી વારસોએ ઉમરગામ પોલીસ સ્ટેવશનનો સંપર્ક સાંધવા પોલીસ ઈન્પેવાર કટર, ઉમરગામ દ્વારા જણાવાયું છે.

અવસાન - બેસણું



રાજપીપળા જિલ્લા માહિતી કચેરીના નિવૃત્ત સેવક પ્રવિણભાઈ છગનભાઈ મ્યાનગરના માતૃશ્રી ડાહીબેન છગનભાઈ મ્યાનગરનું તા. ૨૧/૧/૨૦૨૦ના રોજ ૮૦ વર્ષની જૈફ વયે અવસાન થયેલ છે.સ્વ.ડાહીબેન છગન ભાઈ મ્યાનગરનું બેસણું તા. ૨/૨/૨૦૨૦ને રવિવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે તેમના નિવાસ સ્થાન ૬૩, ગુજરાત હાઉસીંગ બોર્ડ,હરસિધ્ધિ માતા મંદિર પાછળ, રાજપીપળા ખાતે રાખવામાં આવ્યું છે.



પીરામણ ગામ પાસે આમલાખાડીમાં વહેતુ લાલ કલરનું પ્રદુષિત પાણી!



પર્યાવરણ વાદીઓ તરફથી જીપીસીબી ને ફરિયાદ કરાઈ : વાંરવાર ના બનતા બનાવો પાછળ કોણ?

પીરામણ ગામ પાસે થી પસાર થતી આમલાખાડી માં શુદ્ધ લાલ કલર નું પ્રદુષિત પાણી વહતું જણાયું હતું અને આ વારવાર ના આવા કૃત્યો થી સ્થાનિકો માં રોષ ફેલાયો હતો પર્યાવરણ વાદીઓ તરફથી આ બાબત ની ફરિયાદ જીપીસીબી અને નોટિફાઇડ ના અધિકારીઓ ને કરવામાં આવી હતી.

પ્રકૃતિ સુરક્ષા મંડળ ના સલીમ પટેલે જણાવ્યું હતું કે " પ્રદુષિત પાણી ને રોકવા સરકાર ના પરિપત્રો, સુપ્રીમ કોર્ટ ના અનેક હુકમો, NGT કોર્ટ ના હુકમો નું અનાદર થઈ રહ્યું છે. આ વિસ્તાર ના ભૂગર્ભ જળ ખરાબ થયા છે અને પર્યાવરણ ને ગંભીર નુકશાન થઈ રહ્યું છે. આમલા ખાડી માં પ્રદુષિત પાણી આવવા ના મુખ્ય બે શ્રોતો છે (૧) અંકલેશ્વર જીઆઇડીસી હદ વિસ્તાર માંથી વાલિયા ચોકડી પાસે થી આવતું પ્રદુષિત પાણી (૨) નોબલ માર્કેટ ની પાછળ થી પસાર થતી આમલા ખાડી માં ભંગાર ના વ્યાપારીઓ દ્વારા પ્રદુષિત બેગો ના ધોવાણ સાથે પ્રદુષિત રસાયણો ખાડી માં ઠાલવવા માં આવે છે. જેથી ખાડી માં પ્રદુષિત પાણી આવે છે . હાલ પણ આ પ્રદુષિત પાણી નોબલ માર્કેટ ની પાછળ થી જ આવતું દેખાઈ રહ્યું છે. અને આ હકીકત અમોએ જીપીસીબી ના અધિકારીઓ ને જણાવી યોગ્ય કાર્યવાહી કરવા અને આ કૃત્યો પર અંકુશ લગાવવા જણાવ્યું છે

નોટિફાઇડ ના અધિકારી શ્રી ચોહાણ સાહેબે જણાવ્યું હતું કે ફરિયાદ મળતા અમોએ તપાસ કરતા જાણવા મળ્યું છે હાલ નોટિફાઇડ વિસ્તાર માંથી પ્રદુષિત પાણી ખાડી તરફ જતું નથી અને ખાડી માં પદુષિત પાણી અન્ય વિસ્તાર તરફથી આવતું જણાય છે.

નર્મદામાં માતા-બાળ મરણ મુદ્દે ભાજપ-કોંગ્રેસે આરોગ્ય વિભાગની કામગીરી પર માર્યા ચાબખા

શુ નર્મદા જિલ્લા વિકાસ અધિકારી સરપ્રાઈઝ ચેકીંગ કરશે..?

નર્મદા જિલ્લા આરોગ્ય અધિકારીએ આગામી ૨૬મી જાન્યુઆરી સુધીમાં આરોગ્ય અધિકારીઓને પોતાના હેડ ક્વાર્ટર પર રહેવાની સગવડ કરવા કડક સૂચના આપી હતી.એ બાદ જો કોઈ ગેરહાજર જણાશે તો એમની વિરુદ્ધ કડક પગલાં ભરવાની ચીમકી પણ આપી હતી.હવે ૨૬મી જાન્યુઅરીની ડેડ લાઈન સમાપ્ત થઈ ગઈ છે.તો શું નર્મદા જિલ્લા વિકાસ અધિકારી અથવા આરોગ્ય અધિકારી આ મામલે કડક વલણ અપનાવી સરપ્રાઈઝ ચેકીંગ કરશે કે કેમ એ જોવું રહ્યું.બાકી જો આમનું આમ ચાલ્યું તો સ્થિતિ વધુ બગડશે એમા કોઈ બે મત નથી.

ડોક્ટરો નિયમિત આવે છે કે નહીં એ બાબતે જિલ્લાના વડાએ ખાસ ધ્યાન રાખવું જોઈએ : પી.ડી.વસાવા

ભરત શાહ દ્વારા
રાજપીપળા

નર્મદા જિલ્લામાં માતા મરણ અને બાળ મરણનો રેસિયો રાજ્યના અન્ય જિલ્લાઓ કરતા વધુ આવ્યો હોવાનું ખુદ નર્મદા જિલ્લા આરોગ્ય અધિકારીએ લેખિત પરિપત્ર કરી કબુલ્યું હતું. જિલ્લાના આરોગ્ય અધિકારી ડો. કે.પી.પટેલે એક પરિપત્ર પણ જાહેર કર્યો હતો.એમાં જણાવ્યું હતું કે નર્મદા જિલ્લાના આરોગ્ય અધિકારીઓ, કર્મચારીઓ તથા કરાર આધારિત આરોગ્ય કર્મીઓ સુરત, ભરૂચ, અંકલેશ્વર અને વડોદરાથી અપ ડાઉન કરતા હોવાથી તેઓ સમયસર ફરજ પર હાજર થતા નથી તથા પૂરતો સમય ફરજ બજાવતા નથી.જેથી નર્મદા જિલ્લાની આરોગ્યલક્ષી કામગીરી પર ગંભીર અસર પડી છે.૨૬/૧/૨૦૨૦ સુધી નર્મદા જિલ્લાના આરોગ્ય અધિકારીઓ અને કર્મચારીઓએ હેડ ક્વાર્ટર પર રહેવાની સગવડ કરવી પડશે.

તો નર્મદા જિલ્લાના માતા-બાળ મરણ મામલે સત્તાપક્ષ અને વિપક્ષ સામ સામે આવી ગયા છે જેમાં નર્મદા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને જિલ્લા ભાજપના હોદ્દેદાર શંકરભાઈ વસાવાએ જણાવ્યું હતું કે અંતરિયાળ વિસ્તારમાં આરોગ્ય કેન્દ્ર પર ગુજરાત સરકારે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ વાહનો આપ્યા છે.પણ છેલ્લા એક વર્ષથી એ ગાડીઓમાં ડીઝલ નથી અપાતું જેને કારણે આરોગ્ય અધિકારીઓ અને કર્મચારીઓ

સરકારે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ વાહનો આપ્યા છે પણ છેલ્લા એક વર્ષથી એ ગાડીઓમાં ડીઝલ નથી અપાતું : શંકરભાઈ વસાવા



નિદાન માટે જઈ શકતા નથી, તેઓ ફક્ત રસીકરણના દિવસે જ અંતરિયાળ વિસ્તારના પોતાની ગાડીઓ લઈને આરોગ્ય કેન્દ્રો પર આવે છે અને જતા રહે છે.અમુક વિસ્તારોમાં તો ડોક્ટરો નથી અને જ્યાં છે ત્યાં વાહનોની સગવડ નથી. ગુજરાત સરકારે તો સુવિધા કરી છે પણ એનો યોગ્ય ઉપયોગ નહિ થાય તો નર્મદા જિલ્લામાં આનાથી પણ ખરાબ પરિણામ આવશે.નર્મદા જિલ્લા આરોગ્ય વિભાગ ખાડે ગયેલી શાખા છે, અધિકારીઓ અંતરિયાળ વિસ્તારમાં વિઝીટ પણ કરતા નથી ખૂબ જ નિષ્કાળજી રખાય છે.નર્મદા જિલ્લા પંચાયત આ બાબતે કોઈ જ ધ્યાન નથી આપતું.અંતરિયાળ વિસ્તારના આરોગ્ય કેન્દ્રો ફક્ત અને ફક્ત નર્સ અને આયા વર્કરોના ભરોષે છે.અમુક ડોક્ટરો તો અન્ય શહેરો માંથી આવે છે અને એક દિવસ આવીને જતા રહે છે.નર્મદા જિલ્લાના આરોગ્ય વિભાગ ડોકટરોની અનિયમિતતા બાબતે કોઈ ધ્યાન નથી આપતું, કોઈક દિવસ જો સરપ્રાઈઝ ચેકીંગ થાય તો ઘણું બધું બહાર આવે એમ છે.

જ્યારે નાંદોદ વિધાનસભા કોંગ્રેસના ધારાસભ્ય પી.ડી.વસાવાએ જણાવ્યું હતું કે નર્મદા જિલ્લામાં માતા-બાળ મરણ બાબતે ખરેખર તો જિલ્લાના વડાએ ખાસ ધ્યાન રાખવું જોઈએ, ડોક્ટરો નિયમિત આવે છે કે નહીં એ બાબતે ચેકીંગ કરવું જોઈએ. જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં ઉઁઝ કેન્દ્રો પર ડોક્ટરો અને સ્ટાફને રહેવા માટે અને વાહનોની પણ સગવડો નથી તો સરકારે એ સગવડ પેહલા કરવી જોઈએ. જો વાહન જ નહીં હોય તો ડોક્ટરો કેવી રીતે જઈ શકે.પી.ડી.વસાવાએ એમ પણ જણાવ્યું હતું કે અમુક વિસ્તારોમાં ડોક્ટરોએ પોતાની ફરજ પ્રત્યે નિષ્કાળજી પણ છે જ.ઊંડાણના વિસ્તારમાં જો સરકાર રહેવાની વ્યવસ્થા કરે તો ડોક્ટરોએ ત્યાં ૨૪ કલાક હાજર રહેવું જોઈએ.

ભરૂચ દૂધધારા ડેરીના વહીવટ સામે નર્મદા જિલ્લાના સહકારી આગેવાને લગાવ્યા ગંભીર આક્ષેપ

કાર્યક્ષેત્ર બહારથી ટેન્કર દ્વારા દૂધ લાવી દૂધ મંડળીઓ પર પુરવઠો નંખાય છે. નર્મદા જિલ્લાની અંતરિયાળ દૂધ મંડળીઓ ઉપર અન્ય દૂધ મંડળીઓના નામે વેપારીઓ દ્વારા દૂધ નાંખવાનું ષડયંત્ર આચરાય છે સહિતના આક્ષેપ

ભરત શાહ
રાજપીપળા

ભરૂચ અને નર્મદા જિલ્લાના પશુપાલકો અને દુધ ઉત્પાદકો માટે ભરૂચ દૂધ ધારા ડેરી આશીર્વાદ સમાન છે.ભરૂચ દૂધધારા ડેરી થકી આજે બન્નેવ જિલ્લા ના દુધ ઉત્પાદકો અને પશુપાલકો રોજગારી મેળવી રહ્યા છે,ત્યારે નર્મદા જિલ્લાના સહકારી આગેવાન અને ભરૂચ દુધધારા ડેરીના પૂર્વ ડિરેકટર દિનેશભાઈ બારીયાએ ભરૂચ દુધધારા ડેરીના વહીવટ સામે ગંભીર આક્ષેપો સાથે તપાસ કરવાની નર્મદા જિલ્લાના રજિસ્ટ્રારને લેખિતમાં માંગ કરી છે.

નર્મદા જિલ્લાના સહકારી આગેવાન અને ધી નર્મદા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી,પોઈચાના ચેરમેન દિનેશ બારીયાએ ભરૂચ દુધધારા ડેરી મામલે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે એમના દ્વારા સિલેકટેડ દૂધ મંડળીઓ પર કાર્યક્ષેત્ર બહારથી ટેન્કર દ્વારા દૂધ લાવી દૂધ મંડળીઓ પર પુરવઠો નંખાય છે. નર્મદા જિલ્લાની અંતરિયાળ દૂધ મંડળીઓ ઉપર અન્ય દૂધ મંડળીઓના નામે વેપારીઓ દ્વારા દૂધ નાંખવાનું ષડયંત્ર આચરાય છે.તો બીજી બાજુ અમુક દૂધ મંડળી પાસે બી.એમ.સી યુનિટ ન હોવા છતાં બીલમાં એ નાણાનો ખર્ચ દૂધ બીલમાં ચૂકવાય છે. એવી દૂધ મંડળીનું છેલ્લા ૧૦ વર્ષનો રેકોર્ડ જોશો તો એવરેજ દૂધ રોજનું ૧૦૦-૧૫૦ લિટર સવાર સાંજનું આવતું હતું એ દૂધ હવે રોજનું ૧૦૦૦ લીટર પર કેવી રીતે પહોંચ્યું એની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ અને કસુરવારો સામે પગલાં ભરાવવા જોઈએ.આગામી સમયમાં નિયામક મંડળની ચુંટણીને ધ્યાનમાં રાખીને આ બધું કરવામાં આવે છે. આ તમામ મુદ્દે CBI અને SIT દ્વારા તપાસ થશે તો વધુ તથ્યો બહાર આવવાની સંભાવનાઓ રહેલી છે. અત્રે એ ઉલ્લેખનિય છે કે આ આક્ષેપો સાચા છે કે ખોટા એ તો તપાસ બાદ જ બહાર આવશે.પણ જો ખરેખર આમ ચાલતું હોય તો જિલ્લાના દુધ ઉત્પાદકો અને પશુપાલકો સાથે આ અન્યાય થતો હોવાનું જરૂર કહી શકાય.

ચૂંટણી આવે છે એટલે આવી વાહિયાત વાતો ફેલાવે છે, ડેરીમાં બધું નિયમ મુજબ ચાલે છે : ઘનશ્યામભાઈ પટેલ, ભરૂચ દુધધારા ડેરી ચેરમેન

આ બાબતે ભરૂચ દુધધારા ડેરીના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલે જણાવ્યું હતું કે થોડાક જ સમયમાં ચૂંટણી આવે છે એટલે આવી વાહિયાત વાતો ઉપજાવવાનો પ્રયાસ લોકો કરે છે.ડેરીમાં બધું નિયમ મુજબ થાય છે કઈ ખોટું ચાલતું નથી.જેને જ્યારે જોવું હોય ત્યારે ડેરીની ઓફિસમાં આવીને જોઈ શકે છે.હાલ અફવાઓની સિઝન ચાલુ થઈ છે.ડેરીની આ ચૂંટણીમાં અમે ફરીથી બહુમત સાથે જીતીશુ.

દૂધ વિભાગનું ઓડિટ કર્યા પછી સત્ય હકીકત બહાર આવશે :ડી.આર.મહાલા, નર્મદા જિલ્લા રજિસ્ટ્રાર

આ બાબતે નર્મદા જિલ્લા રજિસ્ટ્રાર ડી.આર.મહાલાએ જણાવ્યું હતું કે અમારી કચેરીને આ બાબતની અરજી મળી છે.દૂધ વિભાગનું ઓડિટ કર્યા પછી સત્ય હકીકત બહાર આવશે.એ બાદ એહવાલ સુપ્રત કરાશે, હાલમાં તો આ આક્ષેપો બાબતે અમે કઈ જ કહી શકીએ નહીં.

સમગ્ર શિક્ષા અભિયાનના કર્મચારીઓની વર્ષો જૂની લડતનો આખરે અંત આવ્યો, સરકારે નમતું જોખ્યું



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સમગ્ર શિક્ષા અભિયાનના કર્મચારીઓ છેલ્લા ઘણા વર્ષો થી સરકાર સામે લડત ચલાવી રહ્યા હતા આ લડતના મુદ્દાઓ માં સમાન વેતન સમાન કામ,કાયમી કરવા,અન્ય સરકારી કર્મચારીઓને મળવા પાત્ર લાભો મળવા જેવી માંગ હોય આ લડતમાં ગુજરાત ના સમગ્ર શિક્ષા અભિયાનના પ્રમુખ અમિતભાઈ કવિ સાથે નર્મદા જિલ્લો પણ જોડાયો હતો જેમાં નર્મદા જિલ્લા સમગ્ર શિક્ષા અભિયાનના પ્રમુખ હેમંતભાઈ બારોટ તેમજ તેમની ટીમે આ લડતમાં અમિતભાઈ કવી સાથે રહી ખભે ખભા મિલાવી કોઈ પણ ડર વિના સરકાર સામે લડત આપી ત્યારે અંતે સત્યનો વિજય થયો જેમાં સરકારે આખરે નમતું જોખી પગાર વધારો કર્યો.આમ ગુજરાત પ્રમુખ અમિત ભાઈ કવિના અથાગ પ્રયત્નો અને સાહસના કારણે આજે આ માંગ સ્વીકારાઇ હોવાનું વર્ષોની લડત બાદ જોવા મળ્યું માટે નર્મદા જિલ્લો અને સમગ્ર ગુજરાતના સમગ્ર શિક્ષા અભિયાન ના કર્મચારીઓ અમિતભાઈ કવિના આભારી છે તેમ નર્મદાના પ્રમુખ હેમંતભાઈ બારોટે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું.

વોર્ડ નં ૧૨માં ગેર કાયદે બાંધકામ તોડી પડાયું

સુરત

સેન્ટ્રલ ઝોનના ડે.કમિશનર અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનવિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૨, નોંધ નં.૨૬૪૦ વાળી મિલ્કતમાં મિલ્કતદારશ્રી અલ્પાબેન નૈમેષકુમાર જયતાપતથા અન્યો ધ્વારા સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથીતા.૨૯/૦૧/૨૦૨૦ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટીસ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત છઠ્ઠા માળે આશરે ૫૫૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ તથા૨૫૦ચો.ફુટ ચણતર કામ દુર કરવામાં આવેલ છે.

નર્મદા જિલ્લામાં ગર્ભવતી મહિલાઓ માટે સવલતો ઉપલબ્ધ હોવા છતાં ખો..ખો..ની રમત રમાતી હોવાની બુમ

ગાયનેક તબીબ,એનેસ્થીસિયા,બ્લડ સેન્ટર હોવા છતાં અમુક દવાખાનાના તબીબો પોતાની જવાબદારી માંથી છટકવા સગર્ભા મહિલાઓને રાજપીપળા સિવિલમાં રીફર કરી દેતા હોવાની બુમ



તાલુકા કક્ષાના દવાખાનાઓ પર બ્લડ સેન્ટર સહિતની સુવિધાઓ હોવા છતાં દર્દીઓ કેમ રાજપીપળા ધકેલાય છે..?

ભરત શાહ દ્વારા
રાજપીપળા

નર્મદા જિલ્લામાં ખાડે ગયેલું આરોગ્ય બાબતે નું તંત્ર દિવસે દિવસે વધુ બગડતું જાય છે ત્યારે ગર્ભવતી મહિલાઓ, બાળકોની તકલીફ બાબતે પણ નર્મદાના અમુક તાલુકા કક્ષાના સરકારી દવાખાનાનો વહીવટ કથળી રહ્યો હોય તેમ આરોગ્ય કેન્દ્રો ઉપર ફરજ બજાવતા તબીબો જાણે રીફર કરવા જ ત્યાં બિરાજમાન હોય એમ સરકારે તમામ સવલતો આપી હોવા છતાં ત્યાં દર્દી ઓની સારવાર ન કરી રાજપીપળા સિવિલ તરફ તગેડી મુકતા હોવાની બુમ ઉઠી છે.અમુક સરકારી દવાખાના ઓમાં બ્લડ સેન્ટર આપ્યા હોય ગર્ભવતી મહિલાઓ ડિલિવરી સમયે ખાસ લોહીની જરૂર જણાય તે માટે બ્લડ સેન્ટર ફાળવ્યા હોવા છતાં જરૂરિયાતમંદ મહિલાને રાજપીપળા રીફર કરાય છે.આમ પણ સગર્ભા મહિલાઓ કે જેમને ડિલિવરી સમયે દુખાવો થતાંજ તેઓ નજીકના દવાખાને જતા હોય પરંતુ ક્યારેક કટોકટી સમયે સુવિધા હોવા છતા સ્થાનિક દવાખાના ના તબીબો આવા દર્દીઓને રાજપીપળા રીફર કરી દેતા દર્દીની સાથે તેમના સગામાં પણ ગભરાટ ઉભો થાય છે.ત્યારે શું સરકારે ત્યાં આપેલી સુવિધાઓ ફક્ત નામ પુરતીજ છે..?



સૂત્રોના જણાવ્યા મુજબ ડેડીયાપાડા સરકારી દવાખાને ગાયનેકોલોજિસ્ટ ડોક્ટર,એનેસ્થેટિક અને બ્લડ ઉપલબ્ધ હોવા છતાં મહિને એવરેજ ૧૨ થી ૧૫ દર્દીઓ રાજપીપળા સિવિલમાં રીફર થાય છે. તો ત્યાં આપેલી સવલતો શુ કામની..?